## આજનો સુવિચાર

જો પોતાને શકિતશાળી સાબીત કરવા બીજાને દુઃખ દેવું પડે તો સમજી લેવું કે, તમે બહુ કમજોર છો !!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૧૬૯ જૂનાગઢ તા.૨૯-૦૬-૨૦૨૪ શનિવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 169, Junagadh : Date : 29 Jun, 2024, Saturday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

# લદાખમાં મોટી દુર્ઘટના : સૈન્ય અભ્યાસ દરમ્યાન નદીમાં પાણીનું સ્તર વધી જતાં પાંચ જવાન શહિદ

લેહ તા. ૨૯

લદાખના દૌલત બેગ ઓલ્ડિ વિસ્તારમાં નદી પાર કરવાની ટેન્ક પ્રેક્ટિસ દરમિયાન T-72 ટેન્ક અકસ્માતનો ભોગ બની હતી. નદીમાં પાણીનું સ્તર અચાનક વધવાને કારણે અકસ્માત સર્જાયો

## ભારત - ચીન સરહદે વાસ્તવીક અંકુશ રેખા સ્થિત દૌલત બેગ ઓલ્ડીમાં ટેન્કો સાથેનાં અભ્યાસ દરમ્યાન નદીમાં અચાનક પુર આવતા દુર્ઘટના સર્જાઈ

હતો. આ ઘટના વાસ્તવીક અંકુશ રેખા પાસે મંદિર મોર વિસ્તારમાં બની હતી, જેમાં એક અધિકારી સહિત પાંચ જવાનો શહીદ થયા છે. અત્યાર સુધી પ્રાપ્ત માહિતી અનુસાર, જ્યારે ટેન્ક નદી પાર કરી રહી હતી ત્યારે અચાનક નદીમાં પાણીનું સ્તર વધી ગયું હતું, જેના કારણે આ દુર્ઘટના સર્જાઈ હતી. આ ઘટના સવારે આજે ૩ વાગ્યાની આસપાસ બની હતી. પાંચેય મૃતદેહો મળી આવ્યા છે.

લદાખ ક્ષેત્રમાં ટેન્ક યુદ્ધાભ્યાસ દરમિયાન આર્મીના પાંચ જવાનો શહીદ થયા હતા. જે નદીમાંથી ટેન્ક પસાર થઈ રહી હતી તેમાં પાણીનું સ્તર અચાનક વધી જતાં આ અકસ્માત થયો હતો. લદાખ ક્ષેત્રના લેહ શહેરમાંથી સત્તાવાર સૂત્રોએ જણાવ્યું કે શુક્રવારે લાઈન ઓફ એક્ચુઅલ કન્ટ્રોલ નજીક દૌલત બેગ ઓલ્ડી વિસ્તારમાં ટેન્ક એકસરસાઈઝ દરમિયાન આ દુર્ઘટના સર્જાઈ હતી.



## ચાલુ જુન માસમાં સમગ્ર રાજયમાં વરસાદની ૩૯ ટકા ઘટ

અમદાવાદ તા. ૨૯

રાજયમાં અત્યાર સુધી સરેરાશ વરસાદ ૬.૮૫ ટકા છે. જૂનના અંત સુધીમાં સરેરાશ વરસાદ કરતાં ૩૯ ટકા વરસાદની ઘટ છે. માત્ર બે જિલ્લાઓ દેવભૂમિ દ્વારકા અને કચ્છને બાદ કરતાં રાજયના તમામ જિલ્લાઓમાં વરસાદની ઘટ છે. છેલ્લા ૧૦ વર્ષમાં જૂન મહિનામાં બીજી વખતનો સૌથી ઓછો વરસાદ છે. ૨૦૧૬માં જૂનમાં સરેરાશ માત્ર ૪.૬૧ ટકા વરસાદ જ થયો હતો. સૌથી વધારે ૨૦૨૩માં ૨૩ ટકા પડી ગયો હતો. ગત વર્ષેના આંકડાઓ પ્રમાણે, સરેરાશ વરસાદ કચ્છમાં ૭૬ ટકા વરસાદ થઈ ગયો હતો જેની સામે હવે ૧૩ ટકા જ છે

## દેશભરની બેંકો પર સાઈબર એટેકનો ખતરો : એલર્ટ જારી

મુંબઈ તા.૨૯

ભારતીય બેન્કીંગ ક્ષેત્ર પર સાઈબર એટેકનો ગંભીર ખતરો હોવાની ગંભીર બાતમી મળતા તમામે તમામ બેંકોને હાઈએલર્ટ પર મુકવામાં આવી છે અને ચોવીસ કલાક સીસ્ટમ પર દેખરેખ રાખવાની સુચના આપવામાં આવી છે. રિઝર્વ બેંક દ્વારા માર્ગદર્શીકા જારી કરવામાં આવી છે તેમાં એમ જણાવ્યુ છે કે સાઈબર એટેકનાં ગંભીર ખતરાને ધ્યાને રાખીને તમામ બેંકોને ચોવીસેય કલાક સીસ્ટમનું મોનીટરીંગ કરવાની સલાહ આપવામાં આવે છે. રસપ્રદ વાત એ છે કે દુનિયામાં અનેક મોટા સાઈબર એટેકમાં સામેલ લુલ્ઝ એક ગ્રુપે ભારતીય બેંકો પર સાઈબર એટેક માટે તોપ તાકી હોવાની પોસ્ટ સોશ્યલ મીડીયામાં વહેતી થઈ હતી અને તે સમયગાળામાં જ રીઝર્વ બેંકે માર્ગદર્શીકા જારી કરી છે.

## દેશની ૮૦ ટકા આરોગ્ય સેવાઓ નિમ્નકક્ષાની

નવી દિલ્હી તા. ૨૯ : દેશમાં લગભગ ૮૦ ટકા જાહેર આરોગ્ય સુવિધાઓ નિર્ધારિત ધોરણો મુજબ નથી. આ ચોંકાવનારો ઘટસ્ફોટ કેન્દ્ર સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલ સ્વ-મૂલ્યાંકન કવાયતમાં થયો છે. આ એકસાઈઝમાં નેશનલ હેલ્થ મિશન હેઠળ રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશો પાસેથી માહિતી માંગવામાં આવી હતી. કેન્દ્રને જાહેર આરોગ્ય સુવિધા હેઠળ ઉપલબ્ધ ડોકટરો, નર્સો અથવા મૂળભૂત તબીબી સાધનોની વિગતો ભરવા માટે કહેવામાં આવ્યું હતું. ૮૦ ટકા જાહેર આરોગ્ય સુવિધાઓ ખાડે ગઈ છે. માળખાકીય સુવિધાઓ, સાધનો, મેનપાવર વગેરે નિર્ધારિત માપદંડ પ્રમાણેના નથી. હવે કેન્દ્ર સરકારનો ટાર્ગેટ ૧૦૦ દિવસમાં ૭૦ હજાર સુવિધાઓને નિર્ધારિત ધોરણોવાળી બનાવવાનો છે.

## ટી-૨૦ વર્લ્ડકપ : આજે બાર્બાડોઝમાં ભારત - દ.આફ્રિકા વચ્ચે ફાઈનલ મુકાબલો : વરસાદ વિલન બનશે ?




બાર્બાડોઝ તા. ૨૯

આઈસીસી ટી-૨૦ વર્લ્ડ કપનો આજે ફાઈનલ મુકાબલો છે. વેસ્ટઈન્ડીઝનાં બાર્બાડોઝ ખાતે ભારતીય સમય મુજબ રાત્રે ૮.૦૦ વાગ્યાથી ભારત - દ.આફ્રિકા વચ્ચે ફાઈનલ જંગ ખેલાશે જેના માટે સમગ્ર વિશ્વનાં ક્રિકેટ પ્રેમીઓમાં ભારે ઉત્તેજના વ્યાપેલી છે. જો કે ફાઈનલ મેચ જીતવા માટે ટીમ ઈન્ડીયા હોટ ફેવરીટ મનાય છે. જો કે દ.આફ્રિકાની ટીમ પણ ડાર્કહોર્સ થવાની ક્ષમતા ધરાવે છે. આઈસીસી ટી-૨૦ ટુર્નામેન્ટમાં બંને ટીમોનો દેખાવ શાનદાર રહયો છે.

ભારતે તેની તમામ ૮માંથી ૮ મેચ જીતી લીધી છે. જયારે દક્ષિણ આફ્રિકાએ ૮માંથી ૭ મેચ જીતી છે. જયારે એક મેચ અનિર્ણાયક રહી હતી આમ પોઈન્ટની દ્રષ્ટીએ બંને ટીમો સક્ષમ છે ત્યારે જોવાનું એ રહે છે કે, આજનાં ફાઈનલ જંગમાં આઈસીસી ટી-૨૦ વર્લ્ડકપની ટ્રોફી કોણ લઈ જશે ?

ફાઈનલ મેચમાં વરસાદની મહત્તમ શકયતા છે. એક દિવસ પહેલાં પણ બ્રિજટાઉનમાં ભારે વરસાદ પડ્યો હતો.

ટૉસ બાદ પણ મેચ સમયસર શરૂ ન થાય તેવી પૂરી શકયતા છે. જો વરસાદના કારણે આ મેચ રમી શકાતી નથી, તો રિઝર્વ ડે એટલે કે ૩૦મી જૂને ફરીથી એ જ સ્ટેડિયમમાં રમાશે. જો ૩૦ જુને પણ વરસાદની સ્થિતિ રહેશે તો ૧ જુલાઈએ મેચ શીડયુલ થશે અને તે દિવસે પણ વરસાદ હશે તો ભારત અને દ.આફ્રિકા વચ્ચે ટી-૨૦ વર્લ્ડકપની ટ્રોફી શેર કરવામાં આવશે એટલે કે બંને ટીમોને સંયુકત વિજેતા જાહેર કરવામાં આવશે. તેવું જાણવા મળે છે.

## યુજીસી-નેટની પરીક્ષાની નવી તારીખો જાહેર : ઓનલાઈન લેવાશે

નવી દિલ્હી,તા.૨૯

યુજીસી નેટની તા.૧૮ જુનનાં રોજ લેવાનારી પરીક્ષાનું પેપર લીક થઈ ગયા બાદ આ પરીક્ષા રદ કરવામાં આવી હતી. જે બાદ આ વિવાદ વચ્ચે એનટીએ દ્વારા યુજીસી નેટની પરીક્ષાની નવી તારીખ જાહેર કરવામાં આવી છે. આ પરીક્ષા તા. ૨૧ ઓગષ્ટથી ૪ સપ્ટેમ્બર દરમ્યાન ઓનલાઈન લેવામાં આવશે. તો સીએસઆઈઆર નેટ પરીક્ષા માટે તા. ૨૫-૨૭ જુલાઈની તારીખ નકકી કરવામાં આવી છે.

રાષ્ટ્રીય પરીક્ષા એજન્સીએ પરીક્ષાની તારીખ જાહેર કરવા સાથે પેપરના ફોર્મેટમાં ફેરફાર કર્યો છે. હવે આ પરીક્ષા આ વર્ષે સીબીટી (કોમ્પ્યુટર આધારીત પરીક્ષા) લેવામાં આવશે જે પહેલા પેન અને પેપરના રૂપમાં લેવામાં આવતી હતી. નેટ પરીક્ષા તા.૨૭ ઓગષ્ટથી શરૂ થશે. બંને પરીક્ષા યુનિ.ઓ સહિતની શિક્ષણ સંસ્થાઓમાં લેકચરશીપ અને રીસર્ચ થેલોશીપ લેવા માંગતા ઉમેદવારો માટે ખુબ મહત્વની હોય છે. અગાઉ ઉપરોકત પરીક્ષા પેપર લીક સહિતના વિવાદો વચ્ચે રદ કરવામાં આવી હતી. તે બાદ ગઈકાલે પરીક્ષાની નવી તારીખો જાહેર કરી દેવામાં આવી છે. આ વખતે પરીક્ષા ૨૧ ઓગસ્ટથી ૪ સપ્ટેમ્બર વચ્ચે ઓનલાઈન લેવામાં આવશે. ઉલ્લેખનીય છે કે ચાલુ આ મહિનાની ૧૮ તારીખે યોજાનાર યુજીસી, નેટ પરીક્ષા પેપર લીકના સંકેતો મળ્યા બાદ શિક્ષણ મંત્રાલયે રદ કરી દીધી હતી.

## જુનનાં ૯ દિવસ દરમ્યાન વિશ્વનાં ૫૦૦ કરોડ લોકોએ ભીષણ ગરમીનો સામનો કર્યો : ભારતમાં ૬૨ કરોડ લોકોને અસર થઈ

નવી દિલ્હી, તા.૨૯: ચાલુ વર્ષ ૨૦૨૪માં જળવાયુ પરિવર્તનને કારણે, વિશ્વભરના લગભગ પાંચ અબજ લોકોએ જૂનમાં ૯ દિવસ સુધી તીવ્ર ગરમીનો સામનો કરવો પડ્યો. આમાં ભારતમાં સૌથી વધુ ૬૧.૯ કરોડ લોકો પ્રભાવિત થયા છે. અમેરિકા સ્થિત વૈજ્ઞાનિકોના સ્વતંત્ર જૂથ ક્લાઈમેટ સેન્ટ્રલના નવા વિશ્લેષણમાં આ વાત બહાર આવી છે.

ક્લાઈમેટ સેન્ટ્રલના ચીફ પ્રોગ્રામ ઓફિસર એન્ડ્રૂ પરશિંગે જણાવ્યું હતું કે, 'એક સદી કરતાં વધુ સમયથી કોલસો, તેલ અને કુદરતી ગેસ સળગાવવાથી આપણને ખતરનાક દુનિયા મળી ગઈ છે.' રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ૧૬-૨૪ જૂન વચ્ચે ૪.૯૭ અબજ લોકો ગરમીનો ભોગ બન્યા છે.

સાઉદી અરેબિયામાં વાર્ષિક હજ યાત્રા દરમિયાન ગરમી સંબંધિત બીમારીઓથી ઓછામાં ઓછા ૧,૩૦૦ લોકોના મોત થયા છે. અહીં કેટલાક શહેરોમાં તાપમાન ૫૦ ડિગ્રી સેલ્સિયસથી વધુ હતું. ક્લાઈમેટ સેન્ટ્રલના વિશ્લેષણમાં જાણવા મળ્યું છે કે મક્કા શહેરમાં ૧૮ મેથી દરરોજ વાતાવરણમાં થતા ફેરફારોને કારણે ઓછામાં ઓછું ત્રણ ગણું અને ૨૪ મેથી પાંચ ગણું વધારે તાપમાન જોવા મળ્યું હતું. ક્લાઈમેટ ચેન્જ સાઉદી અરેબિયામાં ગરમીના મોજામાં ૨.૫ ડિગ્રી સેલ્સિયસ સુધી વધારો કરી શકે છે.

## અમેરીકાનાં ધાર્મિક સ્વાતંત્રતા અહેવાલની ભારત સરકારે કડક ટીકા કરી : વિદેશી દખલ અસ્વીકાર્ય

નવી દિલ્હી તા. ૨૯

ભારતે યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટના 'રિલિજિયસ ફ્રીડમ ૨૦૨૩' રિપોર્ટને 'અત્યંત પક્ષપાતી' ગણાવીને ફગાવી દીધો છે. ભારતે કહ્યું છે કે આ રિપોર્ટ ભારતના સામાજિક માળખાની યોગ્ય સમજણનો અભાવ દર્શાવે છે. બુધવારે જારી કરાયેલા યુએસ રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ભારતમાં અપ્રિય ભાષણ, ધર્માંતરણ વિરોધી કાયદા, ઘરો અને લઘુમતી લોકોના પૂજા સ્થાનો તોડી પાડવાના બનાવોમાં ચિંતાજનક વધારો થયો છે. હવે વિદેશ મંત્રાલયે અમેરિકન રિપોર્ટ પર સખત ઠપકો આપ્યો છે.વિદેશ મંત્રાલયના પ્રવકતા રણધીર જયસ્વાલે કહ્યું, 'અમે યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટના ૨૦૨૩ માટેના આંતર રાષ્ટ્રીય ધાર્મિક સ્વતંત્રતા રિપોર્ટની નોંધ લીધી છે. અગાઉની જેમ આ અહેવાલ પણ અત્યંત પક્ષપાતી છે, ભારતની સામાજિક સમજણનો અભાવ છે અને મત બેંક પ્રેરિત છે, તેથી અમે તેને નકારીએ છીએ.

વિદેશ મંત્રાલયે અહેવાલની ટીકા કરતા કહ્યું કે 'અહેવાલ આક્ષેપો, ખોટી રજૂઆતો, તથ્યોની પસંદગીયુક્ત પસંદગી, પક્ષપાતી સ્ત્રોતો અને મુદ્દાઓનું મિશ્રણ છે.' રણધીર જયસ્વાલે વધુમાં જણાવ્યું હતું કે આ અહેવાલ ભારતની બંધારણીય જોગવાઈઓ અને કાયદાઓને ખોટી રીતે રજૂ કરે છે, પૂર્વનિર્ધારિત કથાને પ્રોત્સાહન આપવા માટે પસંદગીના બનાવોને હાઈલાઈટ કરે છે અને ભારતની કાનૂની અને કાયદાકીય પ્રક્રિયાની માન્યતા પર સવાલ ઉઠાવે છે.

## ૮૧ વર્ષીય યેદિયુરપ્પાએ સગીર યુવતિની છેડતી કરી હોવાનાં આરોપ સાથેની ચાર્જશીટ દાખલ

બેંગલુરૂ તા. ૨૯

કર્ણાટકના ૮૧ વર્ષીય પૂર્વ સીએમ યેદિયુરપ્પા દ્વારા ગત તા.૨ ફેબ્રુઆરીનાં રોજ બેંગલુરુના સંજયનગર સ્થિત તેમના રહેઠાણે ૧૭ વર્ષીય યુવતીના યૌનઉત્પીડનના કેસમાં ચાર્જશીટ દાખલ થઈ ગઈ છે. ૨૭ જૂને બેંગલુરુની એક અદાલતમાં દાખલ આરોપ પત્રમાં સીઆઈડીએ કહ્યું કે સગીરનો ફોન ક્ષતિગ્રસ્ત હોવા છતાં ફોરેન્સિક તકનીકની મદદથી મહત્ત્વપૂર્ણ વીડિયો મેળવી શકાશે. સીઆઈડી દ્વારા દાખલ આરોપપત્ર અનુસાર યેદિયુરપ્પા વિરુદ્ધ યૌનઉત્પીડન કેસમાં સગીર પીડિતા દ્વારા લેવાયેલા વીડિયો રેકોર્ડિંગ મહત્ત્વપૂર્ણ પુરાવો છે.

પૂર્વ સીએમ યેદિયુરપ્પાએ સગીર યુવતી સાથે કથિત રીતે ત્યારે મારપીટ કરી જ્યારે તે અને તેની માતા ૨૦૧૫ના એક અન્ય યૌનઉત્પીડન કેસમાં સહાય માંગવા તેમની પાસે ગયાં હતાં, જેમાં યુવતી અને તેના પિતરાઈ ભાઈ સામેલ હતો. યેદિયુરપ્પા યુવતીને પૂછપરછના બહાને એક રૂમમાં લઈ ગયા અને તેની સાથે મારપીટ કરી. યેદિયુરપ્પાના ઘરેથી નીકળ્યા પછી યુવતીએ કોફી શોપમાં તેની માતાને ઘટના વિશે જણાવ્યું. પછી તે યેદિયુરપ્પાના ઘરે તેની સાથે લડવા પાછી ફરી. આ દરમિયાન ૧૭ વર્ષીય યુવતીએ યેદિયુરપ્પાએ થયેલી હાથાપાઈને રેકોર્ડ કરી.

### સમાચાર રાઉન્ડ અપ

- ગુજરાત - મહારાષ્ટ્રમાં ત્રણ સ્થળોએ એનઆઈએનાં દરોડા
- બિહારમાં છેલ્લા ૧૦ દિવસમાં પુલ ધરાશયી થવાની પાંચમી ઘટના
- નાની બચત યોજનાઓનાં જુના વ્યાજદર યથાવત
- ૧ જુલાઈથી વહનચાલકોને ડામ : ફાસ્ટેગ સાથે સંકળાયેલી સેવાઓ પર સર્વિસ ચાર્જ લાગશે.

સી. સી. પડદાવાળા

● ફર્નિચર ● વોલ પેપર ● પડદાનું કાપડ
● ફર્નિચર માલ ● મેટ્રેસ ● ઓફિસ કેર્ટન
● પ્લાયવુડ ● પીલો ● મોડયુલર કિચન
● હેન્ડલ
● પડદા
● સોફા
● સોફા માલ

પડદા, સોફા, ફર્નિચર વ્યાજબી ભાવે કરી આપવામાં આવશે

તળાવ ગેઈટ, રેલ્વે ક્રોસીંગ, ૧લો માળ, સયુબ ચેમ્બર સામે, જૂનાગઢ - ૩૬૨૦૦૧
મો. ૯૯૭૮૬ ૫૪૧૫૫

છેલ્લા દિવસો... છેલ્લી તક...
ખરીદી કરવા જરૂર પધારો નહીંતર અફસોસ....
ડોકટર એપ્રોન (લેબકોટ)
કોટન વ્હાઈટ તેમજ રંગીન
બધી સાઈઝનાં માત્ર રૂા. ૧૦૦/-
દરેક સ્કુલ યુનિફોર્મ તેમજ કાપડમાં ૫૦% વળતર મળશે
બોમ્બે બજાર
જૂજ માલ જ હોય આ ભાવમાં પછી મળશે નહી
ત્રીજા માળે, જેનીલી શોપીંગ સેન્ટર
મો. ૯૪૨૯૩ ૨૦૮૦૫

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
● મરચું
● હળદર
● ધાણાજીરૂ
● ગરમ મસાલો




સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૮માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા....




પીઆરપી ટ્રીટમેન્ટ ફોર હેર ગ્રોથ
ડો. કેયુર ચોવટીયા
M.B., D.V.D. (SKIN)
CONSULTANT
DERMATOLOGIST AND
COSMEROLOGIST
ન્યુ લુક
● સ્કીન ● કોસ્મેટીક ● ફિટનેસ
બીજો માળ, જે.બી. કોમ્પ્લેક્ષ, બસસ્ટેશનની સામે, શિવ શકિત ટ્રાવેલ્સ વાળી ગલી - જૂનાગઢ
મો.૬૩૫૩૩ ૮૩૬૨૬

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૮માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા....
જૂનાગઢ તથા ગિર સોમનાથ જીલ્લાનું સર્વપ્રથમ
અને અત્યાધુનિક સુવિધાયુકત
ટેસ્ટ ટ્યુબ બેબી સેન્ટર અને ગાયનેક હોસ્પિટલ
અર્થ
ટેસ્ટ ટ્યુબ બેબી સેન્ટર
ગાયનેક હોસ્પિટલ
ડો. ડી.ડી. ભાદરકા M.S. (ગાયનેક)
ડો. મનિષા ડી. ભાદરકા B.H.M.S.
● વંધ્યત્વ નિવારણ કેન્દ્ર ● CLASS 100 MODULAR IVF LAB.
● લેપ્રોસ્કોપી નિદાન તથા સારવાર ● 3D/4D સોનોગ્રાફી
● હાઈ રિસ્ક પ્રેગનન્સી યુનીટ ● પ્રસૂતિ વિભાગ
એપોઈન્ટમેન્ટ : ૮૪૦૧૫ ૪૧૦૦૭ / ૯૫૫૮૦ ૫૫૬૮૪
ઝાંઝરડા બાયપાસ ચોકડી પાસે, ગોલ્ડન ટ્રેડ સેન્ટર પાછળ, જૂનાગઢ

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

# જૂનાગઢ રથયાત્રા મહોત્સવ સમિતિ દ્વારા ૨૦મી જગન્નાથજી રથયાત્રાનું આયોજન : તડામાર તૈયારી



જૂનાગઢ, તા.૨

જૂનાગઢમાં ગંધ્રપવાડા વિસ્તારમાં પ્રાચીન જગન્નાથજી મંદિર આવેલું છે જેમાં જગન્નાથજી રથયાત્રા મહોત્સવ સમિતિ દ્વારા દર વર્ષે અષાઢી બીજના દિવસે ભગવાન જગન્નાથજીની રથયાત્રાનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે પણ ૨૦મી રથયાત્રાનું આયોજન કરવામાં આવેલ છે. આ મહોત્સવ અંતર્ગત તા.૫ થી૭ જુલાઈ ત્રણ દિવસ સુધી વિવિધ કાર્યક્રમો યોજાશે. જગન્નાથજી મંદિરે યોજાનાર કાર્યક્રમમાં પ્રથમ દિવસે તા.૫ જુલાઈના સવારે ૯ થી બપોરે ૪ વાગ્યા સુધી વિષ્ણુયાગ યજ્ઞ, રાત્રે સત્યનારાયણ ભગવાનની કથા, અષાઢી બીજની પૂર્વ સંધ્યાએ તા.૬ને શનિવારે રાત્રે સ્વ. મુકુંદભાઈ સૂચક આયોજિત રાધાકૃષ્ણ ભક્તિ સંગીત ગ્રુપ દ્વારા ભજન સંધ્યાનો કાર્યક્રમ યોજાશે તેમજ તા.૭ જુલાઈને રવિવારે અષાઢી બીજના દિવસે સવારે ૭ થી ૧૧ વાગ્યા સુધી ભગવાનનું શાહી સ્નાન, બીજ હાંડી ભોગ આરતી ત્યારબાદ બપોરે ૩ કલાકે સંતો મહંતો, રાજકીય, સામાજિક આગેવાનો, મહિલા મંડળોની ઉપસ્થિતિમાં 'જય રણછોડ માખણચોર'ના નાદ સાથે ૨૦મી રથયાત્રાનું પ્રસ્થાન કરાવાશે. ભગવાન જગન્નાથ, ભાઈ બલરામના રથને પુરૂષો, બહેન સુભદ્રાજીના રથને મહિલાઓ દ્વારા દોરડા વડે ખેંચવામાં આવશે. સાંજે રથયાત્રા સંપન્ન થયા બાદ મંદિરે મહાઆરતી યોજવામાં આવશે.

વિશેષમાં આ જગન્નાથ જી મંદિર અંદાજે નવાબી શાસન કાળનું છે. અહીં એક સમયે તપસ્વી સાધુ શ્રી ગટ્ટારામબાપુ સેવા કરતા હતા અને તેના સમય કાળમાં હાંડી પ્રસાદ (મટકીમાં પ્રસાદ ) બનતો હતો અને ભાવિકોના કથન મુજબ બન્યા બાદ મટકીના ચાર ભાગ થઈ જાતા હતા. કોઈ સમયે આ રથયાત્રા બળદ ગાડામાં કાઢવામાં આવતી હતી જેનો રૂટ હતો દામોદર કુંડથી મંદિરનો હતો. ભગવાનનાં ત્રણેય સ્વરૂપ કલ્પવૃક્ષ નામક ઝાડમાંથી બન્યાનું જણાય છે આજે પણ સત્ય બાબત કહીં શકાય કે મૂર્તિમાં કોઈ જાતની ખરોચ નથી આવી. બધા ભગવાનમાં માત્ર જગન્નાથ સ્વરૂપ એવું છે જેનાં હાથ અર્ધ છે. નગર યાત્રાએ નીકળવાનું મુખ્ય કારણએ કે જે ભાવિકો શરીરથી દુર્બળ, લુલા, લંગડા અને અંધ હોય તેને ભગવાન સામે ચાલીને અર્થાત : રથયાત્રા દ્વારા નીકળે છે.

આ ૨૦મી રથયાત્રાના કાર્યક્રમને સફળ બનાવવા જગન્નાથજી રથયાત્રા મહોત્સવ સમિતિના પ્રમુખ મોટા પીરબાવા મહંત તનસુખગીરીજી બાપુ ના માર્ગદર્શન હેઠળ મહોત્સવ સમિતિના મનસુખભાઈ વાજા, નવનીતભાઈ શાહ, વિજયભાઈ કિકાણી, રાજેન્દ્રભાઈ ચુડાસમા જનકભાઈ પુરોહિત ,નલાભાઈ કોટેચા ,શૈલેષભાઈ પારેખ, બીપીનભાઈ ભટ્ટી, વિરેનભાઈ શાહ, પ્રફુલભાઈ પોપટ જયેશભાઈ કુબાવત સહિત જગન્નાથજી રથયાત્રા સમિતિના તમામ સભ્યોની ટીમ તડામાર તૈયારીઓ કરી રહી છે.

### રથયાત્રાના રૂટમાં ફેરફાર

રવિવારે બપોરે જગન્નાથજી મંદિરેથી પ્રસ્થાન થનાર રથયાત્રા સેજના ઓટા, લીમડા ચોક, જનતા ચોક, દિવાન ચોક, માલીવાડા રોડ, પંચહાટડી ચોક, આઝાદ ચોક, વણઝારી ચોક, રાણાવાવ ચોક, કાળવા ચોક,દાતાર રોડ, કડીયાવાડ મેઈન રોડથી ભીડભંજન મંદિરે થઈ જગન્નાથજી મંદિરે પરત ફરશે.દર વર્ષે કાળવા ચોકથી જવાહર રોડ પહોંચતી રથયાત્રા આ વર્ષે દાતાર રોડથી કડિયાવાડ તરફના રૂટમાં વધારો કરવામાં આવ્યો છે.

# જૂનાગઢ : ૧૯૭૫માં કટોકટી દરમ્યાન મીસામાં (જેલ)માં ગયેલ આગેવાનો તથા કાર્યકરોનો સન્માન સમારંભ યોજાયો



જૂનાગઢ તા.૨૯

અધિવકતા પરિષદ અને અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ જુનાગઢ શાખા ધ્વારા તા.૨૫-૬-૨૪ નાં રોજ ૧૯૭૫ માં મીસામાં (જેલમાં) અગિયાર માસ ગયેલ માજી ધારાસભ્યશ્રી મહેન્દ્રભાઈ મશરૂ, એડવોકેટશ્રી નાથાભાઈ મોરી, એડવોકેટશ્રી કિશોરભાઈ કોટક, શ્રી મહેન્દ્રસિંહ પઢીયાર, શ્રી સૂખદેવસિંહજી આયલીંઘાણી નું હારતોરા તથા શાલ ઓઢાડી સન્માન કરવામાં આવેલ.

આ કાર્યક્રમમાં જુનાગઢ બાર એસોસીએશનના એકસો થી વધારે એડવોકેટશ્રીઓ તથા વિદ્યાર્થી પરિષદના પ્રોફેસરો, કાર્યકર્તાઓ—જુદી જુદી સંસ્થાના આગેવાનો કાર્યકર્તાઓ વિશાળ સંખ્યામાં હાજર રહેલ.

શરૂઆતમાં ભારતમાતાને તથા શ્રી રામ ભગવાનની પ્રતિમાં સમા દિપ પ્રગટાવી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવેલ બાદ સન્માન સમારંભમાં હાજર રહેલ મીસાવાસી આગેવાનો તથા કાર્યકર્તાઓનું સ્વાગત વિદ્યાર્થી પરિષદ પ્રદેશના ઉપપ્રમુખશ્રી પ્રો.શ્રી રાજેશભાઈ ડોડીયા ધ્વારા કરવામા આવેલ જુનાગઢ માંથી કુલ છવીસ આગેવાનો તથા કાર્યકર્તાઓની મીસામાં ધરપકડ કરી શરૂઆતમાં પાંચ માસ ભૂજ જેઈલમાં લઈ જવામાં આવેલ. બાદ આગેવાનોને સાબરમતી જેલમાં મોકલવામાં આવેલ તેમજ વિદ્યાર્થીઓને ભાવનગર જેલમાં મોકલી આપેલ જયાં છ માસ રાખવામાં આવેલ આ રીતે કુલ અગિયાર માસ મીસામાં (જેલમાં) કટોકટી દરમ્યાન જનસંઘવિદ્યાર્થી પરિષદ રાષ્ટ્રિય સ્વયંસેવક સંઘના ગુજરાતના આઠસો કાર્યકર્તાઓનું ધરપકડ કરવામાં આવેલ. દેશ ભરમાં હજારો આગેવાનો—કાર્યકર્તાઓ ને મીસામાં પકડી જેલમાં મોકલી આપેલ. જુનાગઢના છવીસ આગેવાનોમાંથી છ થી સાત આગેવાનો હયાત છે. બાકીના આગેવાનો ઉંમરના કારણે સ્વર્ગવાસ થયેલ છે. તેઓને આજના દિવસે યાદ કરવામાં આવેલ.

શ્રી નાથાભાઈ મોરીએ જણાવેલ કે ભૂજ જેલમાં જૂનાગઢ—ભૂજ કચ્છ તથા રાજકોટ જીલ્લાના એંસી મીસાવાસીઓને એક જ બ્રેક(રૂમમાં) રાખવામાં આવેલ. કોઈ સંડાસ-બાથરૂમની સગવડ હતી નહી. ભોજન પણ બરાબર ન હતું. મીસાવાસીના સગા જેલમાં મૂલાકાત માટે આવતા તો જેલ અધિકારી સામે જ બેસી રહેતા જેથી મીસાવાસી મુલાકાતી સગાને પોતાની યોગ્ય રીતે વાત પણ ન કરી શકતા. ભૂજ જેઈલમાંથી પાંચ માસ બાદ ભાવનગર જેલમાં મોકલવામાં આવેલ જયાં જેલ અધિકારી સારા હતા. તેથી મીસાવાસીઓને રહેવામાં—જમવામાં તથા મુલાકાતીઓને સગવડ સારી મળતી. ભાવનગર જેલમાં છ માસ રહેલ બાદ લોકસભાની ચુંટણી જાહેર થતા તમામ મીસાવાસીઓને જેલમાંથી મૂકત કરવામાં આવેલ. ભાવનગર જેલમાં મોટા ભાગના વિદ્યાર્થી પરિષદ તથા સંઘના યુવાન કાર્યકર્તાઓ મળી એંસી મીસાવાસી હતા.

મૂખ્ય વકતા કિશોરભાઈ કોટકે ૧૯૭૫ ની કટોકટી થી દેશમાં લોકશાહીને સરકારે ગળાટુપો દીધેલ, સામાન્ય નાગરિક પોતાની વાણીનો યોગ્ય રીતે ઉપયોગ કરી શકતા ન હતા. છાપામાં સેન્સરશીપ હતી તેમજ આકાશવાણીમાં સેન્સરશીપ હોવાથી સરકાર કહે તે જ છાપામાં અને દૂરદર્શનમાં સમાચાર આવતા.

૧૯૭૫ માં સરકારશ્રીએ વટહુકમ બહારપાડી રાતના બાર વાગે કટોકટી જાહેર કરી વિપક્ષના હજારો કાર્યકરોને રાતોરાત કોઈ પણ જાતની જાણ કર્યા વગર ધરપકડ કરી મીસામાં (જેલમાં) મોકલી દીધેલ.

અઢાર માસ બાદ લોકસભાની ચુંટણી જાહેર કરવામાં આવેલ જેમાં તમામ વિપક્ષ મા.શ્રી જયપ્રકાસ નારાયણની આગેવાનીમાં એક થઈ ''જનતા મોરચો'' બનાવેલ. જેમાં જનતા મોરચાની સરકાર આવેલ અને સતાધારી પક્ષ તે સમયના વડાપ્રધાન સ્વ. ઈંદીરા ગાંધીનો પરાજય થયેલ. અને સ્વ.મોરારજી દેસાઈ વડાપ્રધાન તરીકે ચુંટાયેલ. અતિથિ વિશેષ તરીકે હાજર રહેલ ધારાસભ્ય રી સંજયભાઈ કોરડીયાએ પ્રાસંગીક પ્રવચન કરતા જણાવેલ કે કટોકટીમાં મીસામા (જેલમાં) ગયેલ આગેવાનો-કાર્યકરોના પરિશ્રમ અને ભોગથી આજે અમો સતામાં છીએ. હેરાન-પરેશાન મીસામાં ગયેલ આગેવાનો થયેલ અને તેના ફળ વર્તમાન સરકારના આગેવાનો ભોગવે છે. મીસાવાસીઓના સન્માન કાર્યક્રમના આયોજકોને અભિનંદન આપેલ.

પ્રભૂખ સ્થાનેથી સીનીયર એડવોકેટ પી.ડી.ગઢવીએ પ્રાસંગીક પ્રવચન કરેલ. આભારદર્શન અધિવકતા પરિષદ જુનાગઢના પ્રમુખ મહેશભાઈ લાખાણીએ કરેલ.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંઘના જુના સ્વયંસેવક અને માધવ કો.ઓ.સોસાયટીના જન.મેનેજર શ્રી દિનેશભાઈ ભટ્ટે કરેલ.

આ સન્માન સમારંભમાં જુનાગઢ શહેરના અગ્રણીઓમાં પ્રો. ઉનડકટ , બારના પ્રમુખ જયદેવભાઈ જોશી, બારના માજી પ્રમૂખ ભાવેશભાઈ ઝીંઝુવાડીયા, ધીરૂભાઈ કુંભાણી, સીનીયર એડવોકેટશ્રી એન.બી. મુલચંદાણી, ધર્મેન્દ્રભાઈ વોરા, પોપટભાઈ મુળીયા, એ.બી. ભટ્ટ, પંકજભાઈ હીરપરા સહીત એકસો થી વધારે વકીલશ્રીઓ હાજર રહેલ.

વિદ્યાર્થી પરિષદ-જૂનાગઢના હોદેદારો તથા માજી-કાર્યકરા ચંદ્રેશભાઈ હેરમા પલ્લવીબેન ઠાકર વિગેરે વીસથી બાવીસ કાર્યકરો હાજર રહેલ.

આ સિવાય શહેરમાંથી આગેવાનો સંઘના કાર્યકર્તાઓ વિશાળ સંખ્યામાં હાજર રહેલ.

# દીવના કુદમ નજીકથી ત્રણ દિવસ અગાઉ દરીયામાં તણાઈ ગયેલ મહિલાનો મૃતદેહ કોટડા બંદર નજીકથી મળ્યો

(અલ્તાફ મુગલ દ્વારા)

કોડીનાર તા.૨૯





દીવના કૂદમ ખાતે ગંગેશ્વર મહાદેવ મંદિર નજીક દીવ ના ઘોઘલા ની મહિલા દરિયામાં ડુબી ગયા બાદ ગઈકાલે ત્રીજા દિવસે મહિલા નો મૃતદેહ મળી આવ્યો હતો.

દીવના દરિયામાં જે મહિલા અકસ્માતે પડી ગયા હતા તેઓનું પાર્થિવ દેહ ગુજરાતના કોડીનાર કોટડા દરિયાકાંઠેથી મળ્યો હતો.

તારીખ ૨૮ કેન્દ્રશાસિત પ્રદેશ દિવના દરિયામાં ત્રણ દિવસથી ઘોઘલાના કલ્પનાબેન દિવેશભાઈ સોલંકી નામના મહિલા અકસ્માતે દરિયામાં પડી ગયા હતા તેઓનો મૃતદેહ ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના ગામ કોટડા બંદર ના દરિયાકાંઠેથી આજે સવારના મળી આવ્યો હતો.છેલ્લા ૫૦ કલાકથી કલ્પનાબેનની કોસ્ટ ગાર્ડ ના ચોપર હેલીકોપટર અને ડ્રોન કેમેરાથી પણ શોધખોળ હાથ ધરાય હતી. જો કે મહિલા ની લાશ તરતા તરતા કોટડા દરિયા સુધી પહોંચતાં કોટડા ના પૂર્વ સરપંચ બાબુભાઈ સોમાભાઈ બારૈયા સહિત સ્થાનિક લોકો એ ફોન કરતા કોડીનારના સેવાભાવી સંસ્થા ગુરૂનાનક તેમજ હરિૐ સેવા ટ્રસ્ટના રમેશભાઈ બજાજ અને જે.કે મેર ને ફોન કરતા લાશને કોડીનાર પીએમ માટે લવાયા હતા.

અત્રે ઉલ્લેખનીય છેકે કલ્પનાબેન ને સંતાનમાં એક દીકરો અને એક દીકરી હોય, કોડીનાર ની સેવાભાઈ સંસ્થા દ્વારા કલ્પનાબેન નો પાર્થિવ દેહને કોડીનાર સરકારી દવાખાને લાવતા કોડીનારના તબીબે જામનગર પીએમ કરવાનું કહ્યું હતું.

# જૂનાગઢ મનપા દ્વારા ચોમાસામાં ફરિયાદ મામલે બે કંટ્રોલરૂમ શરૂ કરાયા : કલેકટર, કમિશ્નર દ્વારા કામગીરીનું નિરીક્ષણ



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૯

જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા ચોમાસાને લઈ લોકોને મુશ્કેલી ન પડે તે માટે કામગીરી હાથ ધરવામાં આવી છે. જૂનાગઢમાં ગયા વર્ષે જે પૂરની પરિસ્થિતિનું નિર્માણ થયું હતું તે ફરી પરિસ્થિતિ ન સર્જાય તે માટે જૂનાગઢ તંત્ર દ્વારા ચોમાસાને લઈ કામગીરી હાથ ધરવામાં આવી છે. ત્યારે જિલ્લા કલેકટર, મ્યુનિસિપલ કમિશ્નર દ્વારા સંયુક્ત રીતે વરસાદી પાણીથી જૂનાગઢ શહેરમાં કોઈ હોનારત ન સર્જાય તે માટે તંત્ર દ્વારા થયેલ કામગીરીનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. જેને લઈ જૂનાગઢ મહાનગરપાલિકાના તંત્ર દ્વારા કાળવા વોંકળાને અત્યાર સુધીમાં વિલીંગ્ડન ડેમથી વંથલી ૯ કિમી સુધીની સાફ-સફાઈ કરવામાં આવી છે. તેમજ શહેરનાં ૨૨ જેટલા વોંકળાની ૫૦ % સફાઈ કામગીરી પૂર્ણ કરી દેવાય છે. તેમજ જૂનાગઢ મનપા દ્વારા ચોમાસા દરમ્યાન લાઈટ અને અન્ય સમસ્યાઓના ઉકેલ માટે બે કંટ્રોલરૂમ શરૂ કરવામાં આવ્યા છે. ૦૨૮૫-૨૬૨૦૮૪૧ અને ૦૨૮૫-૨૬૩૦૮૪૧ આ નંબર ઉપર જૂનાગઢના લોકો પોતાની ફરિયાદ નોંધાવી શકશે. જૂનાગઢ મહાનગરપાલિકાના કમિશ્નર ડો. ઓમ પ્રકાશએ જણાવ્યું હતું કે, આ વર્ષે જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા ગયા વર્ષના પૂરના અનુભવને ધ્યાને લઈને તમામ પ્રકારની કામગીરી કરવામાં આવી છે. કાળવા વોંકળાને અત્યાર સુધીમાં વિલીંગ્ડન ડેમથી વંથલી ૯ કિમી સુધીની સાફ-સફાઈ કરવામાં આવી છે.કાળવા વોંકળાને એક થી દોઢ મીટર ઊંડો ઉતારવામાં આવ્યો છે. અને બેથી પાંચ મીટર કાળવાના વોંકળાને પહોળો કરવામાં આવ્યો છે.તેમજ કાળવાના વોંકળામાં પાણી પ્રવાહ ને રોકતા અવરોધો હતા તેને દૂર કરવામાં આવ્યા છે. તેમજ જૂનાગઢમાં જે ૨૨ જેટલા વોંકળા જેની લંબાઈ ૧૩૩૦૦ મીટર છે. આ તમામ વોંકળાની ૫૦ % સફાઈ કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી છે. હાલમાં વરસાદ શરૂ છે ત્યારે વરસાદ બંધ થતાં આ કામગીરીનો બીજો રાઉન્ડ અને ત્યારબાદ ત્રીજો પણ પૂરો કરી દેવામાં આવશે.કાળવાના વોંકળામાં ૩૦૦ જેટલા પાણીના પ્રવાહને અવરોધ કરતા વૃક્ષો હતા. જે અવરોધના કારણે પાણીના નિકાલમાં મુશ્કેલી થતી હતી. ત્યારે ૩૦૦ જેટલા વૃક્ષો અને પુષ્કળ કચરો આ વોંકળામાંથી દૂર કરવામાં આવ્યો છે. તેમજ શહેરમાં પાણીના પ્રવાહ રોકતી ગટર લાઈન પણ સાફ કરવામાં આવી છે.

અત્યાર સુધીમાં ૨૫૦૦ થી વધુ પાણીના પ્રવાહમાં અવરોધ કરતી જગ્યાઓની સફાઈ કરવામાં આવી છે. જૂની ગટર લાઈનોને જે નવી ગટર લાઈનોમાં ઢોળવામાં આવી છે તેના ઉપર જે આરસીસીના ઢાંકણાઓ હતા તેના બદલે લોખંડની જાળીવાળા ઢાંકણાઓ નાખવાની કામગીરી શરૂ કરવામાં આવી છે.



સૌરાષ્ટ્ર દૈનિક ભૂમિ

• ટચૂકડી જાહેર ખબર •

જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦

ટચુકડી જાહેરાત દર બુધવારે અને શનિવારે પ્રસિધ્ધ થાય છે આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો



ધીરૂભાઈ જે. સોની

નવો નંબર નોંધી લેશો

મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩

વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩

કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

ન્યુ બોમ્બે ઈલે.

દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.

મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૧ વર્ષથી પ્રખ્યાત નામ

વિજય ઘી ડીપો

(વાર-તહેવાર નિમિત્તે શુધ્ધ ઘી વાપરવાનો આગ્રહ રાખો)

ભેંસનું તેમજ ગાયનું શુધ્ધ ઘી લેબોરેટરી ટેસ્ટ તાજુ ઘી ગેરંટીવાળુ મળશે

વિજય ઘી ડીપો

ડબા રોડ, નાની શાકમાર્કેટ, જૂનાગઢ

મો. ૭૨૦૨૦ ૨૫૧૨૩

પ્લોટ વેચાવ છે

૨૧૨ વાર જગ્યા કોર્નરનો પ્લોટ નં. ૩૫૪

રાયજીનગર, જૂનાગઢ

:: કોન્ટેક ::

મો. ૯૪૨૬૨ ૨૪૦૯૪

દિપક ફટાકડા સેન્ટર

લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે

દિપક ફટાકડા સેન્ટર

C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ.

ફોન: ૨૬૫૨૬૧૨

સ્વાદનો ચટકો !

અમારે ત્યાંથી

● પાણીપુરી ● ભેળ ● સમોસા રગડો
● મસાલાપુરી ● દાબેલી ● રગડા પેટીસ
● દહીપુરી ● દિલ્હી ચાટ ● બાસ્કેટ ચાટ
● સેવપુરી ● લસણીયા બટેટા

તેમજ ફરાળી વાનગી, દહીંવડા, ફરાળી ભેળ, રસ ચેવડો, દહીં ચેવડો વગેરે આઈટમો મળશે

:: ખાસ નોંધ ::

લગ્ન પ્રસંગે, પાર્ટી પ્રસંગે તેમજ અન્ય પ્રસંગોએ બહારના ઓર્ડર ઉપર પુરતું ધ્યાન આપવામાં આવશે.

જલારામ પાણીપુરી

પંચહાટડી ચોક, શ્રીરામ મંદિરની બાજુમાં, જૂનાગઢ.

જગદીશભાઈ સોઢા : મો. ૯૬૮૭૫ ૫૭૬૨૧

પવિત્ર રમજાન માસ નિમિત્તે ગરમા ગરમ બ્રેડ, પાઉ તથા નાન રોટી

નારાયણ બેકરી

સુખનાથ ચોક જૂનાગઢ

મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩

વંદના બેકરી

તળાવ સ્ટ્રીટ, જૂનાગઢ

મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨

દુકાન વેચવાની છે

જૂનાગઢ શહેરનાં કાળવા ચોક, જવાહર રોડ, ઉપરકોટ રોડ, જગમાલ ચોક, દિવાન ચોક, લીમડા ચોક, ઢાલ રોડ જેવા અનેક સારા સારા એરિયાઓથી નજીકમાં બિમ કોલમવાળા બિલ્ડીંગમાં તદ્દન ન્યુ રીનોવેટેડ ગ્રાઉન્ડ ફલોરની ટાઈટલ કલિયર ૨૪૦ ફૂટની દુકાન એક વેચવાની છે.

સંપર્ક : ૯૯૭૯૪ ૨૩૩૯૪

સાંજે : ૩ થી ૬

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે

જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર

વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

જલજીલ આઈસ્ક્રીમ

અંદર બેસવાની સુંદર વ્યવસ્થા

ક્રીમ લચ્છી સન્ડે આઈસ્ક્રીમ ક્રિમ મિલ્ક સેઈક

શિખંડ - બાસુંદી - દહીંવડા

કાળવા ચાર રસ્તા કોર્નર, જુનાગઢ.

# વંથલી તાલુકનાં ખોરાસા ગામે શાળા પ્રવેશોત્સવ યોજાયો

## શાળા પ્રવેશોત્સવના અંતિમ દિવસે બાલવાટિકાથી ઉજ્વળ ભવિષ્યની પા પા પગલી કરાવતા જૂનાગઢ જીલ્લા કલેકટર અનિલકુમાર રાવસિણાયા



જૂનાગઢ, તા.૨૯

શિક્ષણ એક આધાર સ્થંભ છે. જે તમામ ક્ષેત્રોમાં બાળકને આગળ લાવી કારકિર્દીમાં પ્રેરણાસ્રોત બની સમાજમાં પરિવર્તન લાવે છે. શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ ૨૦૨૪ ના ત્રીજા દિવસે વંથલી તાલુકાનાં ખોરસા ગામની શાળામાં જિલ્લા કલેક્ટર અનિલકુમાર રાણાવસિયા શાળા પ્રવેશોત્સવમાં સહભાગી થયા હતાં. શાળાના પ્રાંગણમાં આવી પહોંચતા શાળાના સ્ટાફ સહિત વિદ્યાર્થીઓએ કંકુ-તિલક કરી કલેક્ટર અનિલકુમાર રાવસિણાયાનો આવકાર કર્યો હતો. આ પ્રસંગે જૂનાગઢ જિલ્લા કલેક્ટર અનિલ કુમાર રાણાવસિયા એ જણાવ્યું કે ખોરાસા ગામના શિક્ષકો સાથે વાલીઓએ પણ જાગૃત થવાની જરૂરિયાત છે. કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ દ્વારા વિદ્યાર્થીઓને ગુણવત્તાસભર શિક્ષણ મળી રહ્યું છે ત્યારે તમામ બાળકોને અવશ્ય ભણાવવા જોઈએ. જેમાં ૬ થી ૧૪ વર્ષના દરેક બાળક નું નામાંકન થાય અને શિક્ષણ મેળવે સાથે શાળા છોડીને જતા બાળકો અટકાવવા જેના થકી ડ્રોપ આઉટ રેશિયો ઘટે અને ગામની દીકરીઓને પણ શિક્ષણથી જોડવી જેથી કન્યા કેળવણીને પ્રોત્સાહન મળે. ઉપરાંત કલેકટરે શાળા વ્યવસ્થાપન સમિતિ સાથેની બેઠકમાં બાળકોને થતી મુશ્કેલીઓ, ગુણવત્તાલક્ષી શિક્ષણ, મિટિંગોમાં વાલીઓએ વધારે કંઈ બાબતને પ્રાધાન્ય આપવું જોઈએ, બાળકોના અભ્યાસ વર્ગખંડનું નિરીક્ષણ કરી ઝીણવટપૂર્વક નોંધ લઈ રચનાત્મક સૂચનો કર્યા હતાં. આ સાથે તેમણે પ્રવેશોત્સવમાં બાળકો સાથે આવેલ વાલીઓની હાજરીને પણ આવકારી શુભેચ્છાઓ પાઠવી હતી. જિલ્લા કલેક્ટર અનિલકુમાર રાણાવસિયાએ પ્રવેશપાત્ર બાલવાટીકા અને ધો. ૧ અને ધો. ૯ નાં વિદ્યાર્થીઓને શિક્ષણ કીટ, યુનિફોર્મ તેમજ પ્રાથમિક શાળામાં તેજસ્વી તારલાઓને પણ સન્માનિત કર્યા હતા. તેમની સાથે અન્ય મહાનુભવો એ પણ બાળકોને સન્માનિત કર્યા હતા. આભાર વિધિ કરતાં સાવજ ડેરી ચેરમેન દિનેશભાઈ ખટારીયા એ જણાવ્યું કે શિક્ષણ મેળવવું જરૂરી છે અને ગામના દરેક બાળકો શિક્ષણથી વંચિત ન રહે અને દરેક બાળક શિક્ષણ મેળવે જેના માટે ગામના દરેક નાગરીકે ભાગ લેવો જરૂરી છે. કાર્યક્રમના અંતે ઉપસ્થિત મહેમાનો દ્વારા શાળાના કેમ્પસમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. જેમાં વંથલી પ્રાંત અધિકારી એ.પી.ગોહિલ, તાલુકા પંચાયત ઉપપ્રમુખ ગોવિંદભાઈ હુંબલ સહિતના અધિકારીઓ પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વંથલી તાલુકાની લુશાળા પ્રાથમિક શાળા ખાતે કલેક્ટર અનિલકુમાર રાણાવસિયાની અધ્યક્ષતામાં શાળા પ્રવેશોત્સવ યોજાયો





જૂનાગઢ, તા.૨૯

ત્રી દિવસીય શાળા પ્રવેશોત્સવના અંતિમ દિવસે વંથલી તાલુકાની લુશાળા પ્રાથમિક શાળા ખાતે જૂનાગઢ જિલ્લા કલેક્ટર અનિલકુમાર રાણાવસિયાની અધ્યક્ષતામાં શાળા પ્રવેશોત્સવ યોજાયો હતો.

દીપ પ્રાગટ્ય અને પ્રાર્થના દ્વારા કાર્યક્રમની શરૂઆત કર્યા બાદ મંચસ્થ ઉપસ્થિત મહેમાનોનું બાળકો દ્વારા પુસ્તક આપી સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ કલેક્ટર દ્વારા કાર્યક્રમનું હાર્દ એવા બાળકોનો શાળા પ્રવેશ કરાવવામાં આવ્યો હતો. લુશાળા પ્રાથમિક શાળા ખાતે આંગણવાડી અને બાળવટિકાના કુલ ૨૨ બાળકોનો વર્ગખંડ કીટ, રમકડા, સુખડી તેમજ પુસ્કતો આપી શાળા પ્રવેશ કરાવ્યો. શાળાની વિદ્યાર્થીનીઓ બકોતરા સુરભીબેન અને એકલવા માનસીબેન દ્વારા દીકરી અને વ્યસન મુક્તિ ઉપર વક્તવ્ય આપવામાં આવ્યું હતું તેમજ વાર્ષિક પરીક્ષામાં અવ્વલ આવનાર વિદ્યાર્થીઓ, જ્ઞાન સેતુ પરીક્ષા પાસ કરનાર વિદ્યાર્થીઓ તેમજ શાળાની ભૂતપૂર્વ વિદ્યાર્થીની ભાગ્યશ્રીબેન ડાંગર જે હાલ સંશોધનાત્મક ક્ષેત્રમાં ઉચ્ચ કક્ષાએ હોઈ તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન શાળાના વિદ્યાર્થીઓ દ્વારા જ કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ અનિલકુમાર રાણાવસિયાએ પ્રેરક ઉદબોધન કરતા જણાવ્યું હતું કે વધારેમા વધારે બાળકો શિક્ષણ મેળવે તેમજ ખાસ કરીને બેહનો શિક્ષિત થાય તો દેશનો વિકાસ થાય. તેમજ બાળકોએ પણ શાળા કાર્ય દરમિયાન સફાઈ અભિયાન તેમજ વ્યસન મુક્તિ અભિયાન કરવા. તેમજ બાળકો વ્યસનથી દૂર રહે તે જવાબદારી શિક્ષકો અને વાલીઓની છે. શિક્ષકો સાથે વાલીઓને પણ ટકોર કરતા કહ્યું હતું કે ભણતર સાથે ગણતર પણ જરૂરી, જેથી બાળક વ્યાવહારિક બને. બાળકોને ભવિષ્યની શુભકામના પાઠવી હતી અને શાળાના સ્માર્ટ વર્ગખંડની મુલાકાત લીધી હતી. સામાન્ય પ્રશ્નોતરી દ્વારા બાળકો યોગ્ય રીતે ભણે છે તેનું પણ મૂલ્યાંકન કર્યું હતું. અંતમાં વૃક્ષારોપણ કરી કાર્યક્રમનું સમાપન કર્યું હતું. આ કાર્યક્રમમાં તાલુકા પંચાયત ઉપપ્રમુખ ગોવિંદભાઈ હુંબલ, ગામના સરપંચ, તલાટી મંત્રી, બી.આર.સી, સી.આર.સી અને વિદ્યાર્થીઓના વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# માણાવદર તાલુકાની શાળાઓમાં સંયુક્ત નિયામક ડો.સચીન પરીખની અધ્યક્ષતામાં શાળા પ્રવેસોત્સવ કાર્યક્રમ યોજાયો



જૂનાગઢ, તા.૨૯

માણાવદર તાલુકાની શાળાઓમાં સયુક્ત નિયામક (મહેકમ), કમિશ્નર ટેકનીકલ શિક્ષણની કચેરી, કર્મયોગી ભવન, ગાંધીનગરના અધિકારી ડો.સચીન પરીખની એધ્યક્ષતામાં શાળા પ્રવેશોત્સવ યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆત દિપ પ્રાગટ્ય કરી બાળકોના પ્રાર્થના નૃત્યથી કરવામાં આવી હતી. તેમજ ઉપસ્થિત મહેમાનોનુ બુક આપી સ્વાગત કર્યુ હતું. કાર્યક્રમને આગળ વધારતા ડૉ.સચીન પરીખે વેકરી પ્રા. શાળા અને વેકકરી સીમ શાળા તેમજ દેશીંગા પ્રા.શાળા અને શ્રી ક્રિસ્ટલ પ્રા.શાળા મરમઠ અને પ્રા. શાળાના બાલવાટીકાના ૫૨ અને ધો. ૧ અને ૯ ના ૭૦ એમ કુલ ૧૨૨ બાળકોનો વર્ગખંડ કીટ અને પુસ્તકો આપી શાળા પ્રવેશ કરાવ્યો હતો. તેમજ વાર્ષિક પરીક્ષામાં આવ્વલ આવનાર વિદ્યાર્થીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કર્યા હતા. ત્યાર બાદ ડૉ.સચીન પરીખે પોતીનુ શાબ્દીક ઉદબોધન કરતા કહ્યુ હતું કે સર્વાંગી વિકાસ માટે શિક્ષણ અતી મહત્વનું પાસું છે, તેથા દરેક બાળકે શિક્ષણ મેળવવું જ જોઈએ. દેશના ઉજ્જ્વળ ભવિષ્ય માટે બાલકોને શિક્ષીત કરવા ખુબ જ જરૂરી છે. શિક્ષણની સાથે બાળકનો શારીરિક અને માનસિક વિકાસ થાય તે માટે રમત-ગમત, સંગીત વગેરેનું પણ જ્ઞાન આપવું જરૂરી. તેમજ દર શનિવારે કસરત યોગા કરાવવા પણ શાળાના શિક્ષકોને જણાવ્યું હતું અંતમા વૃક્ષારોપણ દ્વારા કાર્યક્રમનું સમાપન કર્યુ હતું. આ પ્રસંગે તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી વિમલ કુમાર વાઘેલા, આઈ.સી.ડી.એસ. મુખ્ય સેવિકા જયાબેન, ગામના સરપંચ, શાળાના એસ.એમ.સી. સભ્યો તેમજ વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## માળીયા હાટીનાનાં નવા વાંદરવડ ગામે વીજળી પડતા ચાર પશુના મૃત્યુ થતાં લાભાર્થીને સહાય ચૂકવાઈ



જુનાગઢ, તા.૨૯

જૂનાગઢ જિલ્લાના માળીયા હાટીના તાલુકાના નવા વાંદરવડ ગામે બે દિવસ પહેલા વરસાદ દરમ્યાન વીજળી પડતા પશુપાલક મોકાભાઈ પાલાભાઈ કેશોદાના ચાર પશુ જેમાં ત્રણ ભેસ અને એક ગાયનું મૃત્યુ થયું હતું. આ બાબતની સ્થાનિક તંત્રને જાણ થતા પશુપાલકને જરૂરી અરજી કરાવી તાલુકા વિકાસ અધિકારી દ્વારા જિલ્લા કલેકટરના માર્ગદર્શન હેઠળ સરકારના ધારાધોરણ મુજબ રૂા.૧,૧૨,૫૦૦ની સહાયનો ચેક બનાવના બીજા દિવસે પશુપાલકોને આપી સહાય ચૂકવાઈ હતી.

# લુશાળા અને ખોરાસાના પ્રશ્નો અંગે ગ્રામજનો સાથે કલેક્ટરનો સંવાદ

## આરોગ્ય, રાશન, સફાઇ, પાણી સહિતના મુદે ગ્રામજનો સાથે સંવાદ કર્યો : પ્રશ્નો ઉકેલવા સંબંધિત અધિકારીઓને માર્ગદર્શન આપ્યું



જૂનાગઢ, તા.૨૯

વંથલી તાલુકામાં શાળા પ્રવેશોત્સવમાં ઉપસ્થિત રહેલા જૂનાગઢના કલેકટરે કાર્યક્રમની સાથે લુશાળા અને ખોરાસાના ગ્રામજનો સાથે તેમના ગ્રામ સ્તરના પ્રશ્નો અંગે ચર્ચા કરી હતી. ગામમાં પીવાનું શુદ્ધ પાણી, રાશન, ગ્રામ પંચાયત દ્વારા જરૂરી કામગીરી, ગામ તળ ગામ નમુના નંબર ૨ઉપરાંત સ્વચ્છતા અને આવાસ અને આરોગ્ય યોજનાનો લાભ મળે તે માટે અધિકારીઓને માર્ગદર્શન આપ્યું હતું. અને ગ્રામજનોની માંગણીને પણ સમયસર પૂર્ણ કરશે તેમ જણાવ્યું હતું. તેમજ સગર્ભા સ્ત્રીઓને સરકાર તરફથી આપવામાં આવતા જરૂરી લાભ સમયસર મળી રહે અને કુપોષીત બાળકોની વધારે તકેદારી રાખવા તેમજ જરૂર જણાય તો સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવા આરોગ્ય કર્મીની બહેનોને જણાવ્યું હતું. કલેકટરે વ્યક્તિગત રીતે અરજદારોને પણ સાંભળ્યા હતા અને તેમના પ્રશ્નોનો ઉકેલ આવે તે માટે માર્ગદર્શન આપ્યું હતું. તેમજ સંબંધિત અધિકારીઓને ગ્રામજનોના સિધા સંપર્કમા રહેવા જણાવ્યું હતું. અને પુર્ણ થતા કામનો રિપોર્ટ સમયસર કલેક્ટર કચેરી ખાતે મોકલવા સૂચના આપી હતી.

# પ્રવાસન ક્ષેત્રે હરણફાળ ભરી રહેલા ગીરની મુલાકાતે દેશના અલગ અલગ રાજ્યોના ટ્રાવેલ કંપનીના સંચાલકો આવ્યા

## ૧૫ જૂન પછી પણ ગીરમાં પ્રવાસીઓનો પ્રવાહ યથાવત રહે અને સ્થાનિક રોજગારી જળવાઈ રહે તેવો ઉમદા હેતુ : ગીરની રૂબરૂ મુલાકાત લઈ ટ્રાવેલ કંપનીના સંચાલકો બન્યા રોમાંચિત

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૨૯

પ્રવાસન ક્ષેત્રે હરણફાળ ભરી રહેલા ગીર જંગલની મુલાકાતે દેશના અલગ અલગ રાજ્યોના ટ્રાવેલ કંપનીના સંચાલકો આવ્યા છે. ૧૫ જૂન પછી પણ ગીરમાં પ્રવાસીઓનો પ્રવાહ યથાવત રહે અને સ્થાનિક રોજગારી જળવાઈ રહે તેવો ઉમદા હેતુ સાથે ગીરની રૂબરૂ મુલાકાત લઈ ટ્રાવેલ કંપની સંચાલકો રોમાંચિત બન્યા હતા. એશિયાટિક સિંહોના ગઢ એવા સાસણ ગીરમાં ડાલામથ્થા સાવજોને નિહાળવા દેશ વિદેશથી પ્રવાસીઓનો મોટો પ્રવાહ પ્રતિવર્ષ આવી રહ્યો હોય જે દર વર્ષે વધતો જાય છે. જેના કારણે સ્થાનિક કક્ષાએ રોજગારીનો પર્યાય પ્રવાસન બની ગયું છે. પ્રવાસનના વિકાસને કારણે ગીરના સ્થાનિક જીપ્સી ચાલકો, સોવેનિયર શોપ, રેસ્ટોરન્ટ, હોટલ, રિસોર્ટમાં રોજગારી જળવાઈ રહે છે. સાસણગીર નેશનલ પાર્ક (જંગલ)માં ૧૫ જૂન થી ૧૪ ઓકટોબર સુધી પ્રવાસીઓના પ્રવેશ ઉપર પ્રતિબંધ હોય છે. પરંતુ આ પ્રતિબંધ માત્ર નેશનલ પાર્ક પૂરતો જ હોય છે. આ સમય ગાળા દરમ્યાન ગીરમાં પ્રવાસીઓનો પ્રવાહ એકાએક ઘટી જાય છે અને જેની વિપરીત અસર સ્થાનિક રોજગારી પર પણ આવે છે. ત્યારે ગીરમાં ૧૫ જૂન પછી પણ પ્રવસીઓ આવતા રહે અને સ્થાનિક રોજગારી પણ જળવાઈ રહે તેવા ઉમદા હેતુ સાથે ગીરના કવીસ રિસોર્ટ દ્વારા દેશના અલગ અલગ રાજયો માંથી ટ્રાવેલ કંપનીના સંચાલકો અને એજન્ટોને ગીરમાં આમંત્રિત કરાયા હતા. ગીરને કાયમી ધબકતું રાખવાના સરાહનીય આયોજનના પ્રણેતા એવા દીનેશસિંગ શેખાવતે વિગતો આપતા જણાવ્યું હતું કે, દેશભરની ટ્રાવેલ કંપની ઓનર્સને ગીર ખાતે લાવવાનું એકમાત્ર કારણ એ છે કે મોટા ભાગના પ્રવાસીઓમાં એક માન્યતા છે કે ૧૫ જૂન પછી સાસણ ગીર જંગલ પ્રવાસીઓ માટે બંધ થઈ જાય છે અને પ્રવાસીઓ ૧૫ જૂન પછી ગીરમાં આવતા નથી. સ્વાભાવિક છે કે પ્રવાસન એ ગીરના લોકોની રોજી રોટી માટેનું અભિન્ન અંગ છે ત્યારે પ્રવાસીઓનો પ્રવાહ અટકી પડતા અહીંની સ્થાનિક રોજગારી પણ ઠપ્પ થઈ જાય છે. ત્યારે ૧૫ જૂન પછી પણ ગીરમાં એશિયાટિક સિંહો નિહાળી શકાય છે આટલું જ નહીં ગીર નેશનલ પાર્ક સિવાય અનેક ફરવા લાયક સ્થળો પર વર્ષાઋતુમાં ગીરના આહલાદક વાતાવરણનો લુપ્ત ઉઠાવી શકાય છે. પ્રવાસીઓને ૧૫ જૂન પછી પણ ગીરમાં આવે તે માટે ટ્રાવેલ કંપનીના ઓનર્સને અહીં ગીર લાવવા અને તેઓ જ ગીરથી રૂબરૂ થાય અને પ્રવાસીઓને ગીરમાં લઈ આવે તે માટે દેશના અલગ અલગ રાજયો માંથી ટ્રાવેલ કંપનીના સંચાલકોને અહીં ગીરમાં આમંત્રિત કરાયા હતા. જેમાં રાજસ્થાન, મહારાષ્ટ્ર, દિલ્હી સહિતના રાજ્યોમાંથી ૨૦ જેટલી ટ્રાવેલ કંપનીના સંચાલકો ગીરની મુલાકાતે આવ્યા હતા. જેઓ ગીર ફોરેસ્ટના દેવળીયા સફારી પાર્ક કે જ્યાં ૧૫ જૂન પછી પણ એશિયાટિક સિંહો, લેપોર્ડ, સહિતના વન્ય જીવો રૂબરૂ નિહાળી શકાય છે. આ ઉપરાંત વર્ષાઋતુમાં સોળે કળાએ ખીલતા ગીર જંગલના આહલાદક અને રમણીય વાતાવરણમાં ગીર જંગલમાં આવેલ કનકાઈ માતાજી મંદિર, જમજીર ધોધ, સનસેટ પોઈન્ટ, ગીર જંગલમાં વસતા આફ્રિકન મૂળના સીદી બાદશાહ સમુદાયના પારંપરિક ધમાલ નૃત્યનો લ્હાવો લઈ રોમાંચિત બન્યા હતા. ગીરની સફર પૂર્ણ કરી આવ્યા બાદ તમામ ટ્રાવેલ કંપની સંચાલકોની ખાસ સમીક્ષા બેઠક યોજાઈ હતી. જેમાં કવીસ રિસોર્ટ ના સંચાલક દિનેશસિંગ શેખાવત દ્વારા તમામને ગીરની અનુસંગીક વિગતોથી વાકેફ કર્યા હતા અને ટ્રાવેલ કંપનીના સંચાલકો દ્વારા પણ ગીર મુલાકાતના અનુભવ એક બીજા સાથે વાગોળ્યા હતા સાથે ગીરમાં ૧૫ જૂન પછી પણ વધુમાં વધુ પ્રવાસીઓને ગીર ની સફર માટે સમજૂત કરી ગીરમાં લાવવા માટે કટિબદ્ધતા રજૂ કરી હતી. જેથી ગીરનું પ્રવાસન અને રોજગારી બને જળવાઈ રહે.



# ગ્લોબલ કોન્કલેવ ઓન પ્લાસ્ટિક્સ રિસાઈકલિંગ એન્ડ સસ્ટેનેબિલિટી (જીસીપીઆરએસ) ૪-૭ જુલાઈએ ભારત મંડપમ પ્રગતિ મેદાન દિલ્હીમાં યોજાશે

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૨૯

ઓલ ઈન્ડિયા પ્લાસ્ટિક મેન્યુફેક્ચરર્સ એસોસિયેશન (એઆઈપીએમએ) અને કેમિકલ્સ એન્ડ પેટ્રોકેમિકલ્સ એસોસિયેશન (સીપીએમએ) દ્વારા આયોજિત ધ ગ્લોબલ કોન્કલેવ ઓન પ્લાસ્ટિક્સ રિસાઈકલિંગ એન્ડ સસ્ટેનેબિલિટી (જીસીપીઆરએસ) નવી દિલ્હીના પ્રગતિ મેદાનમાં બારત મંડપમ ખાતે ૪-૭ જુલાઈ, ૨૦૨૪ના રોજ યોજાશે. આ કોન્કલેવ પ્લાસ્ટિકના ઉપયોગ અને પ્લાસ્ટિક રિસાઈકલિંગ ઉદ્યોગને લગતી ગંભીર સમસ્યાઓને મોટે ભાગે પહોંચી વળશે, જે ઉદ્યોગ ૨૦૩૩ સુધી ૬.૯ અબજ ડોલરે પહોંચવાની ધારણા છે. આ કોન્કલેવનું આયોજન મજબૂત સરકારી પહેલો અને આશરે ૬૦ ટકાના મજબૂત વિધિસર ક્ષેત્રના રિસાઈકલિંગ દરથી પ્રેરિત ૨૦૩૩ સુધી ૬.૮ અબજ ડોલરે ભારતનો પ્લાસ્ટિક રિસાઈકલિંગ ઉદ્યોગ પહોંચી રહ્યો છે તેવા મહત્ત્વપૂર્ણ સમયે થઈ રહ્યું છે. ચર્ચાના મુખ્ય વિષયોમાં પ્લાસ્ટિક્સની પર્યાવરણ ઉપર અસર અને સક્ષમતા બહેતર બનાવવા નાવીન્યપૂર્ણ સમાધાન તેમ જ પ્રગતિશીલ રિસાઈકલિંગ ટેકનોલોજીનો સમાવેશ પણ રહેશે. તેનાથી રિસાઈકલિંગ સેગમેન્ટમાં વેપારો તકો ઊભી થઈને પ્રદર્શનકારીઓ દ્વારા પૂરા પાડવામાં આવનારા સમાધાન આલેખિત થશે. એઆઈપીએમએની ગવર્નિંગ કાઉન્સિલના ચેરમેન અરવિંદ મહેતા અને જીસીપીઆરએસ ૨૦૨૪ના ચેરમેન હિતેન ભેદા અને મનીષ દેઢિયા, એઆઈપીએમએના પ્રમુખ, સુધારિત કલેકશન, વિઘટન અને રિસાઈકલિંગ વ્યવહારો થતી પ્લાસ્ટિક કચરાની નાબૂદી ઉપર ઈવેન્ટની એકાગ્રતા ઉપર ભાર આપ્યો હતો. ભારતના શૂન્ય કચરો લક્ષ્ય સાથે જીસીપીઆરએસ બાયોડિગ્રેડેબલ અને કમ્પોસ્ટેબલ પ્લાસ્ટિક્સ અને કાર્યક્ષમ કચરો વ્યવસ્થાપન સમાધાન જેવા નાવીન્યપૂર્ણ રિસાઈકલિંગ ટેકનોલોજીઝ, સક્ષમ વિકલ્પો આલેખિત કરશે. ઈવેન્ટ ઉદ્યોગના આગેવાનો, સ્ટાર્ટ-અપ્સ અને પર્યાવરણીય નિષ્ણાતોને તેમની પ્લાસ્ટિક્સ ઉદ્યોગમાં પ્રગતિ દર્શાવવા અને સક્ષમતા હાંસલ કરવા ઈનસાઈટ્સ આદાનપ્રદાન કરવા માટે મંચ તરીકે કામ કરશે. એમ અરવિંદ મહેતાએ જણાવ્યું હતું. પ્રદર્શન ઉપરાંત કોન્કલેવમાં ૪ જુલાઈએ સીઈઓ રાઉન્ડટેબલ રહેશે, જેને વિષય ઉપરના વૈશ્વિક નિષ્ણાતો સંબોધિત કરશે. ૫-૬ જુલાઈએ સક્ષમતા ફોરમના ઉપક્રમે પ્લાસ્ટિક કચરો, રિસાઈકલિંગ અને સક્ષમતાની ઈકોસિસ્ટમ સંબંધી વિવિધ મુદ્દાઓ ઉપર ડોમેન્સ નિષ્ણાતો સાથે ચર્ચા થશે એમ હિતેન ભેદાએ જણાવ્યું હતું.

# ડો.સુભાષ યુનિવર્સિટીનું GTU સેમેસ્ટર - ૮ નું ઝળહળતું પરિણામ

જૂનાગઢ, તા.૨૦ તાજેતરમાં ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સીટીના સેમેસ્ટર - ૮ માં જૂનાગઢની જાણીતી સંસ્થા ડો.સુભાષ યુનિવર્સિટીનું જ્વલંત પરિણામ જાહેર થયેલ છે. આ ઉત્તમ પરિણામમાં યુનિવર્સીટીના સિવિલ એન્જીનીયરિંગ ડીપાર્ટમેન્ટના પાંચ વિદ્યાર્થીઓ ચુડાસમા ચિરાગ, સાંગાણી શિક્ષા, જાદવ રેનીશ, મીઠિયા કશ્યપ અને લાઠીગરા ધ્રુમિલ એ ૧૦.૦૦ SPI મેળવેલ છે. તદુપરાંત ફાર્મસી ડીપાર્ટમેન્ટના વિદ્યાર્થી દવે વિશાલએ GTUમાં સમગ્ર ગુજરાતમાં ૫ મો ક્રમાંક પ્રાપ્ત કર્યો છે. અત્રે નોંધણીય છે કે ચાલુ વર્ષ દરમ્યાન પાસ થયેલા વિદ્યાર્થીઓમાંથી ૬૦ % જેટલાં વિદ્યાર્થીઓને વિવિધ ખ્યાતનામ કંપનીઓમાં પ્લેસમેન્ટ મળી ગયેલ છે. યુનિવર્સિટીના ઉત્કૃષ્ટ પરિણામ બદલ સંસ્થાના પ્રમુખ જવાહરભાઈ ચાવડા, યુનિવર્સીટીના પ્રમુખ રાજભાઈ ચાવડા તેમજ પ્રોવોસ્ટ ડો.દિપક પટેલએ તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા અને ઉત્કૃષ્ટ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# બ્રિટન ચૂંટણીમાં હિંદુ માંગોનું ઘોષણાપત્ર

બ્રિટનમાં સંસદની ૬૫૦ સીટો માટે ૪થી જુલાઈએ મતદાન થવાનું છે. ઉમેદવારો ઘરે-ઘરે જઈને ચૂંટણી પ્રચાર કરી રહ્યા છે. વડાપ્રધાન ઋષિ સુનકની સત્તાધારી કન્ઝર્વેટિવ પાર્ટીને ૧૪ વર્ષની સત્તાવિરોધી લહેર પર સવાર કિએર સ્ટોમરની લેબર પાર્ટીની સાથે સાથે કંઝર્વેટિવ પાર્ટીના જ ઘોર જમણેરી જૂથથી બનેલી રિફોર્મ પાર્ટીનો પણ સામનો કરવો પડી રહ્યો છે. પાર્ટીઓ પોતપોતાના ઢંઢેરા જારી કરી રહી છે અને એકબીજાના ઢંઢેરાની સમીક્ષા અને ટીકાઓ કરી રહી છે.

બ્રિટનના હિંદુ સમુદાયે પણ પહેલી વાર ચૂંટણી વાદ-વિવાદમાં કૂદતાં ૩૨ પાનાંનું એક ઘોષણાપત્ર જાહેર કર્યું છે. તેમાં રજૂ કરાયેલી સાત માંગોમાં બ્રિટનમાં હિંદુ વિરોધી નફરત કે હિંદુફોબિયાની નોંધ લેવી અને તેને અટકાવવું તથા હિંદુ મંદિરોની સુરક્ષા મુખ્ય છે. આ ઘોષણાપત્ર 'હિંદુઝ ફોર ડેમોક્રેસી' નામની સંસ્થાએ જારી કર્યું છે, જે બ્રિટનમાં સક્રિય સ્વામીનારાયણ સંસ્થા, ચિન્મય મિશન અને વિશ્વ હિંદુ પરિષદ જેવા ૧૫ હિંદુ સંગઠનોનો બનેલો સંઘ છે. અત્યાર સુધી બ્રિટનનો મુસ્લિમ સમુદાય જ ઘોષણાપત્ર જારી કરીને પોતાની રાજકીય માંગો રજૂ કરતો આવ્યો છે. તેની માંગોમાં પણ ઈસ્લામ વિરોધી નફરત કે ઈસ્લામોફોબિયાની નોંધ લઈન તેને અટકાવવા અને ભરોસો જીતવા તથા રાજકીય સમાવેશ સુનિશ્ચિત કરવા માટે ઈસ્લામી સમુદાય સાથે સાર્થક મુલાકાત મુખ્ય છે.

બ્રિટનની લગભગ ૫૦૦ મુસ્લિમ સંસ્થાઓ અને મસ્જિદોનું પ્રતિનિધિત્વ કરનારી બ્રિટિશ મુસ્લિમ પરિષદની માંગ છે કે તમામ પાર્ટીઓ ઈસ્લામોફોબિયાની એ પરિભાષાને આધાર બનાવીને અટકાવવાની નીતિઓ બનાવે, જે ૧૯૧૭ની સર્વપક્ષીય સંસદીય સમિતિએ સૂચવી હતી. સમિતિના રિપોર્ટ અનુસાર, મોટા ભાગે ઈસ્લામોફોબિયા એવો રંગભેદ છે જે ઈસ્લામિયત કે તેની અભિવ્યક્તિને પોતાનો નિશાનો બનાવે છે. વિપક્ષની લેબર અને લિબરલ પાર્ટીઓ, વેલ્સની પ્લાઈડ કુમરી પાર્ટી, લંડનના મેયર અને કેટલાય સ્થાનિક નિગમોએ એના પર રાષ્ટ્રીય સ્તરની સમીક્ષા થતાં પહેલાં જ પરિભાષાનો સ્વીકાર કરી લીધો. આ ઉતાવળનું મુખ્ય કારણ મુસ્લિમોની રાજકીય તાકાત છે, જે આબાદીની સાથે સાથે ઝડપથી વધી રહી છે. સાઈઠના દાયકાની શરૂઆતમાં બ્રિટનની મુસ્લિમ આબાદી લગભગ ૫૦ હજાર હતી, જે હવે લગભગ ૪૦ લાખ થઈ ચૂકી છે. બર્મિંઘમના ૩૦ ટકા લોકો મુસ્લિમ છે અને લંડનમાં મુસ્લિમ આબાદી ૧૫ ટકાથી વધારે છે. બ્રેડફર્ડના એક અને બર્મિંઘમના બે સંસદીય ક્ષેત્રોની અડધી કે તેથી વધારે આબાદી મુસ્લિમ છે. બ્રિટનના ૨૪ સંસદીય ક્ષેત્રોમાં મુસ્લિમ આબાદી ૨૦ ટકાથી વધારે છે અને ૮૦ સંસદીય ક્ષેત્રોમાં ૧૦ ટકાથી વધારે. આ આબાદી મુખ્યત્વે લંડન તથા મધ્ય અને ઉત્તર ઈંગ્લેન્ડના શહેરી વિસ્તારોમાં કેન્દ્રિત છે, જ્યાં તેમના સમર્થન વિના ચૂંટણી જીતવી સંભવ નથી.

કંઝર્વેટિવ પાર્ટી અને સરકારે હજુ સુધી સર્વપક્ષીય સમિતિની ઈસ્લામોફોબિયાની પરિભાષાનો સ્વીકાર નથી કર્યો. સરકારની દલીલ છે કે આ પરિભાષા એટલી વ્યાપક છે કે તેની આડ લઈને ઈસ્લામી આતંકવાદીઓ, બાળકીઓનું યૌન શોષણ કરનારી ગ્રૂમિંગ ટોળકીઓ અને સમલૈંગિકો તતા મહિલાઓના અધિકારોનો વિરધ કરનારા ઈસ્લામી કટ્ટરપંથીઓનો બચાવ કરવામાં આવી રહ્યો છે. તેને સ્વીકાર કરવો પાછલા દરવાજાથી ઈશનિંદા કાયદો પસાર કરવા સમાન હશે, જેનાથી અભિવ્યક્તિની સ્વતંત્રતાનું હનન થશે અને સુધારક સંસ્થાઓનું કામ મુશ્કેલ થઈ જશે.

આ જ કારણ છે કે કંઝર્વેટિં સાંસદ અને પૂર્વ વિત્ત અને ગૃહમંત્રી સાજિદ જાવેદ તથા વિપક્ષી લેબર પાર્ટીના વરિષ્ઠતમ મુસ્લિમ સાંસદ ખાલિદ મહમૂદ સહિત ૨૦ સામાજિક અને માનવાધિકાર સંસ્થાઓએ મળીને સરકારને અપીલ કરી હતી કે ઈસ્લામોફોબિયાની આ પરિભાષાનો સ્વીકાર ન કરવામાં આવે. હિંદુ ઘોષણાપત્રમાં મૂકવામાં આવેલી હિંદુફોબિયા અને મંદિરો પર હુમલાને અટકાવવાની માંગને આ જ સંદર્ભે જોવી જોઈએ. દેશના મુસ્લિમ સમાજને ચિંતા છે કે ૧૧ સપ્ટેમ્બર, ૨૦૦૧ના હુમલા, ઈરાક અને સીરિયાના યુદ્ધો અને હાલમાં હમાસના હુમલાથી શરૂ થયેલ ગાઝાની લડાઈના વિરોધમાં થઈ રહેલ પ્રદર્શનોને લઈને ઈસ્લામોફોબિયા ફેલાઈ રહ્યો છે. હિંદુ સમાજને એ હિંદુફોબિયાને લઈને ચિંતા છે, જે હિંદુ ઉત્સવો, કારોબારો અને મંદિરો પર થનારા હુમલા અને સ્કૂલોમાં હિંદુ બાળકોની પજવણી કરવા રૂપે દેખાય છે. મોદી સરકાર બન્યા બાદથી કેનેડા, અમેરિકા અને ઓસ્ટ્રેલિયાની જેમ બ્રિટનમાં પણ આવા હુમલા વધ્યા છે.

હિંદુ સમાજને મધ્ય ઈંગ્લેન્ડના લેસ્ટર શહેરમાં બે વર્ષ પહેલાં જેહાદી તત્ત્વો દ્વારા કરવામાં આવેલ મારપીટ અને તોડફોડે વિશેષ રૂપે ચિંતિત અને સજાગ કર્યા છે. બ્રિટનમાં હિંદુ આબાદી સવા દસ લાખ છે, જેમાંથી અડધા લંડન અને તેની આસપાસ રહે છે. લંડનનો હિંદુ સમુદાય સરેરાશ આવકની દૃષ્ટિએ યહૂદીઓ બાદ સૌથી સમૃદ્ઘ અને સુશિક્ષિત છે. પરંતુ સંખ્યાની દૃષ્ટિએ તેઓ મુસ્લિમ સમુદાયના ચોથા ભાગ જેટલા છે. સ્થાનિક નિગમો અને સંસદમાં પ્રતિનિધિત્વ મામલે પણ તેઓ મુસ્લિમ સમુદાયથી પાછળ છે.

ભંગ થયેલ સંસદમાં ૧૯ મુસ્લિમ સાંસદો હતા. હિંદુઓ કોઈ પાર્ટી માટે મુસ્લિમ સમુદાયની જેમ એકજુથ પણ નથી થતા. તેમ છતાં સંખ્યાબળ અને અર્થબળની દૃષ્ટિએ હિંદુ સમુદાયનો પ્રભાવ એટલો થઈ ગયો છે કે હવે તેમની વાતને વણસાંભળી નહીં કરી શકાય. તેથી કેટલાક કંઝર્વેટિવ સાંસદોએ હિંદુફોબિયાની નોંધ લેવા અને તેને અટકાવવાની માંગનો સ્વીકાર કરી લીધો છે. સર્વેક્ષણો અનુસાર લેબર પાર્ટીની જીત લગભગ નક્કી દેખાય છે અને ત્યાં દબદબો આ સમયે મુસ્લિમ નેતાઓનો છે.

# ફાયર સેફ્ટીના અભાવ સહિતના મુદ્દે ખંભાળિયાના પાંચ કાયમી ફટાકડાના લાયસન્સધારકોના પરવાના રદ કરાયા

(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૯

ખંભાળિયા તાલુકામાં જે કોઈ આસામી કાયમી ફટાકડાનું વેચાણ કરવાનું લાયસન્સ ધરાવે છે, તેવા લાયસન્સ ધારકોની તંત્ર દ્વારા સઘન તપાસણી કરાવવામાં આવી હતી. જેમાં અહીંના મામલતદાર, પોલીસ વિભાગ અને ફાયર વિભાગની ટીમને સાથે રાખીને આ ટુકડીઓ દ્વારા અલગ અલગ વિસ્તારોમાં જરૂરી ચેકિંગ કાર્યવાહી કરાઈ હતી.

આ વચ્ચે ઉલ્લેખનીય છે કે ખંભાળિયા વિસ્તારમાં આશરે દોઢ ડઝન જેટલા ફટાકડાના કાયમી લાયસન્સ ધારકો છે. દિવાળી દરમિયાન કામ ચલાઉ ધોરણે લાયસન્સ મેળવીને આશરે ૪૦-૫૦ જેટલા દુકાનધારકો ફટાકડાનો વેપાર કરે છે.

તંત્ર દ્વારા કરવામાં આવેલી તપાસણીમાં જે કોઈ લાયસન્સધારકની કામગીરી નિયમોનુસાર જણાયેલ નથી, તેવા તમામને નોટીસ આપીને જરૂરી આધાર-પુરાવાઓ રજૂ કરવા જણાવાયું હતું. જે પૈકી હાલમાં પાંચ લાયસન્સ ધારકોએ તમામ જરૂરી આધાર-પુરાવાઓ રજૂ કરી શક્યા ન હોવાથી તેમજ આ અંગેની યોગ્ય પૂર્તતા - ખુલાસા ન આપતા આવા લાયસન્સ ધારકો સ્થળોએ ફાયર સેફ્ટીની પણ પૂરતી સુવિધા ન હોય, અને ફાયર એન.ઓ.સી. પણ ધરાવતા ન હોય, જેથી તેવા પાંચ લાયસન્સ ધારકોના લાયસન્સ તાત્કાલિક અસરથી રદ કરવામાં આવ્યા છે.વધુમાં જાણવા મળતી વિગત મુજબ ખંભાળિયાની મેઈન બજારમાં જીતેનભાઈ ચંદુલાલ સવજાણી, સાવન પ્રભુદાસ કોટેચા, જયંતીલાલ વાલજીભાઈ નકુમ, રોમીલ કાંતિલાલ કોટેચા અને વિનોદરાય મંગલદાસ હિંડોચા નામના પાંચ આસામીઓના લાયસન્સ રદ થયા છે.

અહીંના પ્રાંત અધિકારી કે.કે. કરમટાના વડપણ હેઠળ પ્રથમ વખત કરવામાં આવેલી આ પ્રકારની કડક કાર્યવાહીએ સ્થાનિક વેપારીઓમાં ચર્ચા જગાવી છે. આ ઝુંબેશ આગામી દિવસોમાં પણ ચાલુ રહેનાર હોવાનું જાણવા મળેલ છે.

# ખંભાળિયાના વાડીનાર ખાતે મહિલાઓ માટે કાયદાકીય જાગૃતિ શિબિર યોજાઇ



(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૯

ખંભાળિયા તાલુકાના વાડીનાર ગામે મહિલા અને બાળ અધિકારીની કચેરી અને નાયરા એનર્જી સંચાલિત પ્રોજેકટ એકસેલ સહયોગથી તથા ઈનશકિત ફાઉન્ડેશનના સંકલનથી કૌશલ્યવર્ધક રોજગારલક્ષી તાલીમ કેન્દ્ર ખાતે બહેનો સાથે કામકાજના સ્થળે મહિલાઓની જાતીય સતામણી અધિનિયમ અંતર્ગત કાયદાકીય જાગૃતિ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાયદાકીય જાગૃતિ શિબિરમાં મદદનીશ સરકારી વકીલ અલ્પેશભાઈ પરમાર દ્વારા કામકાજના સ્થળે મહિલાઓની જાતીય સતામણી અધિનિયમ વિશે માહિતી આપવામાં આવી હતી. જેમાં કાયદાની જોગવાઈઓ તથા કલમો વિશે બહેનોને વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. તેઓ દ્વારા કાયદાના ઈતિહાસથી લઈ વિશાખા ગાઈડ લાઈન સુધીની કાયદાની સફર વિશે વિસ્તૃત માહિતી પૂરી પાડવામાં આવી હતી.આ ઉપરાંત જિલ્લા મહિલા અને બાળ અધિકારી ડૉ.સી.ડી. ભાંભી દ્વારા આ કાયદાની ફરીયાદ કરવા માટે આંતરીક અને સ્થાનિક સમિતિ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. મહિલા સાથે થતી હિંસા રોકવાની અને બનતી મદદ કરવાની સામાજીક જવાબદારી અંગેની રોલમોડેલ તરીકેના વિષય પર વિસ્તૃત ચર્ચા કરાઈ હતી. આ કાર્યક્રમાં ડિસ્ટ્રીકટ હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વિમેનના કર્મચારીઓ, સખી-વન સ્ટોપ સેન્ટરના કર્મચારીઓ, પોલીસ સ્ટેશન બેઈઝડ સપોર્ટ સેન્ટરના કર્મચારીઓ, ૧૮૧-અભયમ મહિલા હેલ્પ લાઈન વગેરે કર્મચારીઓ દ્વારા ઘરેલુ હિંસાનો ભોગ બનનારને આ બધા પ્રકલ્પો પીડીતાને કેવી રીતે મદદરૂપ થાય છે તે માહિતી અને વિવિધ મહિલા લક્ષી યોજનાઓ વિશે માહિતી પૂરી પાડવામાં આવી હતી. આ શિબિરમાં મોટી સંખ્યામાં આંગણવાડી વર્કરના બહેનો ઉપસ્થિત રહી માર્ગદર્શન પ્રાપ્ત કર્યું હતું.

### બેઝ કેમ્પ પર ૨૪ કલાક નજર રાખવામાં આવશે

# જમ્મુ બેઝ કેમ્પથી અમરનાથ યાત્રીઓની પ્રથમ ટુકડી રવાના



જમ્મુ અને કાશ્મીર, તા.૨૯

બાબા બર્ફાનીના દર્શન માટે દર વર્ષે યોજાતી અમરનાથ યાત્રા શરૂ થઈ ગઈ છે. જમ્મુ અને કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હાએ શુક્રવારે (૨૮ જૂન) સવારે ૪.૩૦ વાગ્યે જમ્મુના બેઝ કેમ્પથી ભક્તોની પ્રથમ બેચને ફ્લેગ ઓફ કરી હતી. ભક્તોનું આ જૂથ બપોરે ૨ વાગ્યે દક્ષિણ કાશ્મીરના પહેલગામ અને મધ્ય કાશ્મીરના બાલતાલ પહોંચી હતી.

એલજી સિંહાએ એક દિવસ પહેલા જમ્મુમાં યાત્રી નિવાસ ભવનની મુલાકાત લીધી હતી. આ પહેલા એલજી દક્ષિણ કાશ્મીરના અનંતનાગમાં પહેલગામ બેઝ કેમ્પ પણ પહોંચ્યા હતા. અહીં તેમણે સુરક્ષા સંબંધિત બેઠકની અધ્યક્ષતા કરી હતી. તમને જણાવી દઈએ કે જમ્મુ-કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હા શ્રી અમરનાથ શ્રાઈન બોર્ડના અધ્યક્ષ પણ છે.૫૨-દિવસીય તીર્થયાત્રા ૨૯ જૂને બે માર્ગો દ્વારા શરૂ થશે - અનંતનાગમાં પરંપરાગત ૪૮ કિમી લાંબો નુનવાન-પહલગામ માર્ગ અને ગાંદરબલમાં ટૂંકો, પરંતુ અઘરો, ૧૪ કિમીનો બાલટાલ માર્ગ. શ્રી અમરનાથ શ્રાઈન બોર્ડના અધિકારીઓના જણાવ્યા અનુસાર, શહેરના શાલીમાર વિસ્તારમાં નોંધણી વગરના શ્રદ્ધાળુઓ માટે સ્થળ પર જ નોંધણી કેન્દ્ર બનાવવામાં આવ્યું છે, જ્યારે રામ મંદિરમાં સાધુઓની નોંધણી માટે એક વિશેષ શિબિર બનાવવામાં આવી છે. પુરાણી મંડીમાં સંકુલ.અધિકારીઓના જણાવ્યા અનુસાર, કડક સુરક્ષા વ્યવસ્થા વચ્ચે ૧૬૦૦ શ્રદ્ધાળુઓ કાશ્મીરની આગળની યાત્રા માટે ભગવતી-નગર બેઝ કેમ્પ પહોંચ્યા હતા. બેઝ કેમ્પ પર ભીડ એકઠી થઈ રહી છે. મહિલાઓ સહિત ૮૦૦થી વધુ સાધુઓ પરંપરાગત રામ મંદિર અને ગીતા ભવન પહોંચ્યા હતા. અહીં આવતા ભક્તો દક્ષિણ કાશ્મીર હિમાલયમાં ૩,૮૮૦ મીટર ઉંચી પવિત્ર ગુફા મંદિરમાં કુદરતી રીતે બનેલા બરફના શિવલિંગને જોવા માટે ઉત્સાહિત છે.સુરક્ષાની વાત કરીએ તો, જમ્મુ અને કાશ્મીર પોલીસની સુરક્ષા શાખાએ જમ્મુમાં અમરનાથ બેઝ કેમ્પની આસપાસના વિસ્તારમાં ત્રણ સ્તરીય સુરક્ષા માટે કડક વ્યવસ્થા કરી છે. જમ્મુના વરિષ્ઠ પોલીસ અધિક્ષક (SSP) ડૉ. વિનોદ કુમારના જણાવ્યા અનુસાર, યાત્રા માટે પૂરતી સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે. ભગવતી નગર વિસ્તારમાં બેઝ કેમ્પ માટે ત્રણ સ્તરીય સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે. જમ્મુ શહેરમાં રહેઠાણ અને નોંધણી કેન્દ્રો પણ કડક સુરક્ષા હેઠળ છે. આ ઉપરાંત પોલીસે આ હાઈવે પર સુરક્ષા દળો પણ તૈનાત કર્યા છે, જેના પરથી દરરોજ મુસાફરો પસાર થશે.સુરક્ષા અધિકારીઓએ જણાવ્યું કે કેમ્પમાં અને તેની આસપાસ ચોવીસ કલાક દેખરેખ રાખવા માટે ૩૬૦-ડિગ્રી કેમેરા સહિત બોડી સ્કેનર અને સીસીટીવી કેમેરા સ્થાપિત કરવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે સુરક્ષા માટે અર્ધલશ્કરી દળોની ઘણી કંપનીઓ તૈનાત કરવામાં આવી છે.

### તાળું તૂટતાં અધિકારીઓ ચોંકી ગયા

# જૂના બોક્સમાંથી મળ્યો સદીઓ જૂનો 'ખજાનો'...

## ગુજરાતના ભુજમાં હોમગાર્ડ ઓફિસમાંથી વર્ષો જુનો અમૂલ્ય ખજાનો મળી આવ્યો છે

કચ્છ, તા.૨૯

ગુજરાતના ભુજમાં હોમગાર્ડ ઓફિસમાંથી વર્ષો જુનો અમૂલ્ય ખજાનો મળી આવ્યો છે. જંક બની ગયેલા જૂના બોક્સમાંથી અહીંથી ઘણી જૂની વસ્તુઓ મળી આવી છે. ખરેખર, આ બોક્સ એક ટેબલનું તાળું તોડ્યા બાદ મળી આવ્યું હતું. કહેવામાં આવી રહ્યું છે કે આ બોક્સ ૨૦૦૧ના ભૂકંપ દરમિયાન મળી આવ્યું હતું. હાલ આ બોક્સ સરકારી કચેરીમાં જમા કરાવવામાં આવ્યું છે. બોકસમાંની વસ્તુઓ શાહી વંશના સમયની છે.મળતી માહિતી મુજબ ભુજના મહાદેવ ગેટ ખાતે વર્ષો પહેલા તહસીલદાર કચેરી હતી. હવે ત્યાં જિલ્લા અને હોમગાર્ડ યુનિટની ઓફિસ ચાલી રહી છે.

આ જગ્યાએથી સદીઓ જૂનો ખજાનો મળી આવ્યો છે, જેણે બધાને ચોંકાવી દીધા હતા. જિલ્લા હોમગાર્ડ કમાન્ડન્ટ મનીષ બારોટે જણાવ્યું હતું કે, કમાન્ડન્ટ દ્વારા ઉપયોગમાં લેવાતા ટેબલમાંથી જૂની ચાંદીની વસ્તુઓ મળી આવી છે.તેણે જણાવ્યું કે થોડા દિવસો પહેલા આ મોટા ટેબલ જેવા બોક્સની નીચેનું તાળું તૂટ્યું હતું. તાળું તોડતાં અંદર વર્ષો જૂનો ખજાનો હોવાનું જણાયું હતું. આ અંગે જિલ્લા હોમગાર્ડ કમાન્ડન્ટ મનીષભાઈ બારોટે તાત્કાલિક પ્રાંત અધિકારી અનિલ જાદવને જાણ કરી હતી. મામલાની માહિતી મળતાની સાથે જ તહસીલદારને તપાસ કરવા જણાવાયું હતું.

તહસીલદાર જ્યારે ઘટનાસ્થળે પહોંચ્યા તો તેઓ પણ બોક્સમાંથી કિંમતી સામાન જોઈને આશ્ચર્યચકિત થઈ ગયા. તપાસ કરતાં જાણવા મળ્યું કે આ બોક્સ ૨૦૦૧માં ભૂકંપ સમયે જાગીર શાખા દ્વારા જમા કરવામાં આવ્યું હતું. બોક્સની અંદર ચાંદીની જૂની વસ્તુઓ હતી. આ અમૂલ્ય વસ્તુઓ રાજાઓ અને સમ્રાટોના સમયની છે. હાલમાં ઉચ્ચ અધિકારીઓના આદેશથી આ બોક્સ જિલ્લા તિજોરીને સોંપવામાં આવ્યું છે.

# બીજેપી કાઉન્સિલરો દિલ્હીના રસ્તાઓ પર બોટ સવારી કરવા નીકળ્યા

નવી દિલ્હી, તા.૨૯

આ દરમિયાન નેગીએ દિલ્હીમાં પાણી ભરાઈ જવાની સમસ્યા ઉઠાવી અને કહ્યું કે પીડબલ્યુડી ગટર ઓવરફ્લો થઈ રહી છે. દિલ્હીની આમ આદમી પાર્ટીની સરકારે ગટરોની સફાઈ કરાવી નથી. અમે આ મુદ્દો વારંવાર ગૃહમાં ઉઠાવીએ છીએ. પરંતુ આમ આદમી પાટીને શરમ પણ નથી આવતી.

દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશનમાં આમ આદમી પાટીની સરકાર છે. દિલ્હીના લોકો પરેશાન છે પરંતુ એક લૂઝ પણ તેમને પરેશાન કરતું નથી. શુક્રવારે વહેલી સવારે દિલ્હી અને એનસીઆરમાં મુશળધાર વરસાદને કારણે ઘણા વિસ્તારો સંપૂર્ણપણે ડૂબી ગયા છે. રસ્તાઓ પાણીથી ડૂબી ગયા છે.

અને માર્ગ અને હવાઈ વાહનવ્યવહારને અસર થઈ છે. પરંતુ આ બધાની વચ્ચે દિલ્હી બીજેપી કાઉન્સિલરનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે.આ વીડિયોમાં રવીન્દ્ર સિંહ નેગી નામના બીજેપી કાઉન્સિલર રસ્તા પર પાણીમાં ચપ્પુ મારતા જોવા મળી રહ્યા છે.

તે રસ્તા પર ઓર સાથે બોટ ચલાવતો જોવા મળે છે.આ દરમિયાન નેગીએ દિલ્હીમાં પાણી ભરાઈ જવાની સમસ્યા ઉઠાવી અને કહ્યું કે પીડબલ્યુડી ગટર ઓવરફ્લો થઈ રહી છે. દિલ્હીની આમ આદમી પાટીની સરકારે ગટરોની સફાઈ કરાવી નથી. અમે આ મુદ્દો વારંવાર ગૃહમાં ઉઠાવીએ છીએ. પરંતુ આમ આદમી પાટીને શરમ પણ નથી આવતી. દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશનમાં આમ આદમી પાટીની સરકાર છે.

દિલ્હીના લોકો પરેશાન છે પરંતુ એક લૂઝ પણ તેમને પરેશાન કરતું નથી. દિલ્હીમાં એટલો બધો પાણી ભરાઈ ગયો છે કે લોકોના વાહનોને નુકસાન થઈ રહ્યું છે. પરંતુ આ સરકાર નિષ્ક્રિય બેઠી છે.તમને જણાવી દઈએ કે દિલ્હીમાં વરસાદે લોકોને રાહતની સાથે સાથે મુશ્કેલી પણ લાવી છે. ભારે વરસાદ બાદ રસ્તાઓ પર પાણી ભરાઈ ગયા છે. દિલ્હી એરપોર્ટ ટર્મિનલ - ૧ પર પાર્કિંગની છત પડી જવાને કારણે એક વ્યક્તિનું મોત થયું છે જ્યારે ૪ લોકો ઘાયલ થયા છે.નેશનલ કેપિટલ રિજનમાં વરસાદ બાદ દિલ્હી અને આસપાસના ઘણા વિસ્તારોમાં ભારે પાણી ભરાઈ ગયા છે. કેટલાક સ્થળોએ વાહનો વરસાદના પાણીમાં લગભગ અડધા ડૂબેલા જોવા મળ્યા હતા.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

હરિ વ્યાપક સર્વત્ર સમાના, પ્રેમ તે પ્રગટ હોહિ મૈ જાના.
- ગોસ્વામી તુલસીદાસજી

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.બહમન-૧૩૯૩, મુ. જીલ્હજ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, જેઠ વદ-૮ પંચક તા.૨૯ જૂન ૨૦૨૪, શનિવાર, પારસી તા.૧૯, મુસ્લિમ તા.૨૨, ઉત્તરાભાદ્રપ્રદા નક્ષત્ર, શોભન યોગ, તૈતિલ કરણ, સૂ.ઉ.૬:૦૮, સૂ.અ.૭:૪૦ આજનો દિવસ બપોરે ૨:૧૯ ક. સુધી શુભ છે.
આજે જન્મેલા બાળકની રાશી મીન (દ ચ ઝ થ) છે.
- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: પ્રવાસ-પર્યટન થાય. આર્થિક સમસ્યાનો ઉકેલ મળે.
વૃષભ:મહત્વના કાર્યો અટકી પડે. ગૃહસ્થ જીવનમાં ચકમક ઝરે.
મિથુન:ખર્ચમાં વધારો થાય. આર્થિક સમતુલા ખોરવાઈ જાય.
કર્ક: અગત્યના કાર્યોમાં રૂકાવટ આવે. મનની મુરાદ બર ન આવે.
સિંહ: સ્નેહિથી મતભેદ સર્જાય. કૌટુંબિક મહત્વના પ્રશ્નોનો ઉકેલ મળે.
કન્યા: પડવા-વાગવાથી સંભાળવું. નવિન તક મળે.
તુલા: પુરૂષાર્થ વધારવાથી કાર્ય સફળતા મળે. અકારણ ચિંતા રહે.
વૃશ્ચિક:વાણી સંયમ જાળવવો હિતાવહ. વ્યર્થ ક્રોધના ભોગ બનવું પડે.
ધન: પારિવારીક જીવનમાં આનંદ રહે. મનની મુરાદ પૂરી થાય.
મકર: સ્વજનથી મિલન-મુલાકાત થાય. કૌટુંબિક કાર્યમાં સફળતા મળે.
કુંભ: આવક કરતા જાવક વિશેષ રહે. મનમાં મુંઝવણ અનુભવાય.
મીન: આર્થિક સમસ્યા હળવી બને. નોકરી-ધંધામાં સફળતા મળે.

# પંજાબ પોલીસે ફેશન ડિઝાઈનર અર્ચના મકવાણાની ધરપકડ કરવી જોઈએ

પંજાબ, તા.૨૯

શિરોમણી ગુરુદ્વારા પ્રબંધક સમિતિ (SGPC) એ અમૃતસર પોલીસ પાસે માંગ કરી છે કે ફેશન ડિઝાઈનર અને જીવનશૈલી પ્રભાવક અર્ચના મકવાણાની ધરપકડ કરવામાં આવે. અર્ચના પર ગોલ્ડન ટેમ્પલ સંકુલમાં યોગ કરીને શીખોની ધાર્મિક ભાવનાઓને ઠેસ પહોંચાડવાનો આરોપ છે. આના થોડા કલાકો પહેલા અર્ચનાએ એક વીડિયો જાહેર કર્યો હતો જેમાં કહ્યું હતું કે SGPCએ તેની સામેની ફરિયાદ પાછી ખેંચી લેવી જોઈએ, કારણ કે મેં કંઈ ખોટું કર્યું નથી.પંજાબ પોલીસે હાલમાં જ SGPCની ફરિયાદ પર અર્ચના મકવાણા વિરુદ્ધ કેસ નોંધ્યો હતો. અર્ચના વિરુદ્ધ IPCની કલમ 295A હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. જો કે, અર્ચના મકવાણાએ પણ માફી માંગી છે અને કહ્યું છે કે તેનો ઈરાદો કોઈની ધાર્મિક લાગણીને ઠેસ પહોંચાડવાનો નહોતો. તમને જણાવી દઈએ કે 21 જૂને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ પર મકવાણા સુવર્ણ મંદિર પહોંચ્યા હતા અને પરિક્રમા માર્ગ પર યોગ કર્યા હતા.અર્ચના મકવાણાએ ગુરુવારે એક વીડિયો જાહેર કરીને કહ્યું કે તેણે કોઈ ખોટું કર્યું નથી અને SGPCએ તેની સામેની ફરિયાદ પાછી ખેંચી લેવી જોઈએ. દરમિયાન એસજીપીસીએ ગુરુવારે કહ્યું કે અમૃતસર પોલીસે મકવાણાની ધરપકડ કરવી જોઈએ.

### અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર શાંતિકુંજ હરિદ્વાર દ્વારા લેવાતી ભારતીય સંસ્કૃત જ્ઞાન પરીક્ષામાં

# ઊના તાલુકાના સિમાસ ગામની મુસ્લિમ સમાજની દીકરી સમગ્ર ગુજરાતભરમાં પ્રથમ ક્રમે પાસ થઈ



(નવીન જોષી દ્વારા)

ઉના તા. ૨૯

અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર શાંતિકુંજ હરિદ્વાર દવારા ભણતર ની સાથોસાથ ભારતીય સંસ્કૃતિ ની જાણકારી અને જ્ઞાન પ્રાપ્ત થાઈ તેવા ઉમદા હેતુથી ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા સ્કૂલ માં લેવાનું આયોજન સન ૧૯૯૪ થી કરવામાં આવેલ છે. આ પરીક્ષા દેશ ના ૨૨ રાજ્ય માં જુદી જુદી ૧૧ ભાષા માં લેવામાં આવેછે દેશ ની મોટા માં મોટી યુ. પી. એસ. સી. પરીક્ષા માં પણ આ બાબતેના ૨ માર્ક્સ ના પ્રશ્ન હોઈ છે.

ગુજરાત રાજય માં સને ૨૦૨૩ ની પરીક્ષા નું આયોજન તારીખ ૨૩.૦૯.૨૦૨૩ ના થયેલ જેમાં ઉના તાલુકા ના સીમાસી ગામની પ્રાથમિક શાળામાં ધોરણ -૭ માં અભ્યાસ કરતી કુ.અક્ષાબેન શબીરભાઈ જુણેજા એ ભાગ લીધેલ અને ગુજરાત રાજ્ય કક્ષા એ પ્રથમ સ્થાન પ્રાપ્તકરેલ જયારે આજ પરીક્ષા માં સુત્રાપાડા તાલુકા ના પ્રાસલી ગામે કૃપાલુ વિધ્યાલય માં ધોરણ -૯ માં અભ્યાસ કર્તા અંશકુમાર એમ. જાદવ એ ગુજરાત રાજ્ય કક્ષા માં તૃતિય સ્થાન પ્રાપ્ત કરેલ છે.

ગુજરાત રાજ્ય કક્ષા ની ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા માં રાજ્ય કક્ષા ની પરીક્ષા માં પ્રથમ અને તૃતિય સ્થાન ગીર સોમનાથ જિલ્લા ના વિદ્યાર્થી એ પ્રાપ્ત કરી જિલ્લા નું ગૌરવ વધારે છે

આ વિદ્યાર્થી માટે અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર શાંતિકુંજ હરિદ્વાર દવારા શિલ્ડ તેમજ પ્રમાણપત્ર ત્થા રોકડ પુરષ્કાર ની રકમ મોકલવા માં આવતા ગીર સોમનાથ જિલ્લા ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા સચિવ શ્રી ધીરુભાઈ ડી. રાઠોડ ના માર્ગદર્શન હેઠળ તારીખ ૨૭.૦૬.૨૪ના શાળા પ્રવેસોત્સવ દરમિયાન સીમાસી ગામે પરા શાળા અને પ્રાથમિક શાળા નો સંયુક્ત શાળા પ્રવેત્સવ કાર્યક્રમ શ્રી રૈયાણી સાહેબ એન્જીનયરશ્રી પી. જી. વી. સી.એલ. ઉના ના અધ્યક્ષ સ્થાને યોજાયેલ જેમાં આ આચાર્ય શ્રી દિલીપભાઈ સાહેબ ત્થા શ્રી લલિત ભાઈ સાહેબ અને શિક્ષકો ત્થા વિદ્યાર્થી ઓ અને શ્રી ધીરુભાઈ ડી. રાઠોડ સચિવશ્રી ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા અને ગાયત્રી પરિવાર ઉના. ડોળાસા. સરખાડી ના સદસ્યોં ની ઉપસ્થિતિ માં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરનાર કુ. અક્ષાબેન શબીર ભાઈ જુણેજા ને શિલ્ડ તેમજ પ્રમાણપત્ર અને રોકડ રકમ જિ.૩૦૦૦ ગાયત્રી પરિવાર ના કાર્યકર ના હાથે આપવામાં આવેલ

કૃપાલુ વિદ્યાલય પ્રાસલી ના શાળા પ્રવેત્સવ શ્રી રાજવીર સિંહ ઝાલા સાહેબ ગીર સોમનાથ જિલ્લા પંચાયત ઉપપ્રમુખશ્રી ના અધ્યક્ષ સ્થાને યોજાયેલ જેમાં કેમ્પસ ડાયરેકટર શ્રી ઝાલા સાહેબ અને ગાયત્રી પરિવાર ના સૌરાષ્ટ્ર જોન ના સંયોજક શ્રી હરિસિંહભાઈ ડોડીયા સાહેબ અને ગાયત્રી પરિવાર ના સદસ્યોં ની ઉપસ્થિતિ માં તૃતિય સ્થાન પ્રાપ્ત કરનાર અંશકુમાર એમ. જાદવ ને શિલ્ડ અને પ્રમાણપત્ર તેમજ રોકડ પુરસ્કાર જિ.૧૫૦૦ શ્રી હરિસિંહ ભાઈ ડોડીયા ના વર્દ હસ્તે એનાયત કરવામાં આવેલ હતું.

## જૂનાગઢમાં અગમ્ય કારણસર ઝેરી દવા પીતા યુવાનનું સારવારમાં મૃત્યું

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૯

જૂનાગઢમાં અગમ્ય કારણસર ઝેરી દવા પી જતાં યુવાનનું સારવારમાં મોત નિપજ્યું હતું. બીલખા રોડ ઉપર આવેલ આંબેડકરનગરમાં હનુમાન ચોક પાસે રહેતો ૨૧ વર્ષીય વિશાલ ખોડાભાઈ પરમાર નામના યુવકે અગમ્ય કારણસર ઝેરી દવા પી જતાં સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. સારવાર દરમ્યાન વિશાલે અંતિમ શ્વાસ લઈ લેતા પરિવારજનોમાં ગમગીની છવાઇ ગઈ હતી. આ ઉપરાંત ભેસાણ તાલુકાના ગળથ ગામે રહેતા ૭૦ વર્ષીય વૃદ્ધા જીવતીબેન ખોડાભાઈ કોલરીયાએ ૨૬ જુનના રોજ પોતાના ઘરે એસિડ પી લેતા સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. પરંતુ સારવાર દરમ્યાન મૃત્યુ થયું હતું. વૃધ્ધાનાં આપઘાત પાછળનું કારણ બહાર નહિ આવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

# કોડીનારની ડોળાસા ગામની કુમાર અને કન્યા પ્રાથમિક શાળાનો સયુંકત પ્રવેશ મહોત્સવ યોજાયો



(પ્રતિનિધિ દ્વારા)

ડોળાસા તા.૨૯

કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ ૨૦૨૪ ની ઉજવણીના ભાગ સ્વરૂપે ડોળાસા કન્યા અને કુમારશાળાનો સંયુક્ત કાર્યક્રમ તારીખ ૨૭-૬-૨૪ ના રોજ ૧૦ કલાકે કરવાનો હતો એ સમયે જ ધોધમાર વરસાદ ચાલુ થવાથી કાર્યક્રમમાં થોડું વિઘ્ન આવેલ, છતાં થોડો વરસાદ ધીમો પડતા કાર્યક્રમ શરૂ થયો હતો. જેમાં બી.આર.પટેલની અધ્યક્ષતામાં તાલુકા પંચાયત પ્રમુખ જીતુભાઈ પરમાર, ગામના સરપંચ ગોવિંદભાઈ, ઉપસરપંચ સુભાષભાઈ મોરી, ગામના માજી સરપંચ પ્રતાપભાઈ મોરી, બંને સ્કૂલના આચાર્ય અને તેમનો સ્ટાફ તેમજ તમામ બાળકો અને વાલીઓ અને આગેવાનો સમક્ષ કાર્યક્રમનું આયોજન થયું તેમાં ધોરણ ૧ બાલવાટિકા અને આંગણવાડીના બાળકોને પ્રવેશ આપવામાં આવ્યો હતો તેમજ શાળાના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓનું સન્માન તેમજ વાલી અને એસએમસી સાથે બેઠક યોજવામાં આવી હતી અને શાળાની તમામ બાબતો ચકાસવામાં આવી હતી. બંને શાળાનો દેખાવ અતિ સુંદર જણાવેલ છે. કાર્યક્રમના અંતે વૃક્ષારોપણ કરવામાં આવેલ હતું.

## શ્રી કષ્ટભંજનદેવ દાદાને લાલ-પીળા ખાલેલાનો દિવ્ય શણગાર



સાળંગપુર તા.૨૯

વડતાલધામ દ્વિશતાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણા વાળા)ની પ્રેરણાથી તેમજ કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી તા. ૨૯-૦૬-૨૦૨૪ને શનિવારે સવારે ૫:૩૦ કલાકે મંગળા આરતી પૂજારી સ્વામી તથા ૭:૦૦ કલાકે શણગાર આરતી કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામી (અથાણાવાળા) દ્વારા કરવામાં આવેલ. દાદાને લાલ-પીળા ખાલેલાનો દિવ્ય શણગાર કરવામાં આવ્યો હતો. હજારો ભક્તોએ પ્રત્યક્ષ તેમજ ઓનલાઈન આ અનેરા દર્શનનો લાભ લઈ ધન્યતાનો અનુભવ કરેલ.

# માંગરોળની લાલબાગ સીમશાળામાં કન્યા કેળવણી મહોત્સવ તેમજ શાળા પ્રવેશોત્સવ હર્ષોલ્લાસથી ઉજવાયો





(પ્રતિનિધિ દ્વારા)

માંગરોળ, તા. ૨૯

માંગરોળ તાલુકાની નામાંકિત નિશાળોમાંની એક લાલબાગ સીમશાળામાં કન્યા કેળવણી મહોત્સવ તેમજ શાળા પ્રવેશોત્સવ ઘાંચી કોમ્યુનિટી હોલમાં હર્ષોલ્લાસથી ઉજવાયો હતો. ગાંધીનગર સચિવાલય એજ્યુકેશન ડીપાર્ટમેન્ટના અધિકારી હેતલબેન સચાણીયાની અધ્યક્ષતામાં આ પ્રોગ્રામ યોજાયો હતો. બાળકોના મધૂર કંઠે પ્રાર્થના અને મુખ્ય મહેમાનો હસ્તે દીપ પ્રગટાવીને પ્રોગ્રામની શરૂઆત કરવામાં આવી હતી. જેમા સૌ પ્રથમ શાળામાં અભ્યાસ કરતી પ્રથમ હરોળની કન્યાઓને ઈનામો આપી પ્રોત્સાહિત કરવા આવી હતી. તેમજ બાલવાટિકા અને પહેલા ધોરણમાં ૭૩ જેટલા બાળકોને અતિથિ વિશેષ હસ્તે પ્રવેશ આપવામાં આવ્યો હતો. આ તકે પ્રાસંગિક પ્રવચન આપતા શાળાના આચાર્ય આદમ ભાટાએ શાળાની સિધ્ધિઓ વર્ણવી જણાવ્યું હતું કે, અમારી આ સરકારી સીમશાળામાં ૬૦૦ વિદ્યાર્થીઓની સંખ્યા છે. છતાં એડમિશન માટે વેઈટીગ ચાલે છે. જે અમારા સ્ટાફની ભગીરથ મહેનતનું દષ્ટાંત છે. અમારી નિશાળ માટે સરકારશ્રીએ ઘણું બધું આપ્યું છે. પરંતુ જગ્યાના અભાવે શાળાનો પ્રવેશોત્સવ પણ નિશાળ છોડી અન્ય જગ્યાએ કરવો પડે છે. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે સચિવાલયના અધિકારી હેતલબેન સચાણીયા શાળાની કામગીરી અને બાળકોની કુશળતા જોઈને વિસ્મયમાં પડી ગયા હતા. ગાંધીનગર સચિવાલયમાથી મુખ્ય મહેમાન સાથે ડીવાયએસઓ-નેહાબેન બારસીપીયા, ઉર્મિલાબેન પરમાર અને સોનિયાબેન વોરા ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રોગ્રામમાં શાળાનાં દરેક ધોરણમાં પ્રથમ ત્રણ ક્રમાંકે પાસ થયેલા વિદ્યાર્થીઓને મુવમેન્ટો આપી મહેમાનોના હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા. તદુપરાંત શાળાના વિકાસમાં મદદરૂપ થતા સખીદાતા ઈલ્યાસભાઈ કાદુ અને યુસુફભાઈ ઘમેરીયા, ઈસ્માઈલ કાલવાત તેમજ વરિષ્ઠ શિક્ષકો અને એસએમસીના સભ્યોનું પણ સાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રોગ્રામમાં એસએમસીના અધ્યક્ષ ઈસ્માઈલભાઈ કાલવાત, ઉપાધ્યક્ષ હનીફભાઈ ગુજરાતી, શિક્ષણવિદ અ. રજાક ગોસલીયા, પૂર્વ અધ્યક્ષ યુસુફભાઈ ઘમેરીયા, શાળાના કાર્યમાં અગ્રેસર રહેતા હાજી હારૂન બેરા તેમજ મોટી સંખ્યામાં વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

પ્રોગ્રામના સમાપન બાદ સચિવાલયમાથી પધારેલ તમામ અધિકારીઓએ શાળાનું નિરિક્ષણ કર્યું હતું. અને આટ આટલી અગવડતા છતાં શાળાની આટલી સારી કામગીરીને બિરદાવી હતી. નિશાળની જગ્યા માટે હાઈકોર્ટમાં ચાલી રહેલ મેટર અંગે એસએમસી એ ઉપસ્થિત પદાધિકારીઓને માહિતગાર કર્યા હતા. દરરોજની પ્રાર્થના, મધ્યાહન ભોજન અને પાર્કિંગ સહિતની અનેકવિધ સમસ્યાઓ વિશે રાવ કરી તેમના વતિ સરકારમાં રજૂઆત કરવા વિનંતી કરી હતી. હાલના તબક્કે લાલબાગ સીમશાળામાં જગ્યાના અભાવે ઉભી થાતી અસુવિધાઓ વિશે સચિવાલયના અધિકારી હેતલબેને ઉચ્ચકક્ષાએ રીપોર્ટ કરવાની ખાતરી આપી હતી. જગ્યાના અભાવે શાળાનો વિકાસ રૂંધાઈ રહ્યો છે ત્યારે તેમની કક્ષાએથી સરકારમા રજૂઆત કરવાની પણ બાંહેધરી આપી હતી. આ પ્રોગ્રામનું સંપૂર્ણ સંચાલન શાળાના જ વિદ્યાર્થી બુમડીયા સુલેમ ફીરોઝ અને વિદ્યાર્થીની બમ આફીયા ઈબ્રાહીમ એ સુંદર રીતે કર્યુ હતું. જેમા શાળાના શિક્ષક ભરતભાઈ કામળિયા, કૃપાલીબેન જોધાણી, પ્રિયંકાબેન પટેલ અને આદીલ શેખે શૂર પૂરાવ્યો હતો. પ્રોગ્રામને સફળ બનાવવા શાળાના વરિષ્ઠ શિક્ષક અબ્બાસભાઈ કરૂડ તેમજ આચાર્ય અને સ્ટાફે ભારે જહેમત ઉઠાવી હતી.

# ખંભાળિયા નજીક એરગન બતાવીને વાહન ચાલકો પાસેથી પૈસા પડાવતા બે નકલી પોલીસ ઝડપાયા

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૯

ખંભાળિયા શહેર નજીક પોલીસ જવાનો દ્વારા વાહન ચાલકો પાસેથી ગેરકાયદેસર રીતે પૈસા પડાવવામાં આવતા હોવાની ફરિયાદના અનુસંધાને પોલીસે ગોઠવી અને ખંભાળિયા - ભાણવડ માર્ગ પરથી બે નકલી પોલીસને વાહન ચાલકો પાસેથી પૈસા પડાવતા એરગન, ધોકા વિગેરે સાથે ઝડપી લીધા હતા.

ખંભાળિયાથી ભાણવડ તરફ જતા રસ્તે કોઈ શખ્સો પોલીસનો નકલી સ્વાંગ રચીને અહીં પસાર થતા વાહન ચાલકોને રોકી અને કાયદાનો ભય બતાવી, રૂપિયા પડાવતા હોવાની રજૂઆત અહીંની પોલીસ સમક્ષ કરવામાં આવી હતી જેને અનુસંધાને અહીંના પી.આઈ. બી.જે. સરવૈયા તથા સર્વેલન્સ સ્ટાફ દ્વારા ગતરાત્રે ખંભાળિયા - ભાણવડ માર્ગ પર ચેકિંગ કાર્યવાહી કરવામાં આવી હતી. આ કામગીરી દરમિયાન ભાણવડ તાલુકાના માંઝા ગામના પાટીયા આગળથી રોડ પર પસાર થતાં એક ટ્રકના ચાલકને બે શખ્સોએ અટકાવીને ચાલક પાસેથી કોઈ બાબતે રૂપિયા ૨૦૦ પડાવ્યા હતા.

આ દરમ્યાન ખંભાળિયા પોલીસ સ્ટાફે ત્રાટકી અને અહીં રહેલા નકલી પોલીસ એવા સામત ગોવિંદ કરંગીયા (ઉ.વ.



૨૫, રહે. કોલવા) અને દિનેશ મેઘા પરમાર (ઉ.વ. ૨૬, રહે. ભટગામ) નામના બે શખ્સોને ઝડપી લીધા હતા. આ શખ્સોની તપાસમાં તેઓ પાસેથી નકલી આઈ કાર્ડ તથા એરગન અને લાકડાનો ધોકો પણ મળી આવ્યો હતો. આથી પોલીસે આરોપીઓ પાસે રહેલા મોટરસાયકલ સહિત કુલ રૂપિયા ૩૫,૩૧૫ નો મુદ્દામાલ કબજે લઈ, ધોરણસર કાર્યવાહી કરી હતી.

# ઊના પોલીસે લૂંટના ગુનાના બે આરોપીને મુદામાલ સાથે ગણતરી ના કલાકોમાં ઝડપી લીધા



(નવીન જોષી દ્વારા)

ઊના તા.૨૯

ઊના શહેર મા મોદેશ્વર રોડ ઉપર આવેલ સર્કિટ હાઉસ સામે ના રોડ ઉપર મોટર સાયકલ ઉપર જતા મિલન કનુ ભાઈ સોસા અને ધવલ મનુ ભાઈ સોસા પસાર થતા હતા ત્યારે ઊના નો રીઢો આરોપી કૃણાલ ઉર્ફે સુજલ રવિ ભાઈ બાંભણિયા અને નીતિન ઉર્ફે ગીગો મોહનભાઈ રાઠોડ રે. ઊના વાળા એ મોટર સાયકલ આડે ઉભા રહી બન્ને ને આડેધડ ઢિકા પાટુ નો માર મારી બન્ને પાસે રહેલ કીમતી મોબાઈલ ફોન કિંમત રૂપિયા ૧૨૦૦૦/ની લૂંટ કરી નાસી ગયા હતા જેની ઊના પોલીસ સ્ટેશન મા ફરિયાદ નોંધાવી હતી. ઊના ના પોલીસ ઈન્સ્પેકટર મહેન્દ્ર સિંહ એન. રાણા અને પી.એસ.આઈ. એચ. આર. જેબલિયા એ.એસ.આઈ. ધર્મેન્દ્ર સિહ પરમાર, દિલીપ ભાઈ અશોક ભાઈ મકવાણા, જોરૂ ભા મકવાણા વિજય ભાઈ રાહુલ ભાઈ વિગેરે એ જુદી જુદી ટીમ બનાવી આરોપી ને પકડવા તજવીજ હાથ ધરી હતી અને બાતમી મળી હતી કે ઊના એસ.ટી. બસ સ્ટેશન ના જાપા પાસે બે યુવાનો આવતા જતાં લોકો ને મોબાઈલ ફોન વેચવા માટે કોશિશ કરતા હતા ત્યારે સ્થળ ઉપર જઈ લૂંટ ના ગુના નો આરોપી કૃણાલ ઉર્ફે સુજલ રવિ ભાઈ બાંભણિયા અને નીતિન ઉર્ફે ગીગો મોહનભાઈ રાઠોડ ને દબોચી લેવામાં આવે લ હતા અને આગવી પૂછ પરછ કરતા તેમના કબજા મા રહેલ લૂંટ કરેલ કીમતી મોબાઈલ ફોન નગ બે રૂપિયા ૧૨૦૦૦/ની કિંમત ના મળી આવતા પોલીસે લૂંટ ના ગુના મા ધરપકડ કરી ગણતરી ના કલાકો માં લૂંટ નો ભેદ ઉકેલી સફળતા મેળવી હતી આરોપી નંબર એક કૃણાલ ઉપર ઊના પોલીસ સ્ટેશન મા લૂંટ મારામારી, ચોરી, અપહરણ , દુષ્કર્મ. જેવા સાત ગુનાઓ નોંધાયા છે. આરોપી ગુનો કરવાની ટેવ વાળો હોવાનું પોલીસે જણાવ્યું હતું.

# સાળંગપુરધામ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર તરફથી વિનામૂલ્યે નોટબુક વિતરણ કરાયું






સાળંગપુર, તા.૨૯

વડતાલધામ દ્વિશતાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણા વાળા)ની પ્રેરણાથી તેમજ કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી તા.૨૮/૬/૨૦૨૪ને શુક્રવારના રોજદર વર્ષની જેમ આ વર્ષે પણ શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓંને વિનામૂલ્યે ફુલસ્કેપ નોટબુક વિતરણ હૃદયપ્રકાશસ્વામી તેમજ શ્રી નારાયણમુનીસ્વામી (અથાણાવાળા) દ્વારા શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર તરફથી કરવામાં આવ્યુ હતું.

## ઉનામાં પીર સૈયદ બાદશાહ મિયાં કાદરી નકશબંદી મુજદ દીદી (ર.દી.)ના ૪૨માં ઉર્ષનો પ્રારંભ





(નવીન જોષી દ્વારા)

ઊના તા.૨૯

ઊના શહેમાં કોર્ટ વિસ્તાર માં સૈયદ વાડા મા આવેલ ઊના સરકાર પીર સૈયદ બાદશાહ મિયાં કાદરી નકશબંદી મુજદ દીદી (ર. દી.) નો ૪૨ ઉર્ષ શરીફ તારીખ ૨૮/૦૬/૨૪ને શુક્રવાર થી પ્રારંભ થયો છે. રાત્રિ ના દરગાહે સરિફે ઉપર શુફી સંતો એ તકરીર. અકિદત પેશ કરી હતી. શનિવાર તા,૨૯/૦૬ના સાંજે પાંચ કલાકે સંદલ સરીફ નું ઝુલુસ રફીક બાપુ ના ડેલા એ થી નીકળી પીર સૈયદ બાદશાહ મિયાં બાપુ ની દરગાહે પહોંચશે ત્યાં સંદલ વિધિ કરવા મા આવશે અને ચાદાર ચડાવશે તેમજ તા.૩૦/૬ને રવિવારે રાત્રિ ના કવ્વાલી ની મહેફીલ યોજાશે જેમાં યુ.પી. ના મશહુર કવ્વાલ શાહિદ સમી નિયાઝી અને તેનું ગ્રુપ સુફિયા અંદાઝ થી કવ્વાલી ની રમઝટ બોલાવશે આ ઉર્ષ મા તમામ હિન્દુ અને મુસ્લિમ ભાઈઓ ને હાજરી આપવા પિર એ તરિક્ત શમસુલ માઅરીફ સૈયદ મઝર હુશેન કાદરી નકશબંદી જાહેર આમંત્રણ આપેલ છે.

# દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સાર્વત્રિક વરસાદ વરસ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)

દેવભૂમિ દ્વારકા,તા.૨૯

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સાર્વત્રિક વરસાદ વરસ્યો છે. ઉપરવાસમાં વરસાદના કારણે ભાળથર અને મોટી ખોખરી ગામની નદીમાં પૂર આવ્યું છે. નદીના પાણી ફરી વળતા ભાડથર અને ભીંડા ગામને જોડતો રસ્તો ધોવાઈ ગયો છે. જેના કારણે વાહન વ્યવહાર પ્રભાવિત થયો છે. કલ્યાણપુર તાલુકામાં ધોધમાર વરસાદ વરસ્યો છે.

પાનેલી, ગાંગલી, ચાસલાણા, દેવળિયા સહિતના ગામોમાં ધોધમાર વરસાદ વરસ્યો છે. ખંભાળિયા અને સલાયા પંથકમાં વરસાદના કારણે નદી-નાળા છલકાયા છે. સલાયા અને માંઢા ગામ વચ્ચે આવેલા પુલ પર પાણી ફરી વળ્યા છે. યાત્રાધામ દ્વારકામાં પણ છેલ્લા એક કલાકથી સતત ધીમી ધારે વરસાદ વરસી રહ્યો છે. ધીમી ધારે વરસાદને લીધે તમામ રોડ રસ્તાઓ પર પાણી ફેરવાઈ ગયા છે. દ્વારકા જિલ્લામાં છેલ્લા ચાર દિવસથી વરસાદી માહોલ જામ્યો છે.

સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત જ્યાં આજે ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગ દ્વારા આ આગાહી કરવામાં આવી છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આજે રાજ્યભરમાં વરસાદી માહોલ રહેશે. જો કે, સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે.

# કેશોદની શ્રી સર્વોદય હાઈસ્કૂલ ખાતે શાળા પ્રવેશોત્સવ ઉત્સવ ઉજવાયો

(પ્રતિનિધી દ્વારા)

કેશોદ તા.૨૯

કેશોદની શ્રીસર્વોદય હાઈસ્કૂલ ખાતે શાળા પ્રવેશોત્સવ ઉજવણી કરવામાં આવી જેમાં ધો.૯ અને ૧૧ માં પ્રવેશ લેનાર અને જ્ઞાનસાધના અને એન.એમ.એમ. એસ.સ્કોલરશીપ અને ચિત્ર વકતૃત્વ સ્પર્ધામાં ઉતીર્ણ થનારા વિદ્યાર્થીઓને પુસ્તકો તેમજ પ્રમાણપત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા સમગ્ર કાર્યક્રમમાં સર્વોદય એજ્યુકેશન ટ્રસ્ટના અને શાળાના પ્રમુખશ્રી ઓધવજીભાઈ બોરસાણીયા



અને જ્યોત્સનાબેન બોરસાણીયા અને સમર્થભાઈ તેમજ પ્રવેશ ઉત્સવની સમગ્ર ટીમ કાથડસર ગૌસ્વામી સર તેમજ શાળા ના આચાર્ય એસ. આર ચાવડા અને સમગ્ર સ્ટાફ મિત્રો દ્વારા વિદ્યાર્થી ઓને ભવિષ્યમાં આવનાર સમય હરીફાઈ હોય એમને પહોંચી વળવા અને વાલીઓના સ્વપ્રા ઓને સાકાર કરવા માટે વિદ્યાર્થી ઓને આશીર્વાદ સમગ્ર શાળા પરિવાર દ્વારા આપવામાં આવ્યા અને કાર્યક્રમનું સંચાલન ડાંગર અને કમાણી દ્વારા કરવામાં આવ્યું હતું.

# જૂનાગઢની શ્રી મારી પ્રાથમિક શાળામાં કન્યા કેળવણી તથા શાળા પ્રવેશોત્સવની ઉજવણી કરાઈ




જૂનાગઢ તા. ૨૯

જૂનાગઢ શહેરની મધ્યમાં આવેલ શ્રી મારી પ્રાથમિક શાળામાં કન્યા કેળવણી તથા શાળા પ્રવેશોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ૭૦ બાળકોને પ્રવેશ આપવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વાલીઓએ હોંશભેર ભાગ લીધો હતો.

આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે જિલ્લા આયોજન અધિકારી શ્રી ગંભીર, સત્યમ સેવા યુવક મંડળના પ્રમુખ મનસુખભાઈ વાજા ઉપસ્થિત રહી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા વહાભાઈ કુરેશી, એડવોકેટ અશ્વિનભાઈ મણિયાર, નુરાભાઈ કુરેશી, કાસમભાઈ જુણેજા, પે સેન્ટરના આચાર્ય ઝાકીરભાઈ પડાયા, વાલીએ સોરઠ હાઈસ્કૂલના પ્રિન્સિપાલ હારૂનભાઈ વિહળ, સી.આર.સી. મસરીભાઈ તથા આંગણવાડી કાર્યકર બહેનો પણ ઉપસ્થિત રહ્યા હતા.

દિવાન ચોકમાં આવેલ પટેલ બેગવાળા જયભાઈ દેત્રોજાએ પ્રવેશ પામેલ સર્વે બાળકોને સ્કૂલ બેગ આપી સેવાકીય કાર્યનું ઉત્તમ ઉદાહરણ પૂરૂં પાડ્યું હતું. અન્ય દાતાઓમાં સત્યમ સેવા યુવક મંડળના પ્રમુખ તથા સેવાના પર્યાય મનસુખભાઈ વાજાએ બાળકોને રમકડાં તથા શૈક્ષણિક સ્ટેશનરી કીટ આપી પ્રોત્સાહિત કર્યા હતા.

વહાબભાઈ કુરેશી, શાળાના રિટાયર્ડ શિક્ષકો દમયંતીબેન દવે, પદ્માબેન જોશી, હંસાબેન પરમાર, ભારતીબેન વડેરા તથા દુબઈ સ્થિત તેમના બહેન મિતુબેન આડતીયા તરફથી તથા હિતેશભાઈ પાઘડારે પણ રોકડ રકમ તથા સ્ટેશનરી કીટ આપી બાળકોને પ્રોત્સાહન પૂરૂં પાડ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા આચાર્ય જયભાઈ વાસવેલીયા, મુકેશગીરી મેઘનાથી, વીણાબેન કરંગીયા, ધરતીબેન દેસાઈ, પ્રજ્ઞાબેન બારૈયા, વર્ષાબેન પાઘડાર, કૃપાલીબેન દેવમુરારી, ભાવિલભાઈ વાઘેલા, સરોજબેન ઠેસિયા, હર્ષાબેન દેલવાડીયા કિર્તીબેન મકવાણા, સાયનાબેન સોલંકી, ઉર્વશીબેન વિસાવડીયા, ભારતીબેન વડેરા, રેશમાબેન કનેરિયા તથા મધ્યાહન ભોજન સ્ટાફ તેમજ સમગ્ર સ્ટાફ મિત્રોએ જહેમત ઉઠાવી હતી.

# ડોળાસા અને બોડીદર ગામને જોડતા મુખ્ય રોડ પર દર ચોમાસામાં તળાવ ભરાય છે



(પ્રતિનિધિ દ્વારા)

ડોળાસા તા. ૨૯

કોડીનાર તાલુકાના ડોળાસા અને ગીરગઢડા તાલુકાના બોડીદર ગામ વચ્ચેનું અંતર માત્ર ત્રણ કી. મી. છે. આ રોડ ઉપર દર ચોમાસામાં અર્ધા કી.મી.માં બે બે ફૂટ પાણી ભરાય છે. પણ આ સમસ્યાના કાયમી ઉકેલ માટે કોઈ નક્કર કામગીરી હજુ સુધી હાથ ધરવામાં આવી નથી. પરિણામ સ્વરૂપ હજારો વાહન ચાલકો, ખેડૂતો, શાળાના બાળકો અને રાહદારીઓ આખું ચોમાસું હેરાન થાય છે.

કોડીનાર તાલુકાનું ડોળાસા ગામ આજુ બાજુના ત્રીસથી વધુ ગામોનું વ્યાપારિક મથક છે. જેમાં ગીરગઢડા તાલુકાના બોડીદર, સોનપરા, જાંજરિયા, વેળકોટ વિગેરે ગામોનો પણ સમાવેશ થાય છે. ડોળાસા બોડીદર રોડ ઉપરથી આ ગામો ઉપરાંત કોડીનાર તાલુકાના આલીદર, હરમડિયા વિગેરે ગામોનો સમાવેશ થાય છે. એટલે કે પંદરથી વધુ ગામોના લોકો આ રોડનો ઉપયોગ કરે છે. પણ આ રોડ ઉપર દર ચોમાસા દરમ્યાન પાણીનું તળાવ ભરાય છે. આ ખાડાનું અંતર અર્ધા કી મી.નું છે. અહીં સિમેન્ટ રોડ જ બનાવવો પડે પણ દર સાલ ચોમાસા બાદ રોડ રિપેર કરી દેવામાં આવે છે. આટલા ગામોને પરેશાન કરતી આ જટિલ સમસ્યાના કાયમી ઉકેલ માટે કોઈ નક્કર કામગીરી હાથ જ ધરવામાં આવી નથી. જેથી વહેલી તકે આ સમસ્યાનું યોગ્ય નિરાકરણ આવે તેવી લોકોની માંગ છે.

# ઊના: સ્વામિનારાયણ ગુરૂકુળમાં પ્રવેશોત્સવ ઉજવાયો



(પ્રતિનિધિ દ્વારા) ઉના તા. ૨૯

ગુજરાત સરકારના કન્યા કેળવણી અને પ્રવેશ ઉત્સવ ત્રિદિવસીય કાર્યક્રમ અંતર્ગત સ્વામિનારાયણ ગુરૂકુળ ઊનામાં ભાવ ફેરી સાથે પ્રવેશઉત્સવ ઉજવાયો હતો. જેમાં સરકારના પ્રતિનિધિ તરીકે એ.જે.ભુવા, પી.એસ.આઈ જેબલિયા ખાસ ઉપસ્થિત રહી નવા વિદ્યાર્થીઓને પ્રવેશ અપાવ્યો હતો અને વ્યસનમુક્તિ તેમજ ટ્રાફિક સમસ્યા નિવારણ વિષે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. આ તકે સંસ્થાના પ્રમુખ પ.પૂ.શાસ્ત્રી સ્વામી માધવદાસજી સ્વામીએ નવા વિદ્યાર્થીઓને આર્શિવાદ પાઠવ્યા હતા.

# ઉનામાં સૈયદ બાદશાહમિંયા કાદરી બાપુના ઉર્ષની ઉજવણી



(પ્રતિનિધિ દ્વારા)

ઉના તા. ૨૯

ઉના શહેરમાં સરકાર પીર સૈયદ બાદશાહમિયાં બાપુ કાદરી નકશબન્દિ (ર.દી )નો ઉર્ષ મુબારક ધામધૂમ પૂર્વક ઉજવણીનો પ્રારંભ થયેલ છે. જેમાં બહારથી મહેમાનોની મોટી સંખ્યામાં હાજરી આપશે. આ પ્રસંગે કવ્વાલી તેમજ ન્યાઝનું પણ આયોજન કરવામાં આવેલ છે. પીર એ તરિકત સરકાર એ આલા હાજી સૈયદ નાસીરૂદીન કાદરી નકશબંદી ( ર.દી ) ની દુઆથી પીર એ તારિકત પીર સૈયદ રફીકબાપુ કાદરી નકશબન્દિની સદારતમાં ઉજવાય છે, તેમજ આ ઉર્ષનાં કાર્યક્રમમાં ગઈકાલે તા.૨૮-૬-૨૪ ને શુક્રવારે રાત્રે ખત્મ શરીફ રાખવામાં આવેલ હતું. આ પ્રસંગે પીરે તરીકત મેહબૂબઅલી કાદરી નકશબન્દિ તકરીર પેશ કરી હતી. તેમજ આજરોજ તા.૨૯-૬-૨૪ ના રોજ સાંજે ૫ કલાક બાદ નમાઝ એ અસર ખાનકાહ એ કાદરીયાહ નકશબન્દિયા (સરકાર રફીકબાપુના ડેલામાં) થી સંદલ મુબારક શાનો શોકતથી જુલુસ સાથે નીકળશે અને દરગાહ શરીફ પર પહોંચશે. તા.૩૦-૬-૨૪ના રોજ રાત્રે ૧૦:૩૦ કલાકે સરકાર સચ્ચટ બાદશાહમિયાં કાદરી નકશબન્દિ (ર.દી)ની દરગાહ ખાતે કવ્વાલીની મહેફીલ રાખવામાં આવેલ છે. જેમાં યુપીનાં મશહૂર કવ્વાલ શાહિદ સમી નિયાઝી પોતાના સુફિયાના અંદાજમાં કલામ પેશ કરશે. આ પ્રસંગે સર્વે મુસ્લીમ બિરાદરોને ઉપસ્થિત રહેવા એક યાદીમાં જણાવાયું છે.

# માધવપુરથી મિયાણી મરીન દરિયા કાંઠા વિસ્તારમાં પોલીસ દ્વારા ફૂટ પેટ્રોલિંગ કરાયું





(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા. ૨૯

તાજેતરમાં દેવભૂમિ દ્વારકાના દરિયા કાંઠે ડ્રગ્સ મળી આવેલ હોય એ અનુસંધાને એસ.પી. બી.યુ.જાડેજાની સખત સૂચના આધારે SOG પીએસઆઈ આર.પી.ચુડાસમા તથા પી.ડી. જાદવએ ત્રણેય મરીનને લગતા પો.સ્ટે.અધિકારીઓ અને સ્ટાફ અને SOG ના સ્ટાફને સંકલનમાં રાખી અલગ અલગ ટીમ પાડી ATV વાહન સાથે રાખી માધવપુરથી મિયાણી મરીન દરિયા કાંઠા વિસ્તારમાં દરિયા કિનારે ફૂટ પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું.

# સ્વ. ટી.એલ.વાળા કન્યા વિદ્યાલય જૂનાગઢમાં શાળા પ્રવેશોત્સવ યોજાયો

## શાળા પ્રવેશોત્સવનો હેતુ માત્ર વિદ્યાર્થી શાળામાં પ્રવેશ મેળવે તે નથી પરંતુ વિદ્યાર્થી અભ્યાસ પૂર્ણ કરે તે છે : ડો. જીતુભાઈ ખુમાણ





જૂનાગઢ તા. ૨૯

શ્રી સમસ્ત કાઠી સમાજ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ જૂનાગઢ સંચાલિત સ્વ. ટી. એલ. વાળા કન્યા વિદ્યાલયમાં જૂનાગઢ શહેર મામલતદાર શ્રી ત્રિવેદીની અધ્યક્ષતામાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ યોજાયો હતો. જેમાં ધોરણ-૯ અને ધો.૧૧ ની વિદ્યાર્થીની બહેનોને પુસ્તકો, ગણવેશ આપી સન્માનિત અને પ્રોત્સાહિત કરવામાં આવી હતી. તેમજ ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ માં પ્રથમ આવનાર વિદ્યાર્થીનીઓને શિલ્ડ આપી સન્માનિત કરવામાં આવી હતી તેમજ સ્પોર્ટ્સ તથા કરાટેમાં જૂનાગઢ જિલ્લામાં પ્રથમ સ્થાન મેળવનાર વિદ્યાર્થીની બહેનોને પણ ઈનામ, શિલ્ડ અને પ્રમાણપત્ર આપીને પ્રોત્સાહિત કરવામાં આવી હતી. ઉપરાંત શાળાના પ્રાંગણમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખ શ્રી રામ બાપુ વાળા, ભાવિશાબેન, જાગૃતિબેન, ભરતભાઈ વાળા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. શાળાના શિક્ષક ડો.જીતુભાઈ ખુમાણે શાળા પ્રવેશોત્સવનું મહત્વ વિદ્યાર્થીઓને સમજાવ્યું હતું તેમજ શાળાના આચાર્યશ્રીએ પ્રોત્સાહિત પ્રવચન કર્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવામાં શાળાના સમગ્ર સ્ટાફે જહેમત ઉઠાવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાની વિદ્યાર્થીનીઓએ કર્યું હતું.

# કોડીનાર તાલુકાના ડોળાસા ગામની ગોંદરાપરા પ્રાથમિક શાળામાં શાળા પ્રવેશ મહોત્સવ ઉજવાયો



(પ્રતિનિધિ દ્વારા)

કોડીનાર તા. ૨૯

કોડીનાર તાલુકાના ડોળાસા ગામની ગોંદરાપરા પ્રાથમિક શાળામાં પ્રવેશ મહોત્સવ પ્રવેશ મહોત્સવ ઉજવાયો હતો. ગુજરાત સરકાર દ્વારા પ્રાથમિક શાળાઓમાં પ્રવેશપાત્ર બાળકોને પ્રવેશ અપાવવા અને તમામ બાળકોનું સો ટકા નામાંકન થાય અને કોઈપણ બાળક શિક્ષણથી વંચિત ન રહે તેવા ઉમદા હેતુથી દર વર્ષે કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવે છે. જેના ભાગરૂપે શ્રી ગોંદરાપરા પ્રાથમિક શાળા ડોળાસામાં આ કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં આંગણવાડી, બાલવાટિકા અને ધોરણ ૧ માં પ્રવેશપાત્ર તમામ બાળકોને આવનાર મુખ્ય મહેમાન નાયબ કાર્યપાલક ઈજનેર માનનીય બી.એન.પટેલએ પ્રવેશ અપાવેલ હતો. આ તકે શાળા દ્વારા વિશેષ સિદ્ધિ મેળવનાર શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું, શાળા કક્ષાએ ગત શૈક્ષણિક વર્ષમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમ મેળવનાર તેજસ્વી તારલાઓનું, એન.એમ.એમ.એસ પરીક્ષામાં મેરિટમાં આવનાર વિદ્યાર્થીઓનું તથા પ્રાથમિક શિષ્યવૃત્તિ, જ્ઞાન સાધના અને જ્ઞાન સેતુની પરીક્ષામાં મેરીટમાં આવનાર તમામ બાળકોનું તથા શાળાના તમામ બાળકોને તિથીભોજન કરાવનાર અને શૈક્ષણિક કીટ અર્પણ કરનાર દાતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ તકે કોડીનાર તાલુકા પ્રમુખ જીતુભાઈ પરમાર, સરપંચ ગોવિંદભાઈ કાતિરા, ઉપસરપંચ સુભાષભાઈ મોરી, માજી સરપંચ પ્રતાપભાઈ મોરી, એમ. એ. મોરી, જેસિંગભાઈ બારડ, સંગ્રામભાઈ ચૌહાણ, કિર્તિભાઈ રાઠોડ, કાદુભાઈ ડોડીયા, બાલુભાઈ રાઠોડ, સિંહલભાઈ ડોડીયા વગેરેએ હાજરી આપી હતી અને કાર્યક્રમ પૂર્ણ થયા બાદ વૃક્ષારોપણ તથા પ્રધાનમંત્રી ખનીજ કલ્યાણ યોજના વિભાગ તરફથી શાળાને ફાળવેલ અદ્યતન વિજ્ઞાન લેબ બી.એન. પટેલ દ્વારા ખુલ્લી મૂકવામાં આવી હતી. કોડીનાર તાલુકા પંચાયતના પ્રમુખ જીતુભાઈ પરમાર દ્વારા ડોળાસા ગામની ત્રણેય શાળામાં પ્રવેશ મેળવનાર બાળકોને બેગ આપવામાં આવી હતી.

# ઉનાના મોટા ડેસર કન્યા શાળા તથા કુમાર શાળામાં ધારાસભ્ય કાળુભાઈ રાઠોડએ બાળકોને પ્રવેશ કરાવ્યો

(પ્રતિનિધિ દ્વારા)

ઉના તા. ૨૯

રાજ્યમાં ઉજવાતો બાળકોના ભવિષ્યને અમૃતમય બનાવવાનો સંકલ્પ સાથે કટિબદ્ધ રાજ્ય સરકાર દ્વારા ગુજરાતમાં ઉજવાતો ઉત્સવ એટલે 'શાળા પ્રવેશોત્સવ' ઉનાના મોટા ડેસર પ્રાથમિક શાળા પ્રવેશ ઉત્સવના કાર્યકમમાં ધારાસભ્ય કાળુભાઈ રાઠોડની ઉપસ્થિતિમાં બાળકોને શાળામાં પ્રવેશ કરાવ્યો હતો. અને તેઓના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવી હતી.આ તકે PGVCL ના કાર્યપાલક ઈજનેર શ્રી રૈયાણી, CRC કોર્ડિનેટર મનીષભાઈ પટેલ, સભ્ય અને સરપંચ પ્રતિનિધિ ભરતભાઈ શિંગડ, તલાટી કમ મંત્રી ગૌતમભાઈ ઝાલેરા, પ્રિન્સિપાલ ભીખુભાઈ ઝણકાટ, મેહુલભાઈ સોરઠીયા, તુલસીભાઈ પામક, અરવિંદભાઈ મકવાણા, ભાયાભાઈ બારડ તેમજ આગેવાનો, વિદ્યાર્થીઓ, શાળાના આચાર્યશ્રી, શિક્ષકમિત્રો તથા ગ્રામજનો ઉપસ્થિત રહયા હતા. અને શાળામાં બાળકોને પુરસ્કાર આપી પ્રોત્સાહન કર્યા હતા.

# •વૃક્ષો વાવો જીવન બચાવો•

પર્યાવરણની રક્ષા માટે વૃક્ષો મહત્વના છે તેમ જ્યોતિષ અને આયુર્વેદ ચિકિત્સામાં પણ તેનું મહત્વ છે. આપણાં પુરાણોમાં વૃક્ષોનું મહત્વ દર્શાવવામાં આવ્યું છે. જેવી રીતે પીપળો ધાર્મિક વિધિ માટે, માનસિક શાંતિ માટે અને પિતૃઓના મોક્ષ માટે ઉપયોગી છે તેમ બિલ્વવૃક્ષ લક્ષ્મીજીની અને મહાદેવજીની કૃપા મેળવવા માટે મહત્વના છે. લીમડાનું વૃક્ષ શારીરિક પીડા દુર કરવા માટે તથા જ્ઞાનની પ્રાપ્તિ માટે ઉપયોગી છે. આંબાના પાન રિધ્ધિસિધ્ધિના દાતા છે. તો, ઉમરાનું વૃક્ષ ભક્તિ માટે રૂખડાનું વૃક્ષ વૈરાગ્ય પ્રાપ્તિ માટે મહત્વનું છે. સંસારની મોહમાયા માંથી છુટવા માટે રૂખડાનું વૃક્ષ અતિ ઉપયોગી છે.

દરેક જન્મકુંડળીમાં જન્મ નક્ષત્રનો ઉલ્લેખ થયેલો હોય છે. તે મુજબ જો વૃક્ષ વાવવામાં આવે તો જીવનની પ્રગતિમાં વધારો થાય છે અને, ભાગ્યોદય પણ થાય છે. જ્ઞાનપ્રાપ્તિ,વિદ્યા,અને લક્ષ્મીજીની કૃપા પણ પ્રાપ્ત થાય છે. રોગ શત્રુઓનો નાશ થાય છે. હાલમાં ચોમાસું ચાલી રહ્યું છે ત્યારે આવા નક્ષત્ર આધારિત વૃક્ષો વાવીને લાભ મેળવી શકાય છે.નક્ષત્ર આધારિત વૃક્ષો ગ્રહોના નંગ, સ્ટોન જેવી જ અસર કરે છે. જન્મકુંડળીમાં નક્ષત્ર આધારિત વૃક્ષો આ મુજબ છે.

જન્મનક્ષત્ર પ્રમાણે વૃક્ષ જોઈએ તો અશ્વિની નક્ષત્રમાં ઝેરકોચલું, ..ભરણી માં આંબો, ..કૃતિકા માં ઉમરો..., રોહિણી માં જાંબુડો...., મૃગશિર્ષ માં ખેર,.. આર્દ્રા માં અગર,.... પુનર્વસુ માં વાંસ, ...પુષ્ય માં પીપળો..., આશ્રલેષા માં ચંપો,..મઘામાં વડ,... પૂર્વાફાલ્ગુની માં ખાખરો,... ઉતરાફાલ્ગુની માં પીપળો..., હસ્તમાં કાંચકા..., ચિત્રામાં બીલી...., સ્વાતી માં કડાયો..., વીશાખા માં બાવળ,... અનુરાધા માં ચંપો.., જયેષ્ઠા માં લોદર,.... મુળ માં રાળ..., પુર્વાષાઢા માં નેતર.., ઉતરાષાઢા માં ફણસ..., શ્રવણમાં આંકડો.., ઘનિષ્ઠામાં ખીજડો,.. શતાભિષામાં કદમ,... પૂર્વાભાદ્રપદ માં આંબો,.... ઉતરાભાદ્રપદ માં લીમડો અને રેવતીમાં મહુડો વાવવો ઘણો લાભદાયી છે.

આ ઉપરાંત આસોપાલવ આંબો, લીંમડો, પીપળો, વડ આ બધા વૃક્ષ કોઈપણ વ્યકિત વાવી શકે છે. ગ્રહના નંગ કરતા વૃક્ષો વધારે ફળદાયી છે. અત્યારના સમયમાં ગ્રહોના સાચા વૃક્ષ નંગ મેળવવા કઠીન અને મોંઘા છે. આથી જન્મ નક્ષત્રનું વૃક્ષ વાવી જતન કરવાથી જીવનમાં પ્રગતી થાય છે.

આ ઉપરાંત ખાસકરીને આસોપાલવ, પીપળો, લીમડો,વડ,આંબો અને ખેર આ વૃક્ષ કોઈપણ નક્ષત્રમાં જન્મ હોય વાવી શકાય છે. તે ઉપરાંત આ વૃક્ષો વાવવા પણ શુભ ફળ આપનાર બને છે

(૧) દાડમનુ ઝાડ =દાડમ નું ઝાડ ઘરમાં વાવવાથી સ્થિર લક્ષ્મીની પ્રાપ્તિ થાય છે તથા માન સન્માન પ્રતિષ્ઠામાં વધારો થાય છે

(૨)હળદરનો છોડ =હળદર નો છોડ ઘરમાં વાવવાથી કુંડળીમાં ગુરુ ગ્રહ મજબૂત બને છે તથા સંસારિક સુખની પ્રાપ્તિ થાય છે

(૩)નાળિયેરનું ઝાડ ...ઘરમાં વાવવાથી જીવન માં માન સન્માન પણ ખૂબ વધારો કરે છે. જે ઘરમાં નારિયળનુ ઝાડ હોય છે એ ઘરના લોકો જે કામની પણ શરૂઆત કરે છે તેમા તેમને સફળતા મળે છે

(૪)આસોપાલવનું ઝાડ: આસોપાલવનું ઝાડ ઘરમાં વાવવાથી નવગ્રહની શાંતિ થાય છે તથા માનસિક શાંતિ પણ મળે છે જીવનમાં પ્રગતિ થાય છે દરેક શુભ કાર્યોમાં આસોપાલવનું તોરણ ઘરના મુખ્ય દરવાજા ઉપર બાંધવામાં આવે છે જેનાથી નવ ગ્રહની શાંતિ થાય છે

(૫)આમળાનો છોડ : આમળાનો છોડ ઘરમાં વાવવાથી આરોગ્ય સારું રહે છે

(૬)ગલગોટાનો છોડ ઘરમાં ગલગોટાનો છોડ લગાવવાથી દાંપત્યજીવન સુખી રહે છે.

- જ્યોતિષી : રાજદીપ જોશી (વેદાંત રત્ન)

### જૂનાગઢ જિલ્લામાં શાળા પ્રવેશોત્સવ થયો સાર્થક

# જિલ્લામાં કુલ ૩૭,૭૪૧ ભૂલકાઓ - વિદ્યાર્થીઓનો શાળામાં ઉલ્લાસભેર પ્રવેશ







## જૂનાગઢ જિલ્લામાં “જ્ઞાનકુંજ” પ્રોજેક્ટ અમલિકૃત ૪૩૧ શાળાઓમાં ૧૩૭૭ સ્માર્ટ ક્લાસ શરૂ કરાયા, આઈ.સી.ટી. લેબ ધરાવતી ૨૮૪ શાળાઓમાં ૪૨૬૦ કમ્પ્યુટર્સ ઉપલબ્ધ : કન્યાઓના શિક્ષણ અને વિકાસ માટેની ક્રાંતિકારી યોજનાઓ દ્વારા પ્રાથમિક શાળાઓમાં કુલ ૮૫.૮૬ કરોડના કામો પ્રગતિ પર

જૂનાગઢ તા.૨૯

ત્રિ-દિવસીય કન્યા કેળવણી રથયાત્રા અને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ અંતર્ગત તા. ૨૬,૨૭,૨૮ જૂન ૨૦૨૪ જૂનાગઢ જિલ્લામાં કુલ ૭૧૭ પ્રાથમિક શાળા, ૨૨૩ માધ્યમિક શાળા ખાતે ૭૩ રૂટ દ્વારા આંગણવાડીમાં કુલ - ૨૮૨૮ બાળકો, બાલવાટીકામાં કુલ – ૮૪૪૧, બાળકો, ધોરણ-૧ માં કુલ – ૬૫૦૭ બાળકો, ધોરણ-૯ માં કુલ – ૧૧,૭૭૭ વિદ્યાર્થીઓ, ધોરણ-૧૧ માં ૮૧૮૮ વિદ્યાર્થીઓ એમ કુલ – ૩૭,૭૪૧ ભૂલકાઓ-વિદ્યાર્થીઓને કુમ-કુમ તિલક કરી ઉમંગ ઉલ્લાસ વચ્ચે પ્રાથમિક-માધ્યમિક શાળાઓમાં પ્રવેશ અપાયો છે. સાથો સાથ પર્યાવરણ જતનના સંદેશ આપી દરેક સ્કુલ ખાતે મહાનુભાવો, ગામજનો, બાળકો દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

વર્ષ ૨૦૦૨-૦૩થી તાત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા રાજયની પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓના પ્રવેશને વેગ મળે અને પ્રવેશપાત્ર એક પણ બાળક શિક્ષણના અધિકારથી વંચિત ન રહી જાય તે હેતુસર કન્યાકેળવણી રથયાત્રા અને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ અમલમાં મૂકવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ અંતર્ગત ૧ થી ૧૪ વર્ષની વયના તમામ બાળકો શાળામાં પ્રવેશ મેળવે, નિયમિત શાળાએ જાય અને શાળામાં ટકી રહે તેવા પ્રયાસો સાથે ગામડે-ગામડે દરેક સ્કુલ ખાતે આ કાર્યક્રમ યોજવામાં આવે છે.

જૂનાગઢ જિલ્લામાં રાજ્ય શિક્ષણમંત્રીશ્રી પ્રફુલભાઈ પાનસેરીયા, ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા, દેવાભાઈ માલમ, ભગવાનજીભાઈ કરગઠીયા સહિતના ધારાસભ્યશ્રીઓ, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી હરેશભાઈ ઠુંમર, મેયરશ્રી ગીતાબેન પરમાર વગેરે પદાધિકારીશ્રીઓ, રાજ્ય કક્ષાએથી ઉચ્ચ અધિકારીશ્રીઓ, જિલ્લા કલેક્ટરશ્રી અનિલકુમાર રાણાવસીયા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી નીતીન સાંગવાન તથા અન્ય વર્ગ-૧ અને ૨નાં અધિકારીઓ સતત – ૩ દિવસ ગામડે-ગામડે દરેક સ્કુલ ખાતે ઉપસ્થિત રહી કુલ – ૩૭,૭૪૧ બાળકોને શિક્ષણ ક્ષેત્રે પા-પા પગલીઓ કરાવી બાળકોને કુમ-કુમ તીલક સાથે પ્રવેશ કીટ આપી શાળાઓમાં પ્રવેશ કરાવ્યો છે. સાથો સાથ CET પરીક્ષા, NMMS પરિક્ષામાં ઉતિર્ણ થનાર વિદ્યાર્થીઓ, જ્ઞાનશક્તિ/રક્ષા શકિત શાળામાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ, જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ યોજનાનો લાભ મેળવેલ બાળકો, ગત વર્ષમાં ૧૦૦% હાજરી ધરાવતા બાળકોને પ્રોત્સાહક ઈનામ વિતરણ કરી સન્માનીત કરવામાં આવ્યા હતાં.

જૂનાગઢ જિલ્લામાં શિક્ષણક્ષેત્રે સરકારશ્રીની વિવિધ યોજનાઓ દ્વારા સરકારી શાળાઓમાં “જ્ઞાનકુંજ” પ્રોજેક્ટ અમલીકૃત ૪૩૧ શાળાઓમાં ૧૩૭૭ સ્માર્ટ ક્લાસ, આઈ.સી.ટી. લેબ ધરાવતી ૨૮૪ શાળાઓમાં ૪૨૬૦ કમ્પ્યુટર્સ, “સ્કુલ ઓફ એક્ષલેસ” ૨૭૭ શાળા, એમ.ડી.એમ. કીચન ધરાવતી ૬૮૭ શાળા, રમત-ગમતના મેદાન ધરાવતી ૭૧૩ શાળા, કમ્પાઉન્ડ વોલની સુવિધા ધરાવતી ૭૦૧, આર.ઓ./યુ.વી. પ્લાન્ટ, ઈન્ટરનેટની સુવિધા, સેનીટેશનની સુવિધા, વિજળીકરણની સુવિધા ધરાવતી કુલ ૭૧૭ શાળાઓમાં ભૌતિક સુવિધાઓ અમલી બનતા બાળકોને વિવિધ ક્ષેત્રે આધુનીક શિક્ષણ સાથે તેમના કૌશલ્યમાં વધારો થઈ રહ્યો છે.

**કન્યાઓના શિક્ષણ અને વિકાસ માટેની ક્રાંતિકારી યોજનાઓ દ્વારા મેળવેલ સિધ્ધિઓ :** જૂનાગઢ જિલ્લામાં સ્કુલ ઓફ એક્સેલન્સ હેઠળની ૧૧૨ શાળાઓના કુલ-૬૫૭ ઓરડાના અપગ્રેડેશન, કુમાર-કન્યા ટોયલેટ અપગ્રેડેશન, મધ્યાહન ભોજન કિચન શેડ અપગ્રેડેશન તેમજ ૬૩ પ્રાથમિક શાળામાં ૨૬૩ નવા વર્ગખંડ બાંધકામ વગેરે પ્રકારની સુવિધાથી સજ્જ શાળાઓના નિર્માણ માટે રૂપિયા ૭૨.૯૩ કરોડના કામો મંજૂર કરેલ જે પૂર્ણ કરવામાં આવનાર છે. શાળા પ્રવેશોત્સવ દરમ્યાન માંગરોળ તાલુકામાં આવેલ ટાવર પે.સે.શાળાનું પ્રધાનમંત્રી જનવિકાસ કાર્યક્રમ (પી.એમ.જે.વી.કે.) અંતર્ગત રૂ. બે કરોડ સત્તાવન હજારના ખર્ચે મંજૂર થયેલ નવા શાળા બિલ્ડીંગનું કામ પૂર્ણ કરવામાં આવનાર છે. જૂનાગઢ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં વિવિધ સુવિધાઓ માટે કુલ રૂપિયા ૮૫.૮૬ કરોડના કામો પૂર્ણ કરવામાં આવનાર છે.

જૂનાગઢ જિલ્લાની કુલ ૩૭૮ કન્યાઓને રૂ.૩૭૪૭ લેખે વિદ્યાલક્ષી બોન્ડની પાકતી મુદતની કૂલ રકમ રૂ.૧૪,૧૬,૩૬૬ નું પ્રવેશોત્સવ કાર્યક્રમ દરમ્યાન ચૂકવણી કરવામાં આવેલ છે. આર.ટી.ઈ એક્ટ – ૨૦૦૯ અંતર્ગત જૂનાગઢ જિલ્લામાં વર્ષ ૨૦૨૩-૨૪ સુધિમાં કુલ ૧૩૭૫૭ વિદ્યાર્થીઓને ખાનગી પ્રાથમિક શાળામાં વિનામૂલ્યે પ્રવેશ આપવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૩-૨૪માં ૧ કી.મી. થી વધુ દૂરની પ્રાથમિક શાળાના કુલ ૩૬૪૦ વિદ્યાર્થીઓ અને ૩ કી.મી. દૂરથી ઉચ્ચ પ્રાથમિક શાળામાં આવતા કુલ ૧૦૪૭ વિદ્યાર્થીઓ મળી કુલ ૪૬૮૭ વિદ્યાર્થીઓને ટ્રાન્સપોર્ટ એલાઉન્સ પેટે બાળક દિઠ સહાય ચૂકવવામાં આવેલ છે. જૂનાગઢ જિલ્લામાંથી એન.એમ.એમ.એસ પરીક્ષામાં ૧૨૬ વિદ્યાર્થીઓએ મેરીટમાં રેન્ક મેળવેલ તેમને ધોરણ ૯ થી ૧૨ એમ ૪-વર્ષ સુધી પ્રતિ વિદ્યાથી દિઠ રૂ.૪૮,૦૦૦ લેખે કુલ રૂ.૬૦.૪૮ લાખ જેટલી સ્કોલરશીપ ચૂકવવામાં આવશે. ધોરણ ૧૦ થી ૧૨માં અભ્યાસ કરતા કુલ ૩૩૪ વિદ્યાર્થીઓ સ્કોલરશીપ મેળવી રહ્યા છે. ધોરણ-૫ માં કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (ઝઈ) માં મેરીટમાં સ્થાન પામી કુલ-૬૪૮ બાળકો મુખ્યમંત્રી જ્ઞાનસેતુ સ્કોલરશીપ યોજનાનો લાભ મેળવી રહ્યા છે. તેમજ ધોરણ-૮ માં મુખ્યમંત્રી જ્ઞાન સાધના સ્કોલરશીપ પરીક્ષામાં મેરીટમાં સ્થાન પામી કુલ ૬૪૭ બાળકો મુખ્યમંત્રી જ્ઞાન સાધના સ્કોલરશીપ યોજનાનો લાભ મેળવી રહ્યા છે.

આમ જૂનાગઢ જિલ્લામાં તા.૨૬, ૨૭, ૨૮ જૂન ત્રિ-દિવસ શાળા પ્રવેશોત્સવ દરમીયાન મહાનુભાવો દ્વારા દરેક સ્કુલની ભૌતિક સુવિધાઓ, સ્માર્ટ ક્લાસ, કમ્પ્યુટર લેબ, બાળકોને આપવામાં આવતા શિક્ષણ વગેરેનુ નિરીક્ષણ કરી જરૂરી માર્ગદર્શન આપી બાળકોના અભ્યાસમાં વધારો કરવા દિશા નિદર્શો આપી શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવના પ્રેરક અને પ્રણેતા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા નાના ભૂલકાઓ માટેનું તેમણે શરૂ કરેલ આ અભિયાન મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં અન્ય જિલ્લાઓની જેમ જૂનાગઢ જિલ્લામાં આ વર્ષે પણ પૂર્ણ ઉત્સાહ ઉલ્લાસથી સફળતા પૂર્વક પૂર્ણ કરવામાં આવ્યુ છે.


# જૂનાગઢમાં ગ્રાહકોના ખાતામાંથી ઉચાપત કેસમાં બેંકના કર્મીની જામીન અરજી રદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૯

જૂનાગઢની એચડીએફસી બેંકના કેશ ટેલર અને ટેલર ઓથોરાઈઝર રાજ મણિયાર સામે ગ્રાહકોના ખાતામાંથી કુલ રૂ. ૮૩ લાખ ૨૦૦ ની ઉચાપત કરવાના ગુનામાં પોલીસે આશીષ મનહરભાઈ ટાટમીયા (ઉ. ૩૩) ની પણ મદદગારી કરવા બદલ ધરપકડ કરી જેલ હવાલે કર્યો છે. આશીષે પોતાની જામીન અરજીમાં એવી દલીલ કરી હતી કે, પોતે રાજ મણિયાર શર્ટની અંદર રૂપિયાના બંડલ સંતાડેલા જોયેલા અને રાજને પૂછતાં તે સંતાડેલા બંડલ નાંખી ભાગી જતાં પોતે તેને રોક્યો હતો. એ દરમ્યાન નિલેશ કારિયા પણ આવી ગયા હતા અને હેમલતાબેન કારિયાના એકાઉન્ટમાં ૮ લાખની એન્ટ્રી કરવાનું કહ્યું હતું. તેમના નિવેદનમાં એવી હકીકત પણ જણાયેલ છે કે, તા. ૨૨ સપ્ટે. ૨૦૨૩ થી રાજ મણિયાર નોકરી ઉપર આવેલ નથી. ફરિયાદવાળા બનાવમાં પોતે ક્યાંય સીધી કે આડકતરી રીતે સંકળાયેલ નથી. કેસ ચલાવવાની સત્તા ફર્સ્ટ ક્લાસ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટને છે. કેસ ચાલતાં સમય લાગે એમ છે પોતે પોલીસને તપાસમાં પૂરતો સહકાર આપ્યો છે. આની સામે સરકારી વકીલ દિપક સી. ઠાકરે એવી દલીલ કરી હતી કે, આરોપીને તપાસ કરનાર દ્વારા એફડેવિટમાં આરોપી નં.૨ તરીકે દર્શાવેલ છે. તેની સામે બીજા ગુના પણ નોંધાયેલા છે. બીજા એક ગુનામાં તેની જામીન અરજી કોર્ટે રદ કરી છે. જો તેને જામીન ઉપર મુક્ત કરાય તો તે સાહેદોને ધાકધમકી આપી નાસી શકે એમ છે. ચાર્જશીટમાં તેનો મહત્વનો રોલ જણાઈ આવે છે. કોર્ટે પણ નોંધ્યું હતુ કે, આરોપીએ બેંકના ગ્રાહકોના રૂપિયા ઉપાડવા માટે તેમના આઈડી એકાઉન્ટમાં એન્ટ્રી કરી હતી. આથી છઠ્ઠા એડીશનલ સેશન્સ જજ આર. ડી. પાંડેએ આરોપીની જામીન અરજી ફગાવી દીધી હતી.

# જૂનાગઢમાં બુટલેગર મહિલા તમંચો તથા ૪ જીવતા કાર્ટીસ સાથે ઝડપાઈ



(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૯

જૂનાગઢમાં એસઓજીએ વ્હેલી સવારે બુટલેગર મહિલાને તમંચો તથા ૪ જીવતા કાર્ટીસ સાથે પકડી લઈ રૂપિયા ૧૦,૪૦૦નો મુદ્દામાલ કબજે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી. શહેરમાં મજેવડી દરવાજા પાસે આવેલ ભારત મિલનો ઢોરો વિસ્તારમાં રહેતી નસીમા ઉર્ફે નજમા જાવીદખાન પઠાણ (ઉ.વ.૩૫) નામની મહિલા હથિયાર સાથે મજેવડી દરવાજા પાસે આવેલ બાઈકના શોરૂમની બાજુમાં રોડ ઉપર થઈ નીકળનાર હોવાની બાતમી મળતા એસઓજીનાં મહિલા પીએસઆઈ એસ.એ. સોલંકી અને તેમની ટીમે શુક્રવારની વહેલી સવારે વોચ ગોઠવી હતી. આ દરમ્યાન મજેવડી ગેટ, બાઈકના શોરૂમ વાળી શેરી ચામુંડા માતાજીના મંદિર પાસે મહિલા ઊભેલી જોવા મળતા તેને કોર્ડન કરી ઝડપી લઈ તેના હાથમાં રહેલ સફેદ કલરની ખાનગી નિદાન કેન્દ્ર લખેલ પ્લાસ્ટિકની થેલીમાંથી રૂપિયા ૧૦,૦૦૦ની કિંમતનો દેશી હાથ બનાવટનો પરવાના વગરનો તમંચો તેમજ રૂપિયા ૪૦૦ની કિંમતના ૪ કાર્ટીસ મળી આવતા કુલ રૂપિયા ૧૦,૪૦૦નો મુદ્દામાલ કબજે કરી પૂછપરછ કરતાં મહિલાએ તેને પતિ જાવીદખાને તમંચો આપ્યો હોવાનું જણાવ્યું હતું. એસઓજીએ મહિલા અને તેના પતિ વિરૂદ્ધ આર્મ્સ એક્ટ હેઠળ એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરાવી ધોરણસરની કાર્યવાહી કરી હતી. વધુ તપાસ એએસઆઈ આર.એમ. સોલંકી ચલાવી રહ્યા છે. પરવાના વગરના હથિયાર સાથે ઝડપાયેલ નસીમા ઉર્ફે નજમા પઠાણ ગુનાહિત ઈતિહાસ ધરાવતી હોવાનું પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું. મહિલા સામે જૂનાગઢ એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ૨૦૧૭થી દારૂના ૨૭ કેસ નોંધાયા છે અને ૨૦૨૦માં જૂનાગઢ જિલ્લામાંથી મહિલાને તડીપાર પણ કરવામાં આવી હતી. તમંચો અને કાર્ટીસ સાથે પકડાયેલ નસીમા ઉર્ફે નજમા પઠાણે એસઓજીએ કરેલી પૂછપરછમાં જણાવ્યું હતું કે, હથિયાર ૮ વર્ષ પહેલા પતિ જાવીદખાન પઠાણે આપ્યું હતું. તેનું મર્ડર થઈ જતા આ હથિયાર પોતે સાચવતી હતી. આથી પોલીસે મૃતક જાવીદખાન સામે પણ ગુનો નોંધી કાર્યવાહી કરી હતી.

# જૂનાગઢ ટીપી સ્કિમમાં જૂડાએ પણ ખોટી કાર્યવાહી કરી હશે તો તપાસ થશે : સીએમ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૯

જૂનાગઢ મહાનગરપાલિકાના જુડા કચેરી દ્વારા ટીપી સ્કિ નં-૫, ૬, ૭, ૯ની જાહેરાત કરતા ભારતીય કિસાન સંઘ દ્વારા આંદોલન કરી ટીપી રદ કરવા માંગ કરી હતી. તેમ છતાં જૂડા કચેરી ટીપી સ્કિમ મંજૂર કરાવવા માંગે છે. ત્યારે ટીપી સ્કિમમાં જૂડા દ્વારા ખોટી કાર્યવાહી થઈ હશે તો થશે તપાસ કરવામાં આવશે તેવી સીમએ ખાત્રી આપી હોવાનું ભારતિય કિસાન સંઘે જણાવ્યું છે. સંઘના સંયોજક મનસુખ પટોળીયાએ જણાવ્યું હતું કે, જૂનાગઢ મહાનગર પાલિકાની જૂડા કચેરી દ્વારા બહાર પડાયેલ ટીપી સ્કિમ નંબર-૫, ૬, ૭, ૯માં ખેડૂતોનો વિરોધ છે. જેને લઈને ભારતિય કિસાન સંઘ દ્વારા આંદોલન કરી ટીપી સ્કિમ રદ કરવાની માંગ કરેલ હતી. તેમ છતાં હાલમાં જૂડા કચેરીએ બોર્ડ બેઠક બોલાવી ટીપી સ્કિમ નંબર ૫ અને ૭ને સૈદ્ધાંતિક મંજૂરી માટે સરકારમાં મોકલાવેલ છે. જોકે, ખેડૂતો- ભારતિય કિસાન સંઘ તેનો વિરોધ કરે છે તે વિષય ધ્યાને આવતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ભારતીય કિસાન સંઘ ગુજરાત પ્રદેશની ટીમને ગાંધીનગર બોલાવી તેમની ખેડૂતો પ્રત્યેની રજૂઆત અને ખેડૂતોનાં વાંધાઓની વિશેષ જાણકારી મેળવી હતી. બાદમાં હકારાત્મક નિર્ણય લેવામાં આવશે અને જૂડા કચેરી દ્વારા કઈ ખોટી કાર્યવાહી થઈ હશે તો તેની પણ તપાસ કરવામાં આવશે તેવી ખાતરી આપી હતી. આ તકે ભારતિય કિસાન સંઘ ગુજરાત પ્રદેશના પ્રમુખ જગદીશ આર્ય, મહામંત્રી આર. કે. પટેલ, ઉપાધ્યક્ષ શામજી મિયાત્રા, રાષ્ટ્રીય કાર્યકારણી સદસ્ય વિઠ્ઠલભાઈ દુધાત્રા, પ્રદેશ પ્રચાર પ્રમુખ મનસુખ પટોળીયાની ઉપસ્થિતી રહી હતી.

# સૃષ્ટિ વિરૂધ્ધના કૃત્યનો વીડિયો ઉતારવાના ગુનામાં કોર્ટે જામીન અરજી ફગાવી

જૂનાગઢ તા.૨૯

જૂનાગઢ તાલુકાના એક યુવાનને હીસે(બ્લુ એન્ડ લાઈફ) નામની એપથી ફોન કરી વિશાલ ઉર્ફે વીડી રાયમલભાઈ લોલાડીયા(ઉ.વ.૨૧, રહે. જામનગર) નામના શખ્સે વીરપુર અને ગલીયાવાડ વચ્ચે નદીના પુલ નીચે લઈ જઈ સૃષ્ટિ વિરૂધ્ધનું કૃત્ય કરવાનું જણાવ્યું હતું. બાદમાં બીજા શખ્સો આવી ગયા હતા. તેઓએ યુવાનનું અપહરણ કરી માર મારી રૂપિયા લઈ વિડિયો વાયરલ કરવાની ધમકી આપી રૂા.૨૦ હજાર માંગ્યાની ફરીયાદ નોંધાઈ હતી. આ ગુનામાં અસ્લમ અબ્દુલભાઈ બુખારી(ઉ.વ.૨૯, રહે. જામનગર) નામનો શખ્સ જેલ હવાલે છે. આ શખ્સે પોતાની જામીન અરજીમાં એવી દલીલ કરી હતી કે, પોતે નિર્દોષ છે અને સીધી કે આડકતરી રીતે ગુનામાં ભાગ ભજવ્યો નથી. ખોટી રીતે સંડોવી દેવાયો છે. આની સામે સરકારી વકીલ દિપક સી. ઠાકરે એવી દલીલ કરી હતી કે, બીજા આરોપીઓની મદદથી આ શખ્સે ગંભીર પ્રકારનો ગુનો કર્યો છે.

જો તેને જામીન ઉપર મુક્ત કરાશે તો કાયદાનો ડર રહેશે નહીં અને સમાજમાં આવા ગુના કરનારાને પ્રોત્સાહન મળશે. તે ફરિયાદી અને સાહેદોને યેનકેન પ્રકારે સંપર્ક કરી ધાક ધમકી આપી ડરાવવા-ધમકાવવા પ્રયાસ કરશે. આથી ચોથા એડીશનલ સેશન્સ જજ બીના સી. ઠક્કરે આરોપીની જામીન અરજી ફગાવી દીધી હતી.

# જૂનાગઢના દિપાલી પાર્ક, બરસાના, ભકિતદ્વાર એપાર્ટમેન્ટના રહીશોને હાલાકી : અનેકવાર રજુઆત છતાં તંત્ર ધ્યાન આપતું નથી

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૯

જૂનાગઢ દિપાલી પાર્કી-૩, બરસાના એપાર્ટમેન્ટ અને ભકિતદ્વાર એપાર્ટમેન્ટ વચ્ચેના સાંકળા પુલ અને સાંકળા નાળા દુર કરી ગંદકી સફાઈ કરવા અંગે કમિશ્નર કચેરીએ આવેદન આપવા આવેલ હતા. સાંકળા પુલ નાળાની ગંદકી સફાઈ કરવાની રજુઆત અવાર-નવાર ઘણા વર્ષોથી કરવા છતાં ગયા વર્ષે ચોમાસા પહેલા વોકળાની ગંદકી સફાઈ કોર્પોરેશન દ્વારા હાથ ધરવામાં આવે છે. દર વર્ષે આ સાંકળા પુલ નાળાની ગંદકી ૬૦થી ૭૦ મીટર જેટલા ભાગની ગંદકી દુર કરવામાં કોર્પોરેશન નિષ્ફળ રહે છે. છેલ્લે કોર્પોરેટરની હાજરીમાં કમિશ્નરે આ ગંદકી તુરત જ દુર કરી આપવામાં આવશે તેવું જણાવેલ હોવા છતાં આજ તારીખ સુધી આ ગંદકી દુર થયેલ નથી કે કોઈ ઉચ્ચ અધિકારી દ્વારા મુલાકાત પણ લેવામાં આવી નથી. આ ગંદકી, નાળાના ગંદા પાણીને લીધે આ વિસ્તારના લોકોનું આરોગ્ય જોખમમાં મુકી રહેલ છે. આ અંગે તંત્ર નિષ્ફળ રહેશે તો આ વિસ્તારના રહેવાસીઓના આરોગ્યની સુરક્ષા ખાતર ના છુટકે આ વિસ્તારના નાગરિકો હવે આ નાળાને દુર કરશે જેની તમામ જવાબદારી કોર્પોરેશનની અથવા તો કમિશ્નરની રહેશે તેમ જણાવ્યું હતું.

## સોરઠમાં વરસાદી ઝાપટા : માણાવદર, કેશોદ, માંગરોળમાં ધૂપછાવ જેવું વાતાવરણ

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૨૯ : જૂનાગઢ સહિત સોરઠમાં શુક્રવારે વરસાદી ઝાપટા વરસ્તા ગરમીમાં સામાન્ય ઘટાડો થયો હતો. જૂનાગઢ શહેર તેમજ જિલ્લામાં શુક્રવારની સવારથી જોરદાર વરસાદી વાતાવરણ રહ્યું હતું પરંતુ મેઘરાજા મન મૂકીને વરસ્યા ન હતા. જોકે હળવાથી મધ્યમ વરસાદના ઝાપટા વરસતા રાત્રિના ૮ વાગ્યા સુધીમાં સૌથી વધુ ૧૪ મીમી વરસાદ વિસાવદર પંથકમાં અને ૧૧મીમી માળીયા હાટીના તાલુકામાં નોંધાયો હતો. જ્યારે વંથલીમાં ૧ મીમી, જૂનાગઢમાં ૪ મીમી, ભેસાણમાં ૨ મીમી મેંદરડા વિસ્તારમાં ૩ મીમી વરસાદ થયો હતો. જ્યારે માણાવદર, કેશોદ અને માંગરોળ તાલુકામાં માત્ર વરસાદી વાતાવરણ રહ્યું હતું.

### -:: જાહેર નિવિદા નં.૩/૨૦૨૩-૨૪ ::-

નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી, સિંચાઇ પેટા વિભાગ, જૂની કેન્દ્રીય વિદ્યાલય, બીમાખાલા બિલ્ડીંગ, વંથલી રોડ, જૂનાગઢ (ફોન નં.૦૨૮૫-૨૬૭૧૭૯૬) તરફથી ધ્રાફડ અને આંબાજળ સિંચાઈ યોજનાઓ માટે બેટરી સ્પ્લાય કરતા બેટરી ઉત્પાદક કંપનીઓના ફક્ત સૌરાષ્ટ્ર ખાતેના ઓથોરાઈઝ્ડ ડીલર અને વેપારીઓ પાસેથી નીચે મુજબની બેટરીની આઈટમો માટે ઓછામાં ઓછા ૨૪+૧૮ મહિનાની વોરંટી સાથેની ગુણવતા ધરાવતી કંપનીની બેટરીના ભાવ પર તેઓ જુની બેટરીની સામે વળતર આપવાના ભાવો બાદ કરી બેટરી વાઈઝ તમામ ટેક્ષ અને આ કચેરીએ પહોંચતા કરવા સાથેના ભાવ પત્રકો ભરી તા.૦૧/૦૭/૨૦૨૪, ૧૬-૦૦ કલાક સુધીમાં મળે તે રીતે ફક્ત રજી.એ.ડી./સ્પીડ પોસ્ટથી "બેટરી સપ્લાય માટેના ભાવો" માટે માંગવામાં આવે છે.

| બેટરીની વિગત | સંખ્યા |
|---|---|
| બેટરી ૧૨ વોલ્ટ ૮૮ એમ્પિયર | ૦૧ |
| બેટરી ૧૨ વોલ્ટ ૧૦૦ એમ્પિયર | ૦૩ |
| બેટરી ૧૨ વોલ્ટ ૧૩૦ એમ્પિયર | ૦૩ |


શકય હશે તો આવેલ ભાવો તા.૦૧/૦૭/૨૦૨૪ ના રોજ ૧૭-૦૦ કલાકે હાજર રહેલ આસામીઓની રૂબરૂમાં ખોલવામાં આવશે. કોઇપણ કે બધા ભાવ કારણ આપ્યા સિવાય નામંજૂર કરવાની સત્તા અબાધિત રાખવામાં આવે છે. ઓથોરાઈઝ્ડ ડીલર ન હોય તેવા વેપારીઓએ તેમના ભાવો મંજુર થયેથી ૫% લેખે બાનાની રકમની એફ.ડી.આર. નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, સિંચાઈ પેટા વિભાગ, જૂનાગઢના નામે ગીરો મુકેલી રજુ કરવાની રહેશે.

માહિતી/જૂના/૧૨૫/૨૦૨૪

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
● પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ

હરિ-કલા+ યુરોસર્જીકલ હોસ્પિટલ

ડો. જયંત એચ. પંડયા
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન



ઉપલબ્ધ સેવાઓ :
● હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
● પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર
લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

# જૂનાગઢ જીલ્લામાં ગેરકાનુની નાણાં ધીરવાની પ્રવૃત્તિ સામે પોલીસની મેગા ડ્રાઈવ





(તસ્વીર : રવીન્દ્ર કંસારા)

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૨૯

સમગ્ર રાજયમાં ગેરકાનુની નાણાં ધીરધારની પ્રવૃતિને કારણે સંખ્યાબંધ લોકો દ્વારા આત્મહત્યાનાં બનાવો બની રહયા છે તેને અટકાવવા માટે રાજયનાં ડીજીપી વિકાસ સહાયની સુચના અને આદેશ બાદ સમગ્ર રાજયમાં તા. ૨૧ જુન ૨૦૨૪ થી તા. ૩૧ જુલાઈ ૨૦૨૪ વિશેષ ડ્રાઈવનું આયોજન કરવામાં આવેલ છે. જે અંતર્ગત જૂનાગઢ જીલ્લામાં પણ આઈજીપી નિલેશ જાજડીયા અને એસપી હર્ષદ મહેતાનાં માર્ગદર્શન હેઠળ જૂનાગઢ જીલ્લામાં ગેરકાયદેસર રીતે નાણાં ધીરધાર કરી સામાન્ય પ્રજાજનો પાસેથી ઉંચા વ્યાજ દર વસુલતા શખ્સો તથા લાયસન્સ વિના નાણા ધીરધારની પ્રવૃત્તિ કરતા શખ્સો વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી આવી ગેરકાયદેસર પ્રવૃત્તિ પર અંકુશ લાવવા માટે તા. ૨૮-૬-૨૪ના રોજ ખાસ ઝુંબેશનું આયોજન કરવામાં આવેલ હતું.

નાણાં ધીરનારની પ્રવૃત્તિ કરતા શખ્સો ઘણી વખત ગેરકાયદેસર રીતે નિર્દોષ અને સામાન્ય પ્રજાજનો પાસેથી ઉંચા વ્યાજ વસુલતા હોય છે તથા ઘણા શખ્સો વ્યાજની પઠાણી ઉઘરાણી કરી સામાન્ય નાગરીકોની મિલ્કત-જમીન પચાવી પાડતા હોય છે. જેના લીધે એક સામાન્ય નાગરીક વ્યાજખોરીનો ભોગ બનતા આત્મહત્યા કરવા મજબુર બને છે. જેથી આવી વ્યાજખોરીની અસામાજીક પ્રવૃત્તિ કરતા શખ્સો વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા એસપી હર્ષદ મહેતા દ્વારા જીલ્લાનાં તમામ થાણા અધિકારીઓને આવી પ્રવૃત્તિ સાથે સંકળાયેલ શખ્સો અંગે માહિતી મેળવવા ખાનગીમાં સુચના આપવામાં આવેલ તથા તમામ પોલીસ સ્ટેશનનાં સર્વેલન્સ સ્ટાફ તથા ક્રાઈમ બ્રાંચ જૂનાગઢ પાસેથી આવી પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા શખ્સોની ખાનગી યાદી તૈયાર કરવામાં આવેલ. જે અનુસાર આ શખ્સો ઉપર છેલ્લા ઘણા દિવસથી ક્રાઈમ બ્રાન્ચ તથા સર્વેલન્સ સ્ટાફ મારફતે વોચ રાખવામાં આવેલ હતી. આ શખ્સો કયા સમયે ? કયા સ્થળે ? આવી પ્રવૃતિઓ કરી રહયા છે તેની ગુપ્ત માહિતી તૈયાર કરવામાં આવેલ હતી. અને તા. ૨૮-૬-૨૪ના રોજ પોલીસ અધિક્ષક જૂનાગઢની કચેરી તરફથી ખાનગી પત્ર દ્વારા આ ડ્રાઈવની જવાબદારી તમામ થાણા અધિકારીઓને તથા ક્રાઈમ બ્રચને સોંપી તેનું સુપરવીઝન સંબંધિત વિભાગીય પોલીસ અધિકારીઓ મારફત કરવામાં આવેલ.

આ એક દિવસ ડ્રાઈવ દરમ્યાન નાણા ધીરનારની પ્રવૃત્તિ કરતા કુલ ૯૯ શખ્સોને ચેક કરી, નાણા ધીરધાર અધિનિયમ-૨૦૧૧ની કલમ ૪૦, ૪૨ (એ), ૪૨ (ડી) વગેરે મુજબ જીલ્લાનાં અલગ અલગ પોલીસ સ્ટેશનમાં કુલ ૨૭ ગુનાઓ દાખલ કરી નાણા ધીરધાર અંગેનું સાહિત્ય કબ્જે કરવામાં આવેલ છે. જેમાં એ ડીવીઝનમાં ૩ કેસ ૪ આરોપી, બી ડીવીઝનમાં ૨ બે કેસ ૭ આરોપી, સી ડીવીઝનમાં ૨ કેસ ૨ આરોપી, જૂનાગઢ તાલુકામાં ૩ કેસ ૩ આરોપી, વિસાવદરમાં ૧ કેસ ૧ આરોપી, મેંદરડામાં ૧ કેસ ૧ આરોપી, બિલખામાં ૨ કેસ ૨ આરોપી, કેશોદમાં ૬ કેસ ૯ આરોપી, માણાવદરમાં ૧ કેસ ૧ આરોપી, બાંટવામાં ૧ કેસ ૧ આરોપી, માંગરોળમાં ૨ કેસ ૨ આરોપી, શીલમાં ૧ કેસ ૧ આરોપી, ચોરવાડમાં ૧ કેસ ૧ આરોપી, માળીયામાં ૧ કેસ ૧ આરોપી મળી કુલ ૨૭ કેસમાં ૩૬ આરોપીની ધરપકડ કરવામાં આવેલ છે.

આ તમામ ગુનાઓ પોલીસ દ્વારા સરકાર તરફે સામેથી દાખલ કરી અસરકારક કાર્યવાહી કરવામાં આવેલ છે. આ સમગ્ર ડ્રાઈવ દરમ્યાન કુલ ૩૮ કેસોમાં વ્યાજખોરીનાં કુલ ૨૭ કેસો કરવમાં આવેલ તેમજ સદરહુ રેડમાં જુદા જુદા કેસોમાં ગુના નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે. તેમજ જાહેર સુચના આપી છે કે લાયસન્સ વગર વ્યાજનો ધંધો કરવો એ કાયદા વિરૂધ્ધની ગેરકાયદેસર પ્રવૃત્તિ છે. લાયસન્સ વગર ગેરકાયદેસર વ્યાજખોરી કરતા શખ્સો વિરૂધ્ધ અવાર નવાર કડક કાર્યવાહી કરવામાં આવશે. જેમાં કબ્જે કરવામાં આવેલ સાહિત્યમાં કોરા ચેક ૧૫૭, ડાયરીઓ ૩૦, આરસી બુક ૨૧, જમીન મકાનનાં દસ્તાવેજો ૪, હકકપત્રો ૪, પ્રોમીશનરી નોટ ૩, વાહનો ૧ મળી કુલ ૨૨૦ સાહીત્ય કબ્જે કરેલ છે. આ કેસમાં ઝડપાયેલ

## કુલ ૩૮ ગુના દાખલ : ૯૯ શખ્સો સામે કાર્યવાહી

આરોપીઓમાં વિશાલ કિશોરભાઈ માંડવીયા (જૂનાગઢ), રહીમાબેન ઉર્ફે સીમાબેન સોરઠીયા (જૂનાગઢ), શબ્બીર ઉર્ફે લેવલબાપુ (જૂનાગઢ), અરૂણભાઈ જીણાભાઈ દયાતર (જૂનાગઢ), અર્જુનભાઈ ગોરધનદાસ ગોસ્વામી (જૂનાગઢ), ધીરૂભાઈ કારાભાઈ સીંધવ (ધંધુસર), ભરતભાઈ હરીયાણી સીંધી (ભાવનગર), જેઠાભાઈ મેર (ધંધુસર), આકાશ હરવાણી સીંધી (જૂનાગઢ), પ્રતાપભાઈ મેર (જૂનાગઢ હાલ રાજકોટ), ચંદ્રકાંતભાઈ ઉર્ફે લાલો જેન્તીભાઈ અગ્રાવત (જૂનાગઢ), કૌશિકભાઈ ઉર્ફે બાબા ધીરૂભાઈ કાલાવાડીયા (જૂનાગઢ), અજયભાઈ સાજણભાઈ હુણ (જૂનાગઢ), કરમણભાઈ લખમણભાઈ ખંભલા (સાબલપુર), નિલેશભાઈ લખમણભાઈ હુણ (વધાવી), ધીરજલાલ હરીભાઈ કાછડીયા (વિસાવદર), બાધાભાઈ ઉગાભાઈ જળુ (માલણકા), રાજેશ ઉર્ફે બુધો બાવાભાઈ વકાતર (નવાગામ), નવઘણભાઈ આલીંગભાઈ વાંક (બિલખા), રવીભાઈ ભીખાભાઈ નાવદરીયા (કેશોદ), ઓઘડભાઈ રાજાભાઈ ઓડેદરા (કેશોદ), ઈશાન ભીખાભાઈ જોષી (માંગરોળ-હાલ જેલમાં), કૃષ્ણ ઉર્ફે કાના, વિક્રમભાઈ આહીર, પ્રવિણભાઈ મનસુખભાઈ વણપરીયા (કેશોદ), હાર્દિકભાઈ ગોવિંદભાઈ પોકર (કેશોદ હાલ ગોંડલ), ઘનશ્યામભાઈ દુર્લભજીભાઈ જોગી (કેશોદ), શામજીભાઈ વીઠ્ઠલભાઈ હીરાણી (કેશોદ), અશ્વિન ઉર્ફે લાદેન અરજનભાઈ પીઠીયા (માણાવદર), કિશોર ઉર્ફે ભોલી ખુબચંદભાઈ પોપટ (બાંટવા), ગોપાલભાઈ બાલુભાઈ વાળા (છાપરી-વેરાવળ), હાર્દિક (કુકસવાડા), કિશોરભાઈ ચુડાસમા (પંચાળા-કેશોદ), જય માધવાણી ફાઈનાન્સવાળા રાહુલભાઈ રામાભાઈ ચાવડા, જીતમાલભાઈ બાવલાભાઈ આછડીયા (વડાળા-મા. હાટીના), વિનેશ સોનાજીભાઈ ધામેચા (જૂનાગઢ), ભરત મેરામણભાઈ મકવાણા (જૂનાગઢ), ચેતન ઉર્ફે દેવો કનૈયાલાલ વાસવાણી (જૂનાગઢ), રવીભાઈ ઉર્ફે એચ.કે. શ્રીચંદભાઈ પારવાણી (ગાંધીનગર), પ્રકાશ ઉર્ફે પકકો કારાભાઈ હડીયા (કેશોદ), નિલેશ દરબાર (કેશોદ), ગાંગાભાઈ રાણાભાઈ ઓડેદરા (કેશોદ), વિક્રમભાઈ કારાભાઈ મરઢ (અગતરાય), હરસુખભાઈ બાવાભાઈ વાઘોરા (કણજાધાર), હાજર નહી મળી આવનાર અમીનભાઈ મકાભાઈ લાડક (શાપુર), રૂપેશ કારાભાઈ ભરડા (શીલ)નો સમાવેશ થાય છે.

# ધોધમાર વરસાદ વચ્ચે નરસિંહ મહેતા સરોવર ઉપર રોડનું કામ કર્યુ !



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૯

પ્રોજેકટ અંતર્ગત તળાવ સંકુલમાં અલગ અલગ કામો ચાલી રહ્યા છે. હાલ તળાવની ફરતે સિમેન્ટ કોંક્રિટના રસ્તાનું કામ કરવામાં આવી રહ્યું છે. જૂનાગઢમાં હાલ ૬૦ કરોડના ખર્ચે નરસિંહ મહેતા તળાવનું બ્યુટીફિકેશન ચાલી રહ્યું છે. ત્યારે બે દિવસ પહેલા જૂનાગઢમાં પડેલા ધોધમાર વરસાદ દરમ્યાન જ બ્યુટીફિકેશનની કામગીરીમાં સિમેન્ટ ક્રોકિંટના રસ્તાની કામગીરી કરતા સવાલો ઉઠાવ્યા છે. ચાલુ વરસાદે રસ્તાનું કામ કરાતા બે દિવસમાં જ રસ્તો બેસી ગયાનો વિપક્ષે આક્ષેપ કર્યો છે. તો બીજી તરફ આ મામલે ધારાસભ્યએ પણ કમિશ્નરને આ મામલે તપાસ કરવા કહ્યું છે. જો રોડની કામગીરી નબળી થઈ હોય તો ખોદીને ફરી બનાવવા કહ્યું છે. જૂનાગઢની ઓળખ સમાન નરસિંહ મહેતા તળાવનું ૬૦ કરોડના ખર્ચે બ્યુટીફિકેશન કરવામાં આવી રહ્યું છે. જૂનાગઢ શહેરમાં બે દિવસ પહેલા વરસતા ધોધમાર વરસાદ વચ્ચે પણ તળાવ પર સીસી રોડની કામગીરી કરવામાં આવતી હોવાનો વીડિયો વાઈરલ થયો છે. જે વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થતા ૬૦ કરોડના પ્રોજેકટની કામગીરીની ગુણવત્તાને લઈ સવાલો ઉઠ્યા છે. ચાલુ વરસાદે સિમેન્ટ રોડના કામનો વીડિયો ધારાસભ્ય સંજય કોરડીયા પાસે પણ પહોંચ્યો હતો. સંજય કોરડીયએ કહ્યું હતું કે, કમિશ્નરને આ બાબતે ધ્યાન દોર્યું છે અને કહ્યું છે કે, કામ ક્વોલિટી વર્ક થવું જોઈએ. ચાલુ વરસાદે સિમેન્ટનું કામ થયા એ યોગ્ય નથી. તપાસ કરવામાં આવે જો ખરાબ હોય તો નવું કામ કરવા માટે કહ્યું છે. નરસિંહ મહેતા તળાવનું કામ ગોકળગતિએ ચાલી રહ્યું હોય ધારાસભ્ય સંજય કોરડિયા દ્વારા એક મહિના પહેલા જ સીએમને પત્ર લખી રજૂઆત કરવામાં આવી હતી. આ બાબતે ધારાસભ્યએ કહ્યું હતું કે, સ્પીડમાં કામ કરવું અને વરસાદમાં કામ કરવું એ અલગ બાબત છે. સ્પીડમાં કામ કરવાનું છે પણ વરસાદમાં કરવાનું નથી હોતું. બીજા કામો પણ થતા હોય છે ચોમાસા કઈ રીતે કામ કરવું એ કોન્ટ્રાકટર અને અધિકારીએ કાળજી રાખવાની હોય છે. અધિકારીને પગલાં લેવાના છે. કામ નિયમ મુજબ થાય તેવી સૂચના આપી છે. જયારે જૂનાગઢ મનપાના કોંગ્રેસી કોર્પોરેટર લલિત પરસાણાએ કહ્યું હતું કે, આખા ગુજરાતમાં જો ભ્રષ્ટાચારની પાઠશાળાની પર્યાય હોય તો તે જૂનાગઢ મનપા છે.

નરસિંહ મહેતા સરોવરનું કામ ચાલી રહ્યું છે તેમાં રસ્તાનુ કોંક્રિટનું કામ કરવામાં આવે છે. ચાલુ વરસાદમાં પણ સિમેન્ટનું કામ ચાલુ હતું. જેમાં બે દિવસમાં જ ભૂવા પડી ગયા છે રસ્તો બેસી ગયો છે. ધારાસભ્યએ મુખ્યમંત્રીને પત્ર લખી આ કામગીરી ધીમી થતી હોવાની રજૂઆત કરી હતી. તેના હિસાબે જે આ તાત્કાલીક કામગીરી આરંભી છે તે ઉતાવળમાં કેવી થાય તે જોઈ શકીએ છીએ. સારામાં સારી કામગીરી થવી જોઈએ તેના બદલે લોટમાં લીટા તાણવા જેવી કામગીરી થઈ રહી છે. ધારાસભ્ય મુલાકાત લે અને પગલાં લે તેમ જણાવ્યું હતું.

# વોર્ડ નં. ૧૦માં ખાડાઓનું સામ્રાજય : વૃધ્ધ મહિલા ખાબકતા હોસ્પીટલમાં દાખલ



જૂનાગઢ તા. ૨૯

જૂનાગઢ શહેર હવે ખાડાગઢ બની ગયું છે. તેની પ્રતિતિ સમગ્ર શહેરનાં નાગરીકોને થઈ રહી છે. ઉપરોકત તસ્વીર જૂનાગઢ મનપાનાં ડે. મેયર ગિરીશ કોટેચાનાં વોર્ડ નં. ૧૦ની છે જેમાં ઠેર ઠેર ખાડાઓનું સામ્રાજય વ્યાપેલું છે. રસ્તાઓ ગોત્યા જડતા નથી. રાહદારીઓ અને વાહનોને ચાલવામાં પારાવાર મુશ્કેલી પડી રહી છે. આજે બનેલી એક ઘટનામાં વોર્ડ નં. ૧૦ ડે. મેયરનાં વોર્ડમાં ભુગર્ભ ગટરની કામગીરી સબબ ખાડા ખોદવામાં આવ્યા છે. જેમાં અંબીકા ચોક સ્થિત અમૃત ગોલાવાળાની દુકાનની બાજુમાં આવેલ નજરમહમદ લેનની ગલીમાં બનેલી ઘટનામાં એક વયોવૃધ્ધ મહિલા ઉપરોકત ખાડામાં પડતાં તેમને ઈજા પહોંચી હતી. અને થાપાનો ગોળો ભાંગી ગયો હોવાનું જાણવા મળે છે. મહિલાને સારવાર માટે ખાનગી હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હોવાનું જાણવા મળેલ છે. જૂનાગઢ મનપાનાં શાસકો અને ભાજપનાં પદાધિકારીઓ એટલા જાડી ચામડીનાં બની ગયા છે કે અખબારોમાં જૂનાગઢ શહેરનાં માર્ગો અંગે પાનાઓ ભરીને અહેવાલો પ્રસિધ્ધ થઈ રહયા છે. પરંતુ નિંભર તંત્રને તેની કોઈ અસર થતી નથી.

વરસાદની સીઝનમાં જ જૂનાગઢ મનપાનાં શાસકોને ભુગર્ભ ગટરનાં નામે ખાડા ખોદવાનું સુરાતન ચડયું છે. તેનો ભોગ નિર્દોષ પ્રજાજનો બની રહયા છે. અને દરરોજ ખાડામાં પડવાનાં સંખ્યાબંધ બનાવો નોંધાય છે. અને રાહદારીઓ ઈજાગ્રસ્ત થઈ રહયા છે.

# વિસાવદરના ચાપરડા નજીક કાર-જીપ વચ્ચે અકસ્માત : મહિલાનું મોત

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૯

વિસાવદર તાલુકાના ચાપરડા નજીક જીપ અને કાર વચ્ચે અકસ્માત થતા એક મહિલાનું મોત થયું હતું. જયારે બે વૃધ્ધ અને એક તરૂણને ઈજા થતા સારવારમાં ખસેડાયા હતા. આ અંગે જાણ થતા પોલીસે ઘટના સ્થળે જઈ વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

આ અંગેની વધુ વિગત મુજબ, જૂનાગઢ-વિસાવદર રોડ ઉપર ગઈકાલે બપોર બાદ એક કાર જૂનાગઢથી વિસાવદર તરફ જઈ રહી હતી ત્યારે સામેથી આવતી જીપ સાથે કાર અથડાઈ હતી. જેમાં જૂનાગઢના અનિતાબેન ધીરૂભાઈ પરમાર (ઉ.વ.૫૨)નું મોત થયું હતું. જયારે દેવેન્દ્રભાઈ મંગાભાઈ (ઉ.વ.૭૨), પ્રશાંતભાઈ લાખાભાઈ (ઉ.વ.૬૦) અને પાર્થ હરેશભાઈ (ઉ.વ.૧૪)ને ઈજા થઈ હતી. ત્રણેય ઈજાગ્રસ્તોને વિસાવદર સરકારી હોસ્પિટલમાં ખસેડાયા હતા. આ અકસ્માતમાં બંને વાહનના આગળના ભાગનો બુકડો બોલી ગયો હતો. આ અંગે જાણ થતા પોલીસે ઘટના સ્થળે જઈ વધુ કાર્યવાહી હાથ ધરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે વિસાવદર ચાપરડા રોડ પર અનેક ભયજનક વળાંક આવે છે. અને વારંવાર અકસ્માતનાં બનાવો બને છે. આ માર્ગ એકસીડન્ટ પ્રોન ઝોન બની ગયો છે.

# જૂનાગઢ માર્કેટિંગ યાર્ડમાં શાકભાજીના વેપારી ઉપર બે શખ્સોનો હુમલો



(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૯

જૂનાગઢ માર્કેટીંગ યાર્ડમાં શાકભાજીના વેપારી ઉપર બે શખ્સોએ હુમલો કર્યાની ફરિયાદ પોલીસ દફતરમાં નોંધાઈ હતી. જૂનાગઢના હરિઓમ નગરમાં રહેતા અને માર્કેટિંગ યાર્ડમાં શાકભાજીનો વેપાર કરતા અરજણદાસ ઝુલવાણીએ શુક્રવારની સવારે પાંચ વાગ્યે યાર્ડમાં હતા ત્યારે તેમની પાસે શાકભાજીનો થડો ધરાવતા અકતર હાસમ કચરા અને અલ્ફેઝ અલ્તાફ કચરાને તમારી શાકભાજી તમારી બાજુમાં લઈ લો તેમ કહેતા બંને શખ્સે ઉશ્કેરાઈ જઈને જય જુલવાણી સહિત સાહેદો ઉપર હુમલો કર્યાની ફરિયાદ એ ડીવીઝન થાણે જયકુમાર જુલવાણીએ નોંધાવતા વધુ તપાસ પોલીસ હેડ કોન્સ્ટેબલ કરમટાએ હાથ ધરી છે.

પ્લોટ વેચવાના છે
RSP No.77. ચોબારી
વૃજભુષન-૧,
પ્લોટ નં.૧૧,૧૨,૧૩ કુલ ચો.મી. ૩૩૬
મો. ૯૯૯૮૯ ૮૭૦૧૦
સાઈટ જોવા માટે મો. નં. ૯૯૦૯૬ ૯૧૦૩૩
રવિવારે ૯ થી ૧૦ સુધીમાં

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એકસચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
MI-GL
બીના ઈલેક્ટ્રોનિક્સ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.